# નરસિંહ મહેતા

ડૉ. દર્શના ધોળકિયા

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

હરિ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મદર્શન
પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત
સંતદર્શન શ્રેણી-૧૧

# નરસિંહ મહેતા

ડૉ. દર્શના ધોળકિયા

સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

**Narsinh Mehta**
**by Darshana Dholakiya.**

સંસ્કરણ : પ્રથમ, ફેબ્રુઆરી, ૧૯૯૪

નકલ : ૭૫૦

મૂલ્ય : રૂ. ૪૬/-

© સરદાર પટેલ યુનિવર્સિટી

યોજનાદાન : હરિ ૐ આશ્રમ, નડિયાદ.

પ્રાપ્તિસ્થાન : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
રતનપોળનાકા સામે,
ગાંધીમાર્ગ, અમદાવાદ—૩૮૦ 001

પ્રકાશક : ચંદ્રકાન્ત પટેલ,
કુલસચિવ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર—૩૮૮ ૧૨૦

મુદ્રક : યુનિવર્સિટી પ્રેસ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર—૩૮૮ ૧૨૦

## અર્પણ

ગુરુબંધુઓ

સુધાકર-હરેશને,

જેમને ખભે બેસીને દૂર જોઈ શકવાનો ગર્વ કેળવી બેઠી

# આમુખ

નિરાળું જીવન, કવન અને દર્શન ધરાવતા ભક્ત કવિ નરસિંહ મહેતા ગુજરાતમાં દંતકથારૂપ (લિજેન્ડરી ફિગર) બની ગયા છે. એમના જીવન અને કવનાના કોયડાઓ ઉકેલવા માટે આપણી ગઈ પેઢીના વિદ્વાનોએ મથામણ કરી છે. આજની પેઢીનાં ડૉ. દર્શના ધોળકિયા જેવા અભ્યાસીને પણ નરસિંહનું જીવન અમે કવન આવાહન કરી રહ્યું છે. સંશોધકની તથ્યમૂલક અને પર્યેષકની સમીક્ષકદષ્ટિએ ડૉ. દર્શના ધોળકિયાએ તૈયાર કરેલું આ પુસ્તક એની ગવાહી પૂરે છે. નરસિંહ મહેતાના જીવન અને વ્યક્તિત્વ વિશે ડૉ. દર્શનાએ 'નરસિંહ ચરિત્રવિમર્શ' નામે એક મહાનિબંધ લખ્યો છે. એ નિમિત્તે સમગ્ર નરસિંહ મહેતા વિશે તાજા અભિગમથી એમણે અધ્યયન કર્યું છે. એમની આવી અભ્યાસ સજ્જતાનો લાભ ગુજરાતી વાચક સમુદાયને મળે તે હેતુસર આ ગ્રંથશ્રેણીના ધ્યેયને અનુરૂપ પુસ્તક તૈયાર કરવાનું આમંત્રણ એમને પાઠવાયું હતું. તેનું સુફળ તે આ પુસ્તક. આ પુસ્તકમાં સાડા પાંચસો વર્ષ પૂર્વે થયેલા નરસિંહની કવિતાની સાંપ્રત સમયસંદર્ભમાં પણ કેવી પ્રસ્તુતતા છે તે સ્પષ્ટ થયું છે. નરસિંહ મહેતાની કીર્તિ જેના પર અવિચળ છે તેવાં જ્ઞાન અને ભક્તિનાં એમનાં કેટલાક ચૂંટેલા પદોનો સંચય આ પુસ્તકની ઉપયોગિતામાં વધારો કરે છે.

હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મદર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત સંતો વિશેની ગ્રંથશ્રેણીમાં આ પુસ્તક પ્રગટ થઈ રહ્યું છે. આવી લોકોપયોગી તેમજ સંસ્કારવર્ધક પ્રકાશનમાળા શક્ય બનાવવા બદલ હરિઃ ૐ આશ્રમની સરદાર પટેલ યુનિવર્સિટી આભારી છે. ડૉ. દર્શના ધોળકિયા એ અમારું આમંત્રણ સ્વીકાર્યું તે બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરી, આ પુસ્તકને આવકારું છું.

આ ગ્રંથનું આયોજન થયું ત્યારે ગ્રંથશ્રેણીની સલાહકાર સમિતિના સભ્ય તરીકે હંમેશાં સક્રિય રસ લેનાર મહામના એચ. એમ. પટેલ આપણી વચ્ચે ઉપસ્થિત હતા. આજે તેઓ આપણી વચ્ચે નથી. શ્રી પટેલ સાહેબને આ આ પુસ્તકરૂપે હું શ્રદ્ધાસુમન અર્પણ કરું છું.

વલ્લભ વિદ્યાનગર
તા. ૨૧–૨–૧૯૯૪

દિલાવરસિંહ જાડેજા
કુલપતિ



# નરસિંહ મહેતા

'સકળ તીરથ તેના તનમાં રે.'

# ભાવસ્પંદ

અખિલ બ્રહ્માંડમાં શ્રીહરિને જોતા ગુજરાતના મહાન સંતકવિ નરસિંહ મહેતા સાથેનું અનુસંધાન તો ઋષિનાં કુળ ને નદીનાં મૂળની જેમ અપ્રગટ રહીને વર્ષોથી હૃદયગુહામાં બીજરૂપે પડેલું. એ ધરબાયેલા બીજને મારા માર્ગદર્શક પ્રો. જયંત કોઠારીએ પીએચ. ડી.ના અભ્યાસ નિમિત્તે અંકુરિત કરીને ઉછેર્યું. પરિણામે નરસિંહનાં આત્મચરિત્રાત્મક કાવ્યોની અધિકૃતતા વિશેનો અભ્યાસ કરવાની તક મળી.

આ અભ્યાસના સંદર્ભે નરસિંહનાં પાંચ આત્મચરિત્રાત્મક કાવ્યો— 'હૂંડી', 'કુંવરબાઈનું મામેરું', 'શામળદાસનો વિવાહ', 'હારમાળા' ને 'ઝારીનાં પદો'ની અધિકૃતતા વિશે શંકા પ્રગટ કરવાનું થયું. ગુજરાતી સાહિત્યના ઘણા વિદ્વાનો મધ્યકાલીન સંતોની કૃતિઓનાં કર્તૃત્વની ફેરવિચારણા કરવાની જરૂરિયાત અંગે એકસૂરે વિચારી રહ્યા છે ને એ વિચાર સાચો પણ છે. આ દૃષ્ટિએ મારા પીએચ. ડી.ના અભ્યાસમાં નરસિંહની આત્મચરિત્રને લગતી કૃતિઓને તાર્કિક અભિગમથી જોવાનો પ્રયત્ન કર્યો હતો.

નરસિંહ વિશેના આવા સંશોધનાત્મક અભ્યાસ પછી પણ એક પ્રકારનો અસંતોષ રહ્યા કરતો હતો. આત્મચરિત્ર સિવાયની નરસિંહની મનાતી કૃતિઓમાં પણ એમનાં પદો — જે આજે પણ લોકજીભે ને હૃદયે વિશેષ સ્થાન ધરાવે છે એ પદો વિશે રસદર્શનાત્મક અભિગમથી કામ કરવાની ઉત્કટ ઈચ્છા વારંવાર થયેલી. એ ભાવસ્પંદનો ઝિલાઈ શકે એવી તક શ્રી સરદાર પટેલ યુનિવર્સિટી તરફથી મળતાં 'દોડવું'તું ને ઢાળ મળ્યો' જેવી મારી સ્થિતિ થઈ, જેનો મને અપાર હર્ષ છે.

પ્રથમ વાર એક સંત વિશે આ રીતે કામ કરવાની હામ ભીડી શકી છું એના મૂળમાં મારી નરસિંહ—અભિમુખતાને સંકોરનાર મારા માર્ગદર્શક પ્રો. જયંત કોઠારી પાસે ગાળેલી ક્ષણો છે. સાહિત્યપદાર્થનો પહેલવહેલો પરિચય કરાવનાર મારા પ્રાધ્યાપક ડૉ. ધીરેન્દ્ર મહેતાનાં માર્ગદર્શક સૂચનોએ લેખનની શિસ્ત શીખવી છે. મુ. શ્રી રમેશભાઈ સંઘવી તેમ જ મોટા ભાઈ હરેશની મૂક પ્રેરણાનો સતત સાથ મળ્યો છે.

આ લેખન દ્વારા મરમી માનવગુરુ નરસિંહને તલસ્પર્શી રીતે જોવાનો મને લહાવો મળ્યો એની સહૃદયો સમક્ષ લહાણ કરતાં અનુભવાતો આનંદ મૂક બનાવી દે છે. આ માટે શ્રી સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. દિલાવરસિંહ જાડેજા તેમ જ સર્વ આયોજકોની હૃદયપૂર્વક ઋણી છું.

દર્શના ધોળકિયા

ન્યુ મિન્ટ રોડ,
રિગલ ટાઈપ સામે,
ભુજ–કચ્છ – ૩૭૦ ૦૦૧

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિષય | પૃષ્ઠ નંબર |
| --- | --- | --- |
| ૧. | નરસિંહના સમયનો સાંસ્કૃતિક પરિવેશ | ૧ |
| ૨. | નરસિંહનું જીવન | ૬ |
| ૩. | નરસિંહનું કવન | ૨૦ |
| ૪. | નરસિંહનો શૃંગાર | ૩૭ |
| ૫. | નરસિંહની ભક્તિ | ૪૮ |
| ૬. | નરસિંહનું તત્ત્વજ્ઞાન | ૫૮ |
| ૭. | નરસિંહની કવિતા | ૬૮ |
| ૮. | નરસિંહનું દર્શન | ૮૦ |
| ૯. | નરસિંહ અને સાંપ્રત સમયસંદર્ભ | ૮૯ |
| | **પરિશિષ્ટ** | |
| | પરિશિષ્ટ : ૧ નરસિંહ મહેતા અને પરંપરાના કવિઓ | ૯૨ |
| | પરિશિષ્ટ : ૨ નરસિંહ મહેતાના કેટલાક ચૂંટેલા પદો | ૯૬ |
| | સંદર્ભ સૂચિ | ૧૧૦ |

# ૧. નરસિંહના સમયનો સાંસ્કૃતિક પરિવેશ

નરસિંહનો સમય એટલે ઈસવીસનની પંદરમી સદી. ગુજરાતી ભાષા ત્યારે એના પહેલા તબક્કામાંથી પસાર થઈને બીજા તબક્કામાં પ્રવેશ કરી રહી હતી. આપણા અભ્યાસની સગવડ ખાતર એ સમયના બે ભાગ પાડવામાં આવ્યા છે : પ્રાગ્—નરસિંહયુગ ને નરસિંહયુગ. આ સમગ્ર ગાળાના ગુજરાતી સાહિત્યની કેટલીક આગવી લાક્ષણિકતાઓ રહી છે. એ જમાનાનું સાહિત્ય મુદ્રણકળાના અભાવે કંઠોપકંઠ પરંપરામાં સચવાયું; આ સાહિત્ય મુખ્યત્વે પદ્યમાં રચાયું; સાહિત્યના વિષય તરીકે કેન્દ્રસ્થાને ધર્મ રહ્યો. આથી જ તો આ યુગના સાહિત્ય પર ઊછળતા જીવનનું કચ્ચરિયું કરવાનો આક્ષેપ શ્રી કનૈયાલાલ મુનશીએ મૂક્યો. તેમને મતે મધ્યકાળના સાહિત્યકારો મૃત્યુના પયગંબરો બની રહ્યા. આ સાહિત્યકારોએ ઈહલોકના જીવનને બદલે પરલોકના જીવન પર ભાર મૂક્યો. આથી આ સમયના સાહિત્યમાં શ્રી મુનશીને જીવનના ઉલ્લાસનો અભાવ વરતાય છે.*

શ્રી મુનશીનું મધ્યકાલીન સાહિત્યકારો વિશેનું આ વિધાન આંશિક રીતે સત્ય છે, સર્વાંશે નહીં. આ વિધાનને આંશિક રીતે સાચું કહેવાનું થાય છે એના મૂળમાં મધ્યકાળનો સાંસ્કૃતિક પરિવેશ રહેલો છે. એ જમાનાના સમર્થ વિચારકો એવા સંતોને કવિતામાં, સાહિત્યમાં ધર્મના તત્ત્વનો ટેકો શા માટે લેવો પડયો ? સમગ્ર ભારતમાં એક સાથે ક્રાન્ત–દર્શન કરતું શાંત આંદોલન કેવી રીતે ઉદ્ભવ્યું ? ૧૧મી—૧૨મી સદીથી માંડીને અઢારમી સદી સુધીના ૭૦૦—૭૫૦ વર્ષના ગાળામાં જુદી જુદી જગાએ થયેલા વિદ્વાન વિચારકો ને ભક્તોના મતમાં આટલું ઐક્ય, આટલી સમાનતા કેમ વરતાયાં એ તપાસવા માટે મધ્યકાળના સમસ્ત ભારતની ભૂમિકા તપાસવી આવશ્યક બને.

શ્રી ઉમાશંકર જોશી નોંધે છે તેમ, આ બધું અકસ્માત બન્યું નથી. બૌદ્ધ ધર્મે જનસમાજને સરળ ધર્મચર્યા ને ભેદરહિતતા તરફ વાળ્યો હતો. એ જ કામ આ યુગના સંતો માટે ફરીથી આવી પડયું.+ બૌદ્ધ ધર્મની શિકસ્ત પછી

---

* અર્વાચીન સાહિત્યનો પ્રધાન સ્વર 'જીવનનો ઉલ્લાસ'—આદિવચનો ભા. ૧

\+ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ–ગ્રંથ–૨ (પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ) માં 'નરસિંહ મહેતા' એ લેખ (પૃ. ૭૯)

પ્રચારમાં આવેલા બ્રાહ્મણધર્મમાં બુદ્ધિવાદનું પ્રાચુર્ય હતું. શૈવ, વૈષ્ણવ કે શાક્ત માર્ગીઓ પણ આ ગાળા દરમિયાન પોતપોતાની રીતે ધર્મનો અર્થ કરી રહ્યા હતા. આ બધા માર્ગોમાં ભક્તિ કરતાં ક્રિયાકાંડોનું મહત્ત્વ વધારે હતું. આ માર્ગો પ્રજા માટે ખાસ દિશાસૂઝ આપનારા કે પ્રકાશનો માર્ગ બતાવનારા ન બની શક્યા, કારણ કે એના કહેવાતા ધારકોમાં પ્રતીતિનાં તત્ત્વનો અભાવ વરતાતો હતો. જ્ઞાન, ધર્મ વગેરે વિશેના ખ્યાલો જડત્વમાં બંધાયેલા હતા તેથી આમસમાજનાં હૃદય સુધી એનો વ્યાપ પહોંચી શકે તેમ ન હતો. એમાં રહેલાં સ્થૂળતા, દંભ વગેરે તત્ત્વો ખૂંચે એટલી હદે પ્રચુર હતાં.

આ દરમ્યાન વળાંક બિન્દુ કહેવાય એવી ઘટના ઘટી—ઈસ્લામનું આક્રમણ. આ આક્રમક શાસનના ઘણા ગેરફાયદાની સામેના કેટલાક ફાયદાઓમાંનો એક તે ભારતમાં સંતમતના પ્રચારને મળેલો વેગ, ભક્તિ આંદોલનનો જન્મ ને વ્યાપક પ્રસાર. આ ધર્મના જમા પાસામાં ગણાવી શકાય એવા તેના એકેશ્વરવાદ, મનુષ્યમાત્ર પ્રત્યે સમાનતા જેવા ગુણોએ સંતમતને વિશેષ ટેકો આપ્યો. અત્યાર સુધી ખંડખંડ રહેલી હિંદુ પ્રજાને અનિવાર્યપણે એક થવાનો મોકો ઈસ્લામે આપ્યો. પરદેશી શાસનથી દુભાયેલી હિંદુ પ્રજાએ કોઈક બળ શોધવાનું હતું; એને આધારે ટકી રહેવાનું હતું. પાછી આ પ્રજા સમય—સંજોગના કારણે કૂપમંડૂક હતી; અભણ હતી. આ પ્રજાને ઊભી કરવાનું, તેમાં પ્રાણ પૂરવાનું, તેનાં પુરાણાં મૂલ્યોના મૂળમાં ઘા કરીને ક્રાન્તિ સર્જવાનું ને એ રીતે પ્રજાના સુહૃદ તરીકે આગળ આવવાનું કામ મધ્યકાળના સંતોએ ઉપાડી લીધું.

દેખીતી રીતે જ આ સંતોનું કામ ઘણું દુષ્કર હતું. આવી કપરી પરિસ્થિતિમાં પ્રજાની ચેતનાશગ સંકોરવાની હતી, એનામાં જીવનાભિમુખતા કેળવીને ટકાવી રાખવાની હતી ને એ માટેનું જે સાધન હતું એ પાછું ધર્મનું હતું જે જીવનની વિમુખતાનો વહેમ જગવે. થોડા સમય પહેલાં જ થઈ ગયેલા બુદ્ધ અને મહાવીરના જીવન પ્રત્યેની તટસ્થતાના સિદ્ધાંતો અહીં કામ લાગે એમ ન હતા. આથી, આ સંતોએ ધર્મને નવી જ રીતે પ્રબોધ્યો. ગાંધીજીએ જેમ પર્વત જેટલાં પુરાણાં સત્ય—અહિંસાનાં મૂલ્યોને નવી રીતે ચીંધ્યાં હતાં તે જ યુગધર્મ આ સંતોએ પોતાના સમયમાં પાળ્યો. આ સંતોએ સૌ પ્રથમ તો ધર્મની વિભાવનાનું સરલીકરણ કર્યું—ભક્તિમાર્ગના પ્રચાર દ્વારા. શૈવ અને વૈષ્ણવ ભક્તિમાર્ગનો પ્રચાર કરીને તેમણે લોકોને જગાડ્યા. ધર્મનો સંબંધ આ સંતોએ હૃદય સાથે સાંકળીને ભક્તિનો માર્ગ નીચલામાં નીચલા થર

માટે પણ ખુલ્લો કરી આપીને ધર્મની આસપાસ ખોટી રીતે ફેલાયેલું રહસ્યનું જાળું દૂર કર્યું તેમ જ આ કાર્ય દ્વારા ધર્મ તેમ જ સંતસમાજનો વ્યાપ પણ સિદ્ધ કર્યો.

આ કામ સૌ પ્રથમ દક્ષિણ ભારતના સંતો દ્વારા થઈ શક્યું, કારણ કે દક્ષિણ ભારતમાં એકંદરે રાજકીય સ્થિરતા જળવાયેલી હતી. આઠમીથી દસમી સદી સુધીના બસો વર્ષના ગાળામાં દક્ષિણ ભારતના આળવાર સંતો જેવા કે સુંદરર, આણ્ડાલ, માણિકકવાચકર વગેરેએ શિવભક્તિનો પ્રચાર કર્યો.

આ પછી દક્ષિણ ભારતમાં જ અગિયારમી સદીના આરંભમાં જન્મેલા મહાન આચાર્ય રામાનુજે ભક્તિને વિશે આગવો ખ્યાલ પ્રવર્તાવ્યો. ભક્ત ભગવાનના મિલન કરતાં બંનેની સહોપસ્થિતિનો ખ્યાલ તેમને વધારે રુચ્યો.

આ સંતો સમાજ સોંસરવા ઊતર્યા, તેથી જ તેમણે જ્ઞાતિ, વ્યવસાય, વય, લિંગ જેવો ભેદભાવ વર્જ્ય ગણીને ભક્તિમાર્ગમાં સમાનતાના ખ્યાલને વ્યાપક બનાવ્યો. ધ્યાન–યોગ–જપ–તપ–યજ્ઞ–યાગ જેવી ક્રિયાઓને બદલે હૃદયની સરળતા, આત્મપ્રતીતિ જેવાં આંતરતત્ત્વોનું મહત્ત્વ આંક્યું. નામસ્મરણ ને પ્રાર્થનાનો મહિમા કર્યો ને આ રીતે સહજ સાધનાની કલા શીખવી.

ઉત્તર ભારતમાં આ કાર્ય રામાનંદે કર્યું. જન્મે બ્રાહ્મણ એવા રામાનંદે પ્રથમ અદ્વૈત સિદ્ધાંતનો પ્રચાર કર્યો ને પછીથી ત્યાગની મહત્તા ગાઈ. કૃષ્ણ-ભક્તિના જુવાળના એ સમયમાં તેઓ રામભક્ત હતા; પણ એ નોંધવું જોઈએ કે આ સંતોને રામ—કૃષ્ણ—શિવ વચ્ચે કોઈ તાત્ત્વિક ભેદ વરતાયો નહોતો. રામાનંદે પણ ચારેય વર્ણના લોકોને પોતાના શિષ્ય તરીકે સ્વીકારીને ક્રાન્તિ સર્જી. તેમના બાર શિષ્યોમાં કબીર વણકર, રૈદાસ મોચી ને સેના વાળંદનો સમાવેશ હતો.

રામાનંદે પ્રગટાવેલી ભક્તિની જ્યોતને એમના પ્રખર શિષ્ય કબીરે નિજ કાન્ત દર્શનથી વધારે ઓજસ્વી બનાવી. તેમણે ક્રિયાકાંડને ઉપહસનીય ગણીને ઈશ્વર પ્રત્યેની રતિ પર વજન આપ્યું. પંડિતોની વિતંડાવાદી વૃત્તિને ઉપેક્ષીને હૃદયપૂર્વકની કોમળ ભક્તિને કબીરે અભિનંદી. કબીર પર રહસ્યવાદ ને નાથ-પંથના સિદ્ધાંતોની અસર રહી.

પંજાબમાં આ સમયગાળામાં ગુરુ નાનકે ભક્તિસ્થાપનાનું કાર્ય હાથમાં લીધું. તેમણે હિન્દુ—મુસ્લિમ ઐક્યની ભાવના સેવી. સંસાર અને ભક્તિની સહોપસ્થિતિ પણ એમણે ઇચ્છી.

મહારાષ્ટ્રમાં નિવૃત્તિનાથ, જ્ઞાનદેવ, નામદેવ, તુકારામ, સમર્થ રામદાસ જેવા સંતોએ વર્ણાશ્રમને બદલે કર્મ પર ભાર મૂકયો. ને જન્મ કરતાં કર્મનું માહાત્મ્ય ગાયું. જ્ઞાનદેવે તો પરમ યોગી રહેવાની સાથે ગોપીભાવને પણ ગાઈને સમન્વય પ્રગટાવ્યો. સમર્થ રામદાસે શિવાજીની સાથે રહીને રાજકારણ ને ધર્મનો સુમેળ સાધ્યો. તેમણે ઠેર ઠેર મઠો, મૂર્તિપ્રતિષ્ઠા વગેરે કરીને સંગઠનો ઊભા કર્યાં તેમજ સ્ત્રીઓને પણ ભક્તિમાર્ગમાં ભેળવીને પોતાના વૈચારિક અભિગમની આધુનિકતા પ્રગટ કરી.

આ સંતોના વિચારોમાં એક પ્રકારની લવચીકતા હતી. તેમણે ગુરુનો, નામસ્મરણનો ખૂબ મહિમા કર્યો. ગુરુના સ્થાનને ઈશ્વરથીયે અદકેરું ગણીને તેમનું સમ્માન કર્યું પણ એ જ ગુરુ જો પોથીપંડિત હોય તો એને અયોગ્ય ગણીને દૂર કરવાનો ઉપદેશ પણ આપ્યો. નામસ્મરણમાં પણ જો જડત્વ આવે તો એની અયથાર્થતા સિદ્ધ કરતાં તેઓ ડર્યા નહીં. આમાંના ઘણા બ્રહ્મચારી સંતોએ સ્ત્રીઓને શિષ્ય બનાવી ને સંસારી સંતોએ પણ સ્ત્રીઓને ઉપર આણવામાં જહેમતપૂર્વક રસ લીધો.

આ સંતોને માટે મુશ્કેલી એ હતી કે જે સમાજને માટે તેઓ આટલું ઝઝૂમતા હતા એ સમાજનો તેમને નબળો સાથ ને પ્રતિસાદ મળ્યો. એ સમાજની ચેતના એટલી તો કુંઠિત થઈ ગઈ હતી કે આ સંતવાણીનો જે પડઘો તેમણે પાડવો જોઈતો હતો એ પાડવામાં એ પૂરતો સફળ ન થઈ શકયો. એ પ્રજાનું એ ગજું પણ નહોતું. માટે તો કબીરને રાજ્ય તરફથી, પંડિતો તરફથી પુષ્કળ પજવણી થયેલી; નિવૃત્તિનાથ—જ્ઞાનદેવ સંન્યાસીનાં સંતાનો હોવાને કારણે તેમને સમાજનો બહિષ્કાર વેઠવો પડેલો; તુકારામને પોતાની રચનાઓ નદીમાં ફેંકવાનો વારો આવેલો; નરસિંહને નિર્ધનતા ને સંસાર પ્રત્યેની તટસ્થતાનું અપાર મૂલ્ય ચૂકવવું પડેલું. અલબત્ત, આ સંતોની તેજસ્વિતાને કારણે સમાજને તેનો સ્વીકાર તો અનિવાર્યપણે કરવો પડેલો, પણ એમ કરતાં એને સમય લાગ્યો. અને એ સ્વીકારની માત્રા પણ નહીંવત્ રહી. સંતોએ સમાજને જે આપ્યું એની કિંમત સમાજ ચૂકવી ન શકયો. જો કે, આ તો દરેક સમયના સમાજનું સામાન્ય લક્ષણ રહ્યું છે; ને આવા સમાજની વચ્ચે સંતો એમનું ઉત્તર—દાયિત્વ બજાવતા જ રહ્યા છે.

સમગ્ર ભારતના આવા સાંસ્કૃતિક પરિવેશની વચ્ચે નરસિંહ થયા છે. ને ભક્તિનો પ્રકાશ પ્રગટાવવામાં કબીર, જ્ઞાનદેવ, નાનકની સાથે ખભેખભો

મિલાવવાની હામ તેમણે પણ એક વિશેષ હેસિયતથી ભીડી છે. અલબત્ત, કદાચ નરસિંહે ઉપરોક્ત સંતો જેટલી આંદોલનાત્મક દૃષ્ટિથી પોતાના વિચારોનો પ્રચાર કર્યો નથી. કબીર, જ્ઞાનદેવ કે ચૈતન્ય જેટલા પ્રમાણમાં ભારતમાં ફેલાઈ ગયા એટલા પ્રમાણમાં નરસિંહ ફેલાયા નથી. તેનું કારણ એ પણ છે કે નરસિંહ પરિવ્રાજક સંત નથી; તેમણે ભારતયાત્રા કરી હોય એવું પણ ખાસ વરતાતું નથી. જયદેવ ને નામદેવ સિવાય બીજા કોઈ સંતોની અસર એમણે ઝીલી નથી કે કોઈને ગુરુ કર્યા નથી, કોઈ સંપ્રદાય સાથે સંબંધ બાંધ્યો નથી. આ રીતે આ સંતપરંપરાથી તેઓ થોડા જુદા પડી જતા લાગે છે. અલબત્ત, આ પરંપરાએ વર્ણાશ્રમ—અભેદ, સ્ત્રીના વ્યક્તિત્વનો સ્વીકાર, સમદૃષ્ટિ, સત્ય ને આ બધાંથી ઉપર એવા ભક્તિના તત્ત્વને જે રીત પ્રમાણ્યું એ જ પ્રતીતિના નરસિંહ પણ વાહક બન્યા.

સમાજને સુધારવાનું કર્તવ્ય નરસિંહે અંગીકાર્યું હોય એમ લાગતું નથી. તેમને એ પ્રકારના રાજકીય સંજોગોમાં મુકાવાનું પણ ખાસ આવ્યું નથી. ગુજરાત માટેનો એ સમય મુસ્લિમ શાસનનો હોવા છતાં ત્યારે એકંદરે શાંતિકાળ પ્રવર્તતો હતો. એટલે રાજકીય ઊથલપાથલના સાક્ષી થવાનું પણ નરસિંહને ભાગે આવ્યું નથી. પરંતુ આજુબાજુના સમાજમાં ચાલતા અનાચાર, દંભ, જડત્વને જોઈને તેઓ લગભગ તો દ્રવી ઊઠયા છે ને કયાંક પ્રતારણા પામ્યા છે ત્યારે કંઈક હળવાશથી ને કયારેક પુણ્યપ્રકોપ પ્રગટાવીને તેમણે લોકોને જગાડવા પૂરો પ્રયત્ન કર્યો છે ને એ રીતે આમસમાજની સેવા બજાવી છે. પણ આ કાર્યને એમણે પોતાનો કોઈ યુગધર્મ કે અપદ્ધર્મ માન્યો નથી. તેઓ શુદ્ધ ભક્ત છે. ભક્તિ કરતાં કરતાં કોઈ આક્ષેપ આવે તો એ અંગે એમને ફિકર નથી કેમ કે દામોદરની સેવાને એ સ્વધર્મ માને છે. એમ કરતાં કરતાં અનાયાસે હાથમાં આવી ગયેલા સમાજને જગાડવાનું એમનાથી બની ગયું છે. એમનું જીવનદર્શન તો ભક્તિમાં જ સમાયું છે.

આમ, ભારતમાં ને એના સંદર્ભે ગુજરાતમાં મધ્યકાળ દરમિયાન ધર્મવિચાર ફૂલ્યોફાલ્યો છે. પ્રજાને જીવનથી વિમુખ બતાવવાનો આ સાહિત્ય પર શ્રી મુનશીએ આક્ષેપ કર્યો છે એ આપણે જોયું. પણ એને વિવેકપૂર્વક રદિયો આપતાં આચાર્ય આનંદશંકર ધ્રુવે સાચું કહ્યું : "આપણા પ્રાચીન ગુજરાતી સાહિત્યનો પ્રદેશ બેશક સાંકડો હતો, કારણ કે તે સમયનું પ્રજા-

જીવન સાંકડું હતું.*'' ......આ વિશાળ રસમય વિશ્વનું પ્રતિબિંબ ઝીલવામાં આપણો આત્મા મૃત્તિકા જેવો અસમર્થ કેમ થઈ પડયો? આનો ઉત્તર મને તો એ સમજાય છે કે આપણા આત્માના ઘણા ખરા ભાગમાંથી જીવન જ જતું રહ્યું હતુ. એની અવલોકનશક્તિ લુપ્ત થઈ ગઈ હતી, એનો સંસારનો સ્વાદ મરી ગયો હતો. ગૃહ, રાજ્ય આદિ મનુષ્ય જાતિએ ઉપજાવેલી ભાવનાઓ અને સંસ્થાઓમાંથી એનો રસ ઊડી ગયો હતો, માત્ર એનો એક ભાગ કંઈક સચેત રહ્યો હતો: અને તે ધર્મ. જે સમયે આપણામાંથી બધું જીવન ગયેલું હતું તે વખતે પણ માત્ર ધર્મની નાડીમાં ચૈતન્ય ભરાઈ રહ્યું હતું અને તેથી માત્ર એ વિષયની કવિતા આપણે ત્યાં રચાયેલી જોવામાં આવે છે.+

આચાર્ય આનંદશંકરના મંતવ્યનો સ્વીકાર કરતાં શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે કરેલું વિધાન પણ આ સંદર્ભમાં સમજવું ઉપકારક થાય એવું છે : "કવિ અમુક ધર્મની કવિતા રચતો હોય અને ધાર્મિક દૃષ્ટિએ કવિતા રચતો હોય, એ બન્નેમાં બહુ મોટો ફરક છે...... ધર્મની કવિતામાં પણ અમુકતમુક સંપ્રદાયની કવિતાનું વિશ્વ તો ઘણું નાનું હોય છે. એવી સામ્પ્રદાયિક કવિતાની સરખામણીમાં આપણા સંત કવિઓની કવિતાનું વિશ્વ અલબત્ત, મોટું ગણાય... એમનું વિશ્વ એમનું આગવું, નિરાળું છે. કવિતારસિકોને દશે દિશાઓમાંથી ઊભરાતું વિશ્વ એમની કવિતામાં ન મળે તે તો દેખીતુ જ છે... ભલે સાંકડી, પણ એ અનુભવભૂમિનાં પાતાળઝરણ ફોડીને, અનુભૂતિની ગહનતા ને રહસ્યમયતા આલેખીને આપણને કાવ્યજિજ્ઞાસુઓને એમણે એમની રીતે ન્યાલ કરી દીધા છે.''*

સરળ ભાષામાં, છતાં ઉત્તમ કવિત્વ પ્રગટ કરતી આ સંતકવિઓની પ્રતીતિયુક્ત મરમી વાણીની સ્નિગ્ધતાએ એ સમયની પ્રજાને એક નવી જ તાજગી અર્પી છે. પ્રજાને જીવનથી પલાયન કરવાનું ન શીખવતાં જીવનનો બન્ને

---

* 'કાવ્યતત્ત્વવિચાર' – પૃ. ૨૮૯ (પહેલી આવૃત્તિ)

\+ ,, પૃ. ૨૮૫ ,, ,,

* 'સંદર્ભ' (સંપા. ચિમનલાલ ત્રિવેદી, જયંત કોઠારી)
'મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા' એ લેખ.

હાથે સ્વીકાર કરવાની શીખ દઈ, પ્રજાની જીવનાભિમુખતાને આગવા સંદર્ભમાં સંકોરીને પ્રજાને પુષ્ટ કરી છે.

નરસિંહ પણ આ સમયનું સંતાન હતા, તેથી સમકાલીન પરિસ્થિતિને અતિક્રમીને ભક્તિને પામી શક્યા. એમના દર્શનમાં જે સૌમ્ય પ્રભાવ, સમયની પાર જોઈ શકવાની સક્ષમ દૃષ્ટિ, ઉચ્ચ આસન પર બેસાડી શકાય એવું મનુષ્યત્વ દેખાય છે એ આ સાંસ્કારિક પરિવેશનું સીધું યા આડકતરું સુફળ છે.

## ૨. નરસિંહનું જીવન

મધ્યકાલીન ભારતીય સાહિત્યમાં જે કોઈ સંતકવિઓ થયા છે, એમનાં જીવન વિશેની ચોક્કસ માહિતી મેળવવી ખૂબ મુશ્કેલ છે. એક તો, એ જમાનાનું સાહિત્ય હસ્તલિખિત પ્રતોમાં રચાયેલું છે તેથી એ આખી સાહિત્ય પરંપરા કંઠોપકંઠ જળવાઈ છે; સ્વાભાવિક રીતે જ, આથી, એમાં સમયે સમયે વિગત-ભેદ આવતો રહે. બીજું, સંતોનું ચરિત્ર લોકોને આકર્ષતું હોય છે. કેમ કે આવાં ચરિત્રો દ્વારા લોકો દિવ્ય—જીવન પ્રત્યે અભિમુખ થતા હોય છે. સંત-ચરિત્ર એ પ્રજા માટે કોઈ ઐતિહાસિક દસ્તાવેજ નથી હોતો પરંતુ જીવનની ઉચ્ચતાની એક કથા હોય છે. આથી સંતોના ચરિત્રમાં એમનો મહિમા વધે એ રીતે ઉમેરણ થયા કરતું હોય છે. એક સંતના જીવનની ઘટના બીજા સંતના જીવન સાથે ભળી પણ જતી હોય છે. નરસિંહના જીવનની પણ ઘણી વિગતો આ રીતે નામદેવ, એકનાથ મહારાજ, ચૈતન્ય મહાપ્રભુ વગેરેનાં જીવનની ઘટનાઓ સાથે સામ્ય ધરાવે છે. આ મુદ્દાની ચર્ચા પાછળથી કરવા ધારી છે. તે પહેલાં નરસિંહચરિત્ર આપણી પાસે જે રીતે ઉપલબ્ધ છે એને ધ્યાનમાં લઈને નરસિંહનાં જીવનને તપાસીએ.

મધ્યકાલીન સંતોની બાબતમાં આગળ કહ્યુ તેમ બનવાનું ને બન્યું પણ છે. નરસિંહ વિશે પણ ઐતિહાસિક દસ્તાવેજના પુરાવાઓનો ટેકો નહીંવત્ છે તેથી એમના જીવનને એક ચોક્કસ ક્રમમાં તો જોઈ શકાય એમ જ નથી. આથી આધુનિક વિદ્વાનોને મતે સંતચરિત્રને સમયના ક્રમમાં તપાસવું જરૂરી બને છે, એટલે કે સંતચરિત્રને આલેખતી જૂની અને પછીની—એમ બે પરંપરાનો ભેદ કરીને આ કામ હાથ ધરવું જરૂરી બને.

આપણે ત્યાં નરસિંહ મહેતાના જીવન વિશે ઘણી ચર્ચાઓ થયેલી છે, જે ઘણી વિસ્તૃત અને ક્યાંક તો આક્રમક ઢંગથી થયેલી છે. આથી આ ચર્ચાઓમાં પરસ્પર વિરોધ જોવા મળે છે. ક્યાંક તો એ ચર્ચા નિષ્કર્ષ કે તારણ વિના જ અણઊકલી પણ રહી છે. આ ચર્ચાઓ માટે જે આધારો લેવામાં આવ્યા છે એ પણ વિભિન્ન છે તેમ જ પૂરતા શ્રદ્ધેય નથી. આ માટે જૂનાં નવાં સાધનોનો જે વિવેક થવો જોઈએ એનો પણ ઘણી વાર અભાવ વરતાય છે.

આથી, અહીં નરસિંહનું જીવન તપાસવા માટે જૂની અને પછીના પરંપરાનો ભેદ સ્વીકારતાં નરસિંહનું જીવન થોડું સ્પષ્ટ બને છે. આમ તો નરસિંહે પોતાના જીવન વિશેના બનાવોને એની આત્મચરિત્રાત્મક કૃતિઓમાં આલેખ્યા છે પણ આ કૃતિઓનું નરસિંહનું કર્તૃત્વ કેટલાંક કારણોસર શંકાસ્પદ જણાય છે, જેની ચર્ચા નરસિંહનાં કવનની વાત કરતી વખતે કરવા ધારી છે. આથી નરસિંહ થયા પછી દોઢેક સો વર્ષ પછી થયેલા કવિઓએ નરસિંહજીવનને જે રીતે આલેખ્યું છે એ આપણા માટે વધુ મહત્ત્વનું છે. અલબત્ત, એ ચરિત્રમાં પણ ઘણું ઉમેરણ કે ફેરફાર તો હોવાનાં જ, પણ એટલું જરૂરથી કહી શકાય કે નરસિંહ થયા પછી સો દોઢસો વર્ષ બાદ લોકોના મનમાં નરસિંહનું એક સ્પષ્ટ ચિત્ર હતું. સંત તરીકેના તેમના જીવને લોકોના મન પર ખાસ અસર પાડેલી ને એક વિશેષ વ્યક્તિત્વ તરીકે લોકમાનસે તેમનો સ્વીકાર ને આદર કરેલો.

આમ નરસિંહના જીવનને જોવા માટે આપણા પાસે જે સાધનો છે તેને ત્રણ તબક્કામાં તપાસી શકાય. નરસિંહનાં રચેલાં મનાતાં આત્મચરિત્રાત્મક કાવ્યોમાંથી પ્રગટતું નરસિંહનું જીવન, કૃષ્ણદાસથી માંડીને પ્રેમાનંદ સુધીના કવિઓએ પોતપોતાની કૃતિઓમાં આલેખેલું નરસિંહનું જીવન ને પ્રેમાનંદ પછીના કવિઓએ આલેખેલું નરસિંહનું જીવન. આ ત્રણમાંથી બીજો તબક્કો આપણા માટે અગત્યનો છે, કેમ કે કૃષ્ણદાસથી માંડીને પ્રેમાનંદ સુધીના સમયગાળા દરમ્યાન આગળ કહ્યું તેમ, લોકમાનસમાં નરસિંહના વ્યક્તિત્વની એક ખાસ છાપ ઊભી થઈ ગયેલી.

જૂની પરંપરાના આ કવિઓએ પણ નરસિંહનું જીવન કંઈ ક્રમબદ્ધ રીતે ગોઠવીને આપેલ નથી. પણ આ કવિઓએ નરસિંહ વિશે જે કંઈ માહિતી આપી છે એમાં એકંદરે વિગતભેદ ઓછો છે. એ દૃષ્ટિએ જોવા જતાં જૂની પરંપરાના કવિઓએ નોંધેલી નરસિંહ—જીવનની હકીકતોને અમુક અર્થમાં શ્રદ્ધેય ગણી શકાય. પ્રેમાનંદ પછીના કવિઓએ પોતપોતાની કૃતિઓમાં નરસિંહ-જીવનની વિગતો વિશે ઘણા ઉમેરા કે ફેરફારો કર્યા છે. નરસિંહના ચરિત્રમાં સમય જતાં ઘણું બદલાયું પણ છે. આથી નરસિંહ વિશેની માહિતી જૂની પરંપરાને આધારે જોતાં એમનું જીવન સ્પષ્ટ થાય છે, જે આ મુજબ છે :

નરસિંહ મહેતા જૂનાગઢના વતની હતા. જ્ઞાતિએ વડનગરા નાગર હતા. ક્યાંક એમને વડનગરા નાગરબ્રાહ્મણ પણ કહેવામાં આવ્યા છે. આ પરથી

એવું અનુમાન કરી શકાય કે એ સમયમાં આજે છે એ પ્રકારના નાગર, બ્રાહ્મણ ને નાગરબ્રાહ્મણના સ્પષ્ટ ભેદ નહીં પડયા હોય. એકંદરે તેઓ ભિક્ષુક નહીં પણ ગૃહસ્થ બ્રાહ્મણ હોય એવી છાપ પડે છે. એમનો કુળધર્મ શૈવ હતો પણ એમણે પોતે શિવની કૃપા પછી વૈષ્ણવભક્તિ અંગીકાર કરેલી.

નાનપણમાં જ એમણે માતા-પિતાની છત્રછાયા ગુમાવેલી ને પરિણામે ભાઈ—ભાભીના આશ્રયે રહેલા. એમણે નાગરકુળને અનુરૂપ વિદ્યા પ્રાપ્ત કરેલી નહોતી. આ કારણે ભાભીનાં મહેણાથી ગૃહત્યાગ કરવાનો પ્રસંગ પડેલો. ભક્તિ પ્રાપ્ત કર્યા પછી પણ એમણે કોઈ ઉદ્યમ કર્યાનું જણાતું નથી. હરિકીર્તન જ એમનો આજીવન વ્યવસાય રહ્યો છે.

નરસિંહ મહેતાના કુટુંબમાં ભાઈ—ભાભી સિવાય કોઈનો ઉલ્લેખ મળતો નથી. ભાઈ—ભાભી સાથેનો સંબંધ પણ પાછળથી તૂટી ગયો હોવાનું જણાય છે, કેમ કે નરસિંહના જીવનમાં બનેલા પ્રસંગો કે આપત્તિઓના સમયે ક્યાંય ભાઈ—ભાભીની ઉપસ્થિતિ દેખાતી નથી.

ગૃહસ્થાશ્રમી એવા નરસિંહની પત્ની માણેકબાઈ સુશીલ સ્ત્રી હતી. ભાભીનાં મહેણાથી ગૃહત્યાગ કરીને નરસિંહે વનમાં જઈ અપૂજ શિવલિંગને સેવ્યું જેને પરિણામે તેમને શિવનો સાક્ષાત્કાર થયો. શિવને પ્રિય એવી વસ્તુ વરદાન રૂપે નરસિંહે માગતાં શિવે તેને વ્રજની રાસલીલાનું દર્શન કરાવીને શૈવ નરસિંહને વૈષ્ણવત્વની એક અર્થમાં દીક્ષા આપી. બબ્બે ઈષ્ટદેવોના દર્શન પછી પણ નરસિંહે સંસારમાં રહીને સાધના કરવાનું સ્વીકાર્યું ને ફરી ઘેર આવ્યા. આ પછી એમણે પત્ની માણેકબાઈ સાથે ગૃહસ્થાશ્રમ માંડયો જણાય છે.

નરસિંહને એક પુત્ર શામળ ને પુત્રી કુંવરબાઈ એમ બે સંતાનો છે. આ બંને સંતાનોના જીવનમાં આવેલ પ્રસંગોને સંસારથી તટસ્થ એવા નરસિંહે પ્રેમપૂર્વક નિપટાવ્યા છે ને સંસારમાં રહેતા હોવાનું સિદ્ધ કર્યું છે. પુત્ર શામળને વડનગરના દીવાન મદન મહેતાની પુત્રી સાથે પરણાવ્યો છે. લગ્ન પછી શામળ તરત મૃત્યુ પામે છે ને વિધવા પુત્રવધૂ શ્વસુરની ભક્તિમાં સાથ આપીને જીવન નિર્ગમતી બતાવાઈ છે. પુત્ર પછી નરસિંહના પત્નીનું પણ મરણ થાય છે.

પુત્રી કુંવરબાઈનાં પણ લગ્ન થાય છે. તેના સીમંત પ્રસંગે નરસિંહને વેવાઈના ઘર તરફથી મામેરું પૂરવા આવવાનું નિમંત્રણ આવે છે. નિર્ધન

નરસિંહ માત્ર શંખ, તાળ, તુલસીપત્ર લઈને વેવાઈને ઘેર જાય છે. ભગવાનની સહાયથી આ પ્રસંગ રંગેચંગે પૂરો થાય છે.

એક વાર અજાણ્યા યાત્રાળુઓ દ્વારકા જવા માટે જૂનાગઢ હૂંડી લખાવવા આવે છે ત્યારે નાગરો એમને નરસિંહનું નામ આપી દે છે. યાત્રાળુઓ નરસિંહ પાસે હૂંડી લખાવે છે ને દ્વારકા જાય છે. નરસિંહે શામળશેઠ પર લખેલી હૂંડી પહેલાં તો દ્વારકામાં કોઈ સ્વીકારતું નથી. આ નામની કોઈ વ્યક્તિ દ્વારકામાં છે જ નહીં એવું પણ યાત્રાળુઓને કહેવામાં આવે છે. આથી મૂંઝાયેલા યાત્રીઓ વ્યાકુળતાથી દ્વારકામાં ફરે છે. ત્યાં જ ભગવાન શામળ-શેઠના રૂપમાં આવીને નરસિંહે લખેલી હૂંડીની રકમ ભરી આપે છે.

નરસિંહની વિરુદ્ધ વર્તન કરતા કેટલાક લોકોની ચઢવણીથી જૂનાગઢનો રાજા માંડલિક નરસિંહની ભક્તિની પરીક્ષા લેવા માટે હારનો પ્રસંગ યોજે છે. નરસિંહને સભામાં બેસાડીને હરિના મંદિરનાં દ્વાર બંધ કરી દેવામાં આવે છે. સવાર સુધીમાં હરિના કંઠનો હાર નરસિંહના ગળામાં હોવો જોઈએ એવી રાજાની શરત છે. નરસિંહ સભામાં આવે છે. આખી રાત પ્રાર્થના કરે છે. સવાર પડતાં સુધીમાં નરસિંહના કંઠમાં હરિકૃપાથી હાર આવી જાય છે ને નરસિંહની શ્રદ્ધાની જીત થાય છે.

જૂની પરંપરાએ પુત્રનો વિવાહ, પુત્રીનું મામેરું, હૂંડી ને હારનો પ્રસંગ એ ચાર ઘટનાઓને નરસિંહજીવનમાં બનેલા ચમત્કારો તરીકે મહત્ત્વ આપ્યું છે. એને ચમત્કાર કહેવા કરતાં નરસિંહની ઈશ્વરનિષ્ઠાના પ્રસંગો કહેવા વધુ ઉપયુક્ત જણાય છે. આ ઉપરાંત, એક વાર તરસ્યા થયેલા નરસિંહને ભગવાને સ્ત્રી વેશે આવીને પાણી પિવડાવ્યાનું તેમ જ તપ કરતા નરસિંહને ખીચડો જમાડવા આવ્યાનું પણ નોંધાયું છે.

પાછળથી શ્રાદ્ધના ચમત્કારનો પ્રસંગ દાખલ થયો છે. નરસિંહના પિતાનું શ્રાદ્ધ ભગવાને નરસિંહનું રૂપ લઈને કરી આપ્યાનું આ ચમત્કારમાં નોંધાયું છે. એક વાર કીર્તન કરવા ગયેલા નરસિંહ નાગરોની મનાઈ છતાં કીર્તન કરવા શા માટે ગયા છે એ જોવા આવેલા જ્ઞાતિજનોને નરસિંહ ઘરમાં જ દેખાય છે. તેમ જ જ્ઞાતિભોજનમાં નરસિંહને બોલાવવામાં ન આવતાં નાગરોનું ભોજન બગડી જાય છે ને નરસિંહને બોલાવવામાં આવતાં ભોજન પરિમલયુક્ત બને છે. એવા બે ચમત્કારો પણ પાછળની પરંપરાએ નોંધ્યા છે.

ચમત્કારો વિશેના આ નિરૂપણો પરથી જોઈ શકાય છે કે કોઈ પણ સંતચરિત્રની પેઠે નરસિંહના ચરિત્રમાં પણ ઉમેરો થતો ગયો છે. હૂંડી, મામેરું ને હારના પ્રસંગને પરંપરાનો વ્યાપક ટેકો છે. અન્ય પ્રસંગો ક્યાંક જ ઉલ્લેખાયા છે. પણ આ બધા ચમત્કારપ્રસંગોને નરસિંહજીવનના અનિવાર્ય ભાગ રૂપે ગણવા બહુ જરૂરી જણાતા નથી. આખરે તો આ બધા પ્રસંગોના નિષ્કર્ષ રૂપે નરસિંહની અટલ શ્રદ્ધા ને જીવનનિષ્ઠા જ ઉપર તરી રહે છે, જેનું વધારે મૂલ્ય છે. લોકોનાં માનસ પર તેમની સંત તરીકે જે છાપ પડી છે એ પણ આ તત્ત્વને આભારી છે. જીવનની વિષમતાઓની વચ્ચે તેમનુ સ્થૈર્ય જે રીતે ટકી રહ્યું છે એ જ એક ચમત્કાર લાગે. નરસિંહ બીજા ભારતીય સંતો કરતાં ચમત્કારના મુદ્દામાં એ રીતે જુદા પડે છે કે તેમણે પોતે એક સંત તરીકે પોતાની શક્તિ વાપરીને કોઈ ચમત્કાર બતાવ્યો નથી. પોતાને કોઈ સિદ્ધ, યોગી કે વિશેષ વ્યક્તિ તરીકે સાબિત કરવામાં નરસિંહને કોઈ રસ નથી. એમનો રસ કેન્દ્રિત થયો છે હરિમાં. પોતાને તો એમણે હરિને વશ બતાવ્યા છે. આથી જ કોઈ પણ વિકટ પરિસ્થિતિમાં એમણે પોતાની જાત ને સંજોગો હરિને ધરી દીધાં છે. આથી ચમત્કાર કરવાનું હરિને પક્ષે જ આવ્યું છે. આ સંદર્ભે નરસિંહનું જીવન બીજા સંતો કરતાં વિલક્ષણ છે એમ કહી શકાય.

આમ, જૂની પરંપરા પાસેથી, નરસિંહ થયા પછી દોઢેક સો વર્ષ સુધીમાં, નરસિંહના જીવન વિશે આટલી માહિતી મળે છે, જેની પ્રમાણભૂતતા વિશે ઊંડા ઊતરવાનું આ સ્થાન નથી, તેથી એની સાપેક્ષતા ચર્ચવાની પણ અહીં આવશ્યકતા ઊભી થતી નથી, પણ આગળ કરેલી ચર્ચાના સંદર્ભમાં, એના પૂરક તત્ત્વ કે પુરવણી વિચાર તરીકે નરસિંહજીવનની કેટલીક ચર્ચા વિચારણા માગી લે એવી હકીકતોને જુદી તારવીને જોવી જરૂરી છે, જેથી નરસિંહ વિશેનો અભ્યાસ સઘન બને. આવા વિચારણીય મુદ્દાઓમાં નરસિંહનો સમય, નરસિંહનું કુળ, શિવપૂજાનું સ્થળ, નરસિંહની વૈષ્ણવભક્તિ, નરસિંહના જ્ઞાતિ સાથેના સંબંધો વગેરે છે. તેને પણ ક્રમશઃ તપાસીએ.

## નરસિંહનો સમય :

જૂની પરંપરાએ નરસિંહનો સમય કે નરસિંહના જીવનપ્રસંગોનું કોઈ વર્ષ ક્યાંય દર્શાવ્યું નથી. બીજી કોઈ રીતે પણ નરસિંહનો જીવનકાળ ક્યાંય ઉલ્લેખાયો નથી. નરસિંહના સમય વિશે, આથી, ઘણા મતભેદો છે. તેમ છતાં નરસિંહના સમયને અમુકાંશે નક્કી કરવા માટે કામ લાગે એવો એક આડકતરો

ઉલ્લેખ રા'માંડલિકનો ગણી શકાય. પરંપરાના કવિઓ કૃષ્ણદાસ, વિષ્ણુદાસ, ગોવિંદ, વિશ્વનાથ જાની ને પ્રેમાનંદે નરસિંહના જીવનપ્રસંગોનાં જે કાવ્યો રચ્યાં છે તેમાં હારપ્રસંગનું કોઈ સ્વતંત્ર કાવ્ય મળતું નથી પણ નરસિંહના જીવનના ચમત્કારોની વાતના સંદર્ભે કે અન્ય કોઈ રીતે હારપ્રસંગનો ઉલ્લેખ ક્યાંક ને ક્યાંક આવે છે ખરો.

નરસિંહે રચેલાં મનાતાં આત્મચરિત્રનાં કાવ્યોમાં તો હારપ્રસંગની સ્વતંત્ર રચના જોવા મળે છે. એની સં. ૧૬૭૫ની જૂનામાં જૂની હસ્તપ્રતમાં મળતાં સાત પદોમાં પણ મંડલિકનો સ્પષ્ટ ઉલ્લેખ છે, એટલે કે સં. ૧૬૭૫ સુધીમાં નરસિંહની મંડલિક સાથેની સમકાલીનતા પ્રચલિત થઈ હોવાનું કહી શકાય. હારપ્રસંગના એક પદમાં તો સં. ૧૫૧૨માં આ પ્રસંગ બન્યાનો સ્પષ્ટ નિર્દેશ મળે છે. આ ઉલ્લેખની અધિકૃતતા ચકાસવી પડે એવું છે પણ અહીં પણ મંડલિકની સમકાલીનતા સ્વીકારાઈ છે એટલું જ કહેવાનું છે.

નરસિંહ વિશે રચાયેલાં કાવ્યોની જૂની—નવી, બંને પરંપરાને જોતાં એમ લાગે છે કે મંડલિકની સમકાલીનતાની વાત જૂના સમયથી પ્રચલિત હશે. આ મંડલિકે નરસિંહને પજવ્યાની વાત ઉલ્લેખાઈ છે જે વિશે ઇતિહાસ કેટલાક પ્રશ્નો ઊભા કરે છે. નરસિંહનો સમકાલીન મંડલિક ત્રીજો જ હોઈ શકે. એ સં. ૧૫૦૭માં ગાદીએ આવેલો ને સં. ૧૫૨૫માં મહમૂદ બેગડા સામે હાર પામ્યો. આ મંડલિકને ધાર્મિક ને રાધા—દામોદરનો ભક્ત બતાવાયો છે.+ એ મંડલિક નરસિંહ જેવા રાધા—દામોદરના વૈષ્ણવ ભક્તને શા માટે પજવે એ પ્રશ્ન તો છે જ.

પણ આ મંડલિકનું કોઈ પણ કારણોસર થયેલ પતન જુદી જુદી રીતે વ્યક્ત થયું છે. એ પતન સાથે નરસિંહની પરીક્ષાનો મુદ્દો સાંકળી દેવામાં આવ્યો જણાય છે. મંડલિકના પતનના વિષયમાં ચારણિયાણી નાગબાઈ અને મંત્રી વીશળની પત્નીને ભ્રષ્ટ કર્યાની વાતો પણ મળે છે*

---

\+ ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ગ્રંથ–૫; પૃ ૧૬૩ થી ૧૬૬ તથા ૧૬૯

* એજન પૃ. ૧૬૯

અર્થાત્ માંડલિકનાં પતન વિશે જુદી જુદી કથાઓ વહેતી થઈ છે, પણ એટલું ખરું કે નરસિંહ વિશેનાં કાવ્યોની જૂની પરંપરા નરસિંહને માંડલિકના સમકાલીન લેખે છે, એટલે નરસિંહના સમયની ચર્ચાના વિવાદમાંથી ઊગરવા માટે માંડલિકની મનાયેલી સમકાલીનતા મદદ કરે છે. એ રીતે નરસિંહ મહેતા ઈ. સ. ની પંદરમી સદીના ઉત્તરાર્ધની આસપાસ હયાત હોવાનું અનુમાની શકાય

**નરસિંહનું કુળ :**

નરસિંહ વિશેનાં જૂની પરંપરાનાં કાવ્યોમાં કયાંય નરસિંહના કુળ વિશે કોઈ ઉલ્લેખ આવતો નથી. જ્યાં એમનાં માતા—પિતા કે ભાઈનાં નામ પણ મળતાં ન હોય ત્યાં કુળપરંપરાનો તો સવાલ જ રહેતો નથી.

આ પછી સં ૧૭૫૦ પછી રચાયેલી 'નરસૈં મહેતાનું આખ્યાન' નામની કૃતિમાં એક સ્થળે પર્વત મહેતાનો ઉલ્લેખ આવે છે, ત્યાં આ પર્વત મહેતા ને નરસિંહ વચ્ચે કોઈ કૌટુંબિક સંબંધો દર્શાવ્યા નથી, માત્ર બંનેનો ભક્ત તરીકેનો સંબંધ જ આલેખાયો છે.

'નરસૈં મહેતાનું આખ્યાન' પછી વલ્લભદાસકૃત 'શામળદાસનો વિવાહ'માં નરસિંહની કુળપરંપરા વિશે વિગતે માહિતી મળે છે. સૌથી પહેલા વડવા પુરુષોત્તમનો એમાં ઉલ્લેખ છે. એમને કશ્યપ ગોત્રના કહેવામાં આવ્યા છે. એમના વેદ ને કુળદેવ—કુળદેવીની માહિતી પણ આપવામાં આવી છે. તે પછી નીચે પ્રમાણે વંશપરંપરા આપવામાં આવી છે :

- પુરુષોત્તમ
  - પર્વતદાસ
    - નરબત
    - હરિદાસ
    - રામ
  - કૃષ્ણદાસ
    - નરસિંહ
    - જીવણ
    - નરભેરામ

બીજી કૃતિ છે ત્રિકમદાસના પુત્ર રંગીલદાસે રચેલી 'દ્રૌપદી પટ્ટવિધાન.' (સં. ૧૮૭૮). એમાં નરસિંહના કુળમાં ત્રિકમદાસ થયાનો ઉલ્લેખ છે જેમાં

એ બંને વચ્ચે સગાઈનો સંદર્ભ પણ જોઈ શકાય ને કુળનો સામાન્ય અર્થ લઈએ તો નાગરકુળ એવો અર્થ પણ થઈ શકે.

આ પછી પણ નરસિંહની કેટલીક વંશાવળીઓ અપાઈ છે. નોંધવાનું એ છે કે આ વંશાવળીઓ પરસ્પર જુદી પડે છે. એક વંશાવળીમાં તો નરસિંહને પર્વતદાસના કાકા ગણાવેલ છે. જ્યારે સામાન્ય પરંપરા પર્વતદાસને નરસિંહના કાકા માને છે!

આ વિગતો પરથી એવું લાગે છે કે નરસિંહની કુળપરંપરાને ભેળ-સેળવાળી માહિતીથી રજૂ કરવામાં આવી છે. એને આધારભૂત માનવામાં ઘણા પ્રશ્નો ઊભા થાય એવું છે. વલ્લભદાસકૃત 'વિવાહ'માં તો નરસિંહ જીવનનાં વર્ષો રીતસર ગોઠવીને મૂકયાં છે, જે બતાવે છે કે નરસિંહચરિત્રને વ્યવસ્થિત રીતે ઊભું કરવામાં આવ્યું હોય.

આ પરથી એમ કહી શકાય કે મધ્યકાળના ઘણા સંતોની જેમ નરસિંહની કુળપરંપરા પણ આધારભૂત રીતે સચવાઈ નથી.

## શિવપૂજાનું સ્થળ :

ભાભીનાં મહેણાથી ગૃહત્યાગ કરીને નરસિંહે વનમાં જઈને અપૂજ શિવલિંગને સેવ્યુ હોવાનું પરંપરાને અભિપ્રેત છે. જૂની—નવી બંને પરંપરા સ્થળ નિર્દેશ કે શિવની વિશેષ ઓળખ આપતી નથી.

નરસિંહકૃત મનાતા 'શામળદાસનો વિવાહ'માં આ શિવને 'ગોપીનાથ' તરીકે ઓળખાવ્યા છે. પછીની પરંપરામાં રચાયેલું 'નરસૈં મહેતાનું આખ્યાન'માં પણ આ શિવને 'ગોપેશ્વર' તરીકે ઓળખાવેલ છે. વિદ્વાનો આ ગોપનાથને તળાજા પાસેનું જાણીતું તીર્થ માને છે. પણ એકંદરે જૂની પરંપરાનાં કાવ્યો પરથી એવી છાપ પડે છે કે આ શિવાલય વનમાં છે. જ્યારે જાણીતું તીર્થ ગોપનાથ તો સાગરકિનારે છે. વનની વાત વધારે તો જૂનાગઢ સાથે બંધ બેસે છે. એટલે એ જૂનાગઢ પાસેનું કોઈક સ્થળ હોઈ શકે એમ માનવું વધારે ઉપયુક્ત જણાય છે.

## નરસિંહનો કુળધર્મ :

નરસિંહ વિશે લખાયેલા કાવ્યોમાં એના કુળધર્મ વિશે કોઈ સીધો ઉલ્લેખ મળતો નથી; પણ ભાભીના મહેણાથી ગૃહત્યાગ કરીને ગયેલા નરસિંહ શિવલિંગનું

શરણું લે છે એ પરથી એમનો કુળધર્મ શૈવ હોવાનું માની શકાય. આમ પણ નાગર જ્ઞાતિનો કુલધર્મ સામાન્યતઃ શૈવ છે. એ દૃષ્ટિએ પણ નરસિંહનો કુલધર્મ સ્વાભાવિક રીતે જ શૈવ હોય.

શૈવ નરસિંહ શિવકૃપાથી જ કૃષ્ણદર્શન પામે છે ને વૈષ્ણવ ભક્તિમાર્ગ સ્વીકારે છે. શૈવ નરસિંહ આ રીતે વૈષ્ણવ બને એ ઘટના આશ્ચર્ય જગવે એવી લાગે, કેમ કે આ પ્રકારની ઘટના અન્ય કોઈ સંતચરિત્રમાં નોંધાઈ નથી. આ પ્રકારનું પરિવર્તન કયા પ્રેરકબળથી થયું હોય એ આજે કહેવું મુશ્કેલ પડે, પણ નરસિંહના જીવનની આ ઘટના વિલક્ષણ તો જણાય છે. તે સમયના નાગરોએ નરસિંહનો જે વિરોધ કરેલો એના મૂળમાં તેમની આ વૈષ્ણવભક્તિ જ રહેલી છે. વિશ્વનાથ જાનીકૃત 'મોસાળાચરિત્ર'માં નરસિંહ વૈષ્ણવ હોઈ, વિપ્ર ન કહેવાય એવી સ્પષ્ટ ટીકા એક નાગરે કરી છે. આ વાતના મૂળમાં કદાચ વૈષ્ણવભક્તિને સ્વીકાર્ય ઠેરવવા માટે શિવ નરસિંહને કૃષ્ણ તરફ લઈ ગયા એવી ચમત્કારિક ઘટના ઉદ્‌ભવ્યાનું પણ અનુમાની શકાય.

ડો. ભાયાણીએ, જો કે, એમ પણ સ્વીકાર્યું છે કે નરસિંહના સમયમાં વૈષ્ણવ નાગર કુટુંબો હતાં ને નાગરોની એક અટક 'વૈષ્ણવ' પણ છે જ.+ તેથી શૈવ નરસિંહની વિષ્ણુ પરસ્તી એ કોઈ નવાઈ પમાડે એવો મુદ્દો નથી, પણ એ ખરું કે નરસિંહની વૈષ્ણવભક્તિ એક રીતે જોતાં તદ્દન આગવી છે. એમાં કોઈ સાંપ્રદાયિક ગંધ વરતાતી નથી. આખરે તો આ સંતને મન ભક્તિનું મૂલ્ય છે, ઈષ્ટદેવ તો એનુ માત્ર ભાજન જ છે.

## નરસિંહનું શિક્ષણ અને વ્યવસાય :

નરસિંહ વિશે રચાયેલાં કાવ્યોમાં નરસિંહ કોઈ ખાસ ઉદ્યમ કરતા નહોતા એવી છાપ પડે છે. ઈશ્વરપ્રાપ્તિ પછી એમની વાણી નિર્મળ થઈ ને કવિત્વ શક્તિ પ્રાપ્ત થઈ એવું પણ અહીં કહેવાયું છે. નાનપણમાં નરસિંહ પાસે વિદ્યા કે ઉદ્યમની આવડત ન હોય એવું જણાય છે. પછીથી પણ એમણે સંસાર સ્વીકાર્યો છે પણ એને લગતો કોઈ ઉદ્યમ કર્યો જણાતો નથી. કિર્તનભક્તિ કરતાં કરતાં સંત તરીકેનો વ્યવહાર રાખીને જ તેઓ જીવ્યા હોય એવું તેમના ચરિત્રને જોતાં જણાય છે.

---

+ 'નરસિંહ ચરિત્ર વિમર્શ' દર્શના ધોળકિયા પુરોવચન, પૃ. ૮

નરસિંહનાં શિક્ષણ અંગે પણ ડૉ. ભાયાણીનું+ માનવું છે કે 'ચાતુરી'ની રચનાને સમગ્રપણે નહીં ને આંશિક રીતે પણ નરસિંહની માનીએ તો પણ તેમાં જે ભાષા, શૈલી અને ભાવની અભિવ્યક્તિની જે કક્ષા જોવા મળે છે તે પુરોગામી સાહિત્યિક પરંપરાના પરિચયની અને સિદ્ધહસ્ત રચનાશક્તિની દ્યોતક છે.

આ ઉપરાંત, 'ગીતગોવિંદ', વેદાંત વગેરેથી નરસિંહ પરિચિત છે. નામદેવ જેવા મરાઠી સંતકવિઓથી પ્રભાવિત પણ છે. આ બધું તેમને શાસ્ત્ર તેમ જ સાહિત્યના જ્ઞાતા ઠેરવે છે. એટલે નરસિંહે નાગર જ્ઞાતિને અનુરૂપ વિદ્યા પ્રાપ્ત કરી હોય એમ અનિવાર્યપણે તેઓ માને છે. સાધક બન્યા પછી તેમની વાણીનો રણકો બદલાયાનું તો તેમનાં પદોમાં દેખાય છે, એ કબૂલ કરવું રહ્યું.

## નરસિંહ ને સમાજ :

નરસિંહ જેવા સંતોને સમાજ ભાગ્યે જ સ્વીકારી શકતો હોય છે. જગત — ભગતની રીત ન્યારી હોય છે એ ન્યાયે નરસિંહને પણ સમાજનો, ખાસ કરીને જ્ઞાતિજનોનો વિરોધ સહન કરવાનો આવ્યો છે. મીરાં કે કબીરની જેમ નરસિંહને આક્રમક ઢંગથી સમાજે સતાવ્યા નથી. નરસિંહને ભાગે સમાજની ઉપેક્ષા ને હાંસી સહન કરવાનાં આવ્યાં છે. આ બન્નેના મૂળમાં નરસિંહની ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા ને શ્રદ્ધા છે. આગળ જોયું તેમ શૈવ હોવા છતાં તેઓ વૈષ્ણવ ભક્તિ તરફ વળ્યા એ કારણે પણ જ્ઞાતિ તેમને સ્વીકારી ન શકી હોય એવું બને. તેમની આમસમાજ પ્રત્યેની, અંત્યજો પ્રત્યેની સમદષ્ટિની વૃત્તિ પણ સમાજને ખૂંચી હોય. તેમણે સખીભાવે ગાયેલો શૃંગાર એ સમયના રૂઢિચુસ્ત લોકોને ન જચ્યો હોય. આ બધું ભેગું થઈને નરસિંહને હેરાન થવામાં કારણભૂત બન્યું છે. જો કે નરસિંહની દરેક કસોટીને અંતે જ્ઞાતિજનોએ એની ભક્તિ ને નિષ્ઠા પ્રત્યે આદર બતાવતી કબૂલાત કરવી પડી છે, બાકી તો જીવનનો સ્વીકાર કરીને ચાલનારા નરસિંહને ઈશ્વરની સાથે સાથે સંસાર સંભાળતાં જે જે મુશ્કેલી પડી હશે એને તેઓ પોતાના સંતત્વના બળથી સહ્ય બનાવી શક્યા હશે એમ જણાય છે.

નરસિંહના જીવનની ઘણી ઘટનાઓ એ સમયમાં થઈ ગયેલા સંતોના જીવનમાં બનેલી ઘટનાઓને મળતી આવે છે. જેમકે, સુરદાસ, તુલસીદાસ જેવા

+ નરસિંહચરિત્રવિમર્શ, દર્શના ધોળકિયા, પુરોવચન પૃ. ૧૦, ૧૧

સંતોએ ગૃહત્યાગ કરેલો; તુકારામ જેવા સંતનો વૈરાગ્ય પણ પત્નીના મૃત્યુ પછી તીવ્ર બનેલો; કબીર, મીરાંને સામાજિક વિરોધનો સામનો કરવો પડેલો; એકનાથ જેવા સંતે વર્ણભેદનો વિરોધ કરેલો; નામદેવ ને સુંદરરની ભગવાને સેવા કરેલી. આ બધી ઘટનાઓ નરસિંહના જીવનમાં બનેલા બનાવોને મળતી આવે છે. સંતચરિત્રના આ અંશો મળતા આવે એ સમજાય એવું છે, તેમ છતાં નરસિંહનું જીવન અન્ય સંતો કરતાં ઘણે અંશે અનોખું પણ વરતાય છે. તેઓ સમર્પિત સંત છે. માત્ર પોતાનું જ નહીં, સમગ્ર કુટુંબનું જીવન તેમણે ઈશ્વરને અર્પ્યું છે. તેમનું જીવન એકંદરે અત્યંત સરળ, સહજ છે. તેમણે કોઈ શિષ્યપરંપરા ઊભી કરી નથી. એમના સમય દરમિયાન કોઈ તેમને પૂરા ઓળખી–જાણી શક્યું પણ નથી. બાહ્ય રીતે જોતાં તેઓ પૂરેપૂરા સંસારી જણાય છે. જીવનની એક પણ ઘટનાને ઈશ્વરભક્તિના બહાને તેમણે ઉવેખી નથી, છતાં જીવન પ્રત્યેનું નિર્મોહીપણું, તાટસ્થ્ય એક ક્ષણ પણ છોડયું નથી. જીવનને તેમણે આવેશથી મુક્ત રહીને, દ્રષ્ટા તરીકે જીવ્યું છે ને જોયું છે, છતાં તેઓ સંસારમાં ગળાડૂબ રહ્યા હોવાનો વહેમ જાય એટલી હદે સંસાર સાથેનો તેમનો સંબંધ છે.

નરસિંહના જીવનમાં ઊલટી ઘટના ઘટી છે. વૈરાગ્ય પછી સાધના કરવાને બદલે તેઓ સાધક થઈને રસના ભોગી બન્યા છે. ગૃહત્યાગ, દર્શન ને ફરી ગૃહ એવો નવો જ ક્રમ એ નરસિંહની નિયતિ છે. જીવન પ્રત્યેનો તેમનો વિધાયક ને પ્રસન્ન દષ્ટિકોણ તેમના સંતત્વને વધારે નિખારે છે. સંસારમાં રહીને આત્મરત રહેવાની ક્ષમતા નરસિંહને લીલયા સાધ્ય છે. શિવે તેમને વાણીનું વરદાન તો આપ્યું પણ એના કરતાંયે વધારે સક્ષમ એવી આ બળૂકી શક્તિનું પ્રદાન કરીને જાણે કે નરસિંહને ધન્ય કરી દીધા છે. પ્રેમાનંદકૃત 'કુંવરબાઈનું મામેરું'માં શિવ નરસિંહને કહે છે, 'રખે લોકાચાર મનમાંહી ગણતો, મસ્તક સાટે ભક્તિ' શિવે તો ચેતવણી આપી, પણ નરસિંહે પૂરી નિષ્ઠાથી તે પાળી છે. એ જ નરસિંહનો ચમત્કાર કહો તો ચમત્કારને સિદ્ધિ કહો તો સિદ્ધિ છે. આ અર્થમાં નરસિંહ સિદ્ધ યોગી છે. રાગદ્વેષરહિત એવું તેમનું ગરિમામય વ્યક્તિત્વ સૌમ્ય પ્રભાવથી ઝળહળે છે.

નરસિંહે જગતને એક પ્રકારની ઊંચાઈ મેળવ્યા પછીની નજરથી જોયું છે. પોતાની ભક્તિને તેમણે કયારેય સાબિત કરવા ઇચ્છી નથી. તેનું પ્રમાણ આપવાની કોઈ હોંશ કે ખ્વાહિશ તેમને નથી. તેમણે દર્શનના તત્ત્વને આ રીતે

વેરી નાખવાને બદલે મુઠ્ઠીમાં સાચવ્યું છે. સાચવવાની આ કલાએ તેમને માનવગુરુ થવાની હેસિયત બક્ષી છે.

નરસિંહનું બળ છે કૃષ્ણ ને કૃષ્ણ પ્રત્યેની આરતભરી રતિ. અપાર વિનમ્રતા ને શ્રદ્ધાના જોરે નરસિંહે પોતાનું જીવન ભક્તિસાગરમાં વહાવ્યું છે, છતાં તેમની નમ્રતામાં દીનતા નથી. તેમની નમ્રતામાં તેમનો બૌદ્ધિક અભિગમ, તેમનું જ્ઞાન ને ગૌરવ ભળતાં એ નમ્રતાનું રૂપ બદલાઈ જાય છે ને એમની નમ્રતા મૌલિક બને છે. આ વિનમ્રતાએ તેમને આક્રોશથી મુક્ત રાખ્યા છે. ઈશ્વર સિવાયના તત્ત્વના પ્રભાવથી દૂર રાખ્યા છે. આ કારણે જ તેમની જીવનશૈલી અનાક્રમક રહી છે. તેમના વ્યક્તિત્વમાં જ્ઞાનની આભા ને ભક્તિની શાંતિનો સમન્વય છે. આથી જ તો એમના વ્યક્તિત્વમાં એક સંતુલન જળવાયું છે. મુખર બનીને તેમણે કોઈ વાત કરી નથી.

જીવનના વિરોધાભાસોની વચ્ચે રહીને જીવનના આ મરમીએ સંવાદ સાધવાની કલા શીખવી છે. કવિ તરીકે લયના સાધક એવા નરસિંહે મૂળે તો જીવનલય સાધવાનો મંત્ર આપીને આમસમાજને એક દિશા ચીંધી છે. તેમનું જીવન સંપૂર્ણપણે લોકસંગ્રહાર્થે જીવન જીવતા કૃષ્ણે કથેલા કર્મયોગીનું છે.

પ્રસન્નતાને પ્રાધાન્ય આપતા આ સંતે જીવનની નાડ પારખીને શાશ્વત તત્ત્વ પર પોતાની પસંદગી ઉતારીને પસંદ કરવાની કલા પણ શીખવી છે; જીવનને અવસર માનીને ઊજવવાની વૃત્તિ કેળવતાં પણ શીખવ્યું છે. પોતાની નિષ્ઠામાં અચળ હોવા છતાં તેમની અચળતા ભાર વિનાની છે. આસપાસના વિસંવાદી જગતને પણ તેમણે પોતાના માધુર્યથી રસી દીધું છે,

મનની વૃત્તિઓ, સંસારની વિષમતાઓ આ બંને દ્વંદ્વોની વચ્ચે કમળની જેમ ઉપર ઊઠવાની કલા સિદ્ધ કરવી એ ગજું નરસિંહ જેવા સંતનું જ હોઈ શકે. 'અનેક કમળ બાઈ મારે વિકસ્યાં, મધુકર પામ્યા રે કંઈ મોખ' કહેતા કવિના જીવનની આ ફલશ્રુતિ નરસિંહના કુમાશ ને તાજગીથી રસાયેલા સમર્થ વ્યક્તિત્વને પ્રગટ કરે છે. લોકોના ચિત્તમાં નરસિંહની જે છબી છે તે આ નરસિંહની. એ એટલી તો શાશ્વત છે, નક્કર છે કે એના સામે નરસિંહનું જીવન, કવન, સમય જેવા પ્રશ્નો પીત પર્ણની જેમ ખરી પડે છે.

# ૩. નરસિંહનું કવન

મધ્યકાળના ભારતીય સાહિત્યમાં થયેલા અનેક સંતોએ ભક્તિ—જ્ઞાન-વિષયક કૃતિઓ રચેલી છે જે સંતવાણી તરીકે ઓળખાય છે. આ સંતવાણીની અધિકૃતતાના કેટલાક પ્રશ્નો છે; જેમકે કબીર, મીરાં કે નરસિંહને નામે મળતી કૃતિઓને ખરેખર એમની માનવા જઈએ તો કયારેક એવું બને છે કે તેમની એક કૃતિ એકથી વધુ નામે મળતી હોય; કૃતિમાંના સામયિક સંદર્ભો કૃતિના કર્તાનું કર્તૃત્વ માનવામાં બાધક બનતા હોય; કૃતિની હસ્તપ્રતો મોડા સમયની મળતી હોય; કૃતિનો વસ્તુગત કે શૈલીગત વિકાસ એ કૃતિને પાછળની ઠેરવે એવો હોય અને કૃતિનું આંતરિક સ્વરૂપ જે—તે કવિનાં કર્તૃત્વને બાધક બનતું હોય.

મધ્યકાળના સંતોની કૃતિઓને માટે આવા પ્રશ્નો ઊભા થવાનાં કેટલાંક કારણો છે. એક તો એ યુગનું સાહિત્ય કંઠોપકંઠ સચવાયું છે. ભજનોમાં છેલ્લું નામાચરણ સરતચૂક કે બીજાં કોઈ કારણોથી બદલાઈ જવાનો સંભવ પણ રહે કે ભજન ગાનાર વ્યક્તિ નમ્રતાને કારણે પોતાની રચનામાં આદરપાત્ર સંતનું નામ મૂકી દે એવું પણ બને.

આ પ્રકારના કોયડાઓને લીધે મધ્યકાળના સંતોને નામે મળતી કૃતિ-ઓનું કર્તૃત્વ નક્કી કરવું મુશ્કેલ બની જાય છે. નરસિંહની કેટલીક કૃતિઓના કર્તૃત્વનો પ્રશ્ન વિચારતાં પણ આવી મુશ્કેલીઓનો સામનો કરવાનો આવે છે. આથી એમને નામે મળતી કૃતિઓની યાદી જોયા પછી સંદિગ્ધ કૃતિઓ અને અસંદિગ્ધ કૃતિઓ — એ ક્રમમાં નરસિંહના કવનને જોવાથી એમનું કર્તૃત્વ સ્પષ્ટ થશે.

નરસિંહને નામે જે કૃતિઓ મળે છે એ આ મુજબ છે :

(૧) આત્મચરિત્રાત્મક કૃતિઓ : હૂંડી, કુંવરબાઈનું મામેરું, શામળદાસનો વિવાહ, હારમાળા, ઝારીનાં પદો, પ્રકીર્ણ પદો.

(૨) આખ્યાનાત્મક કૃતિઓ : ચાતુરીઓ, સુદામાચરિત્ર, દાણલીલા

(૩) પદસંચય : કૃષ્ણપ્રીતિનાં ગીતો, શ્રીકૃષ્ણ જન્મસમાનાં પદો, બાળલીલાનાં પદો, મહીવલોણાનાં પદો, હીંડોળાના પદો, જળ જમુનાનાં પદો, ચાંદલાનાં પદો, વસંતનાં પદો, રાસનાં પદો વગેરે.

શ્રી ઈચ્છારામ સૂ. દેસાઈએ સંપાદિત કરેલ 'નરસિંહ મહેતાકૃત કાવ્ય-સંગ્રહ'માં 'સુરત સંગ્રામ' અને 'ગોવિંદ ગમન' એ બંને કૃતિઓ નરસિંહને નામે મળે છે. પરંતુ વિદ્વાનો આ બંને કૃતિઓનું નરસિંહનું કર્તૃત્વ હાલ સ્વીકારતા નથી તેનાં કારણો એમાંની અનારસિંહી ભાષા, હસ્તપ્રતોનો અભાવ વગેરે છે. આથી આ બંને કૃતિઓને નરસિંહની ગણવાનો સવાલ રહેતો નથી.

નરસિંહને નામે આગળ ઉલ્લેખી એ પાંચ આત્મચરિત્રાત્મક કૃતિઓ મળે છે. એ પાંચેયમાં નરસિંહના જીવનમાં બનેલ જુદા જુદા ચમત્કારો, કહો કે સંકટ સમયે હરિએ તેમને કરેલી સહાયના પ્રસંગો વર્ણવાયા છે. 'હૂંડી' કાવ્યમાં દ્વારકા જતા તીર્થવાસીઓ જૂનાગઢમાં હૂંડી કરાવવા નીકળે છે. અને કોઈ એમને નરસિંહનું નામ આપે છે ત્યારે ઘેર આવેલા તીર્થવાસીઓને નરસિંહ શામળ શેઠ પર હૂંડી લખી આપે છે. દ્વારકા પહોંચેલા તીર્થવાસીઓને પ્રથમ તો શામળ શેઠ નામની કોઈ વ્યક્તિ મળતી નથી ત્યારે તીર્થવાસીઓ મૂંઝવણ અનુભવે છે. તેમની મૂંઝવણ જોઈને તરત શામળ શેઠ એકાએક આવી પહોંચે છે ને તેમની હૂંડી ચૂકવે છે.

'મામેરું'માં કવિ પ્રારંભે પોતાનું પૂર્વજીવન આલેખે છે. તેઓ પોતાને તળાજામાં જન્મેલા જણાવીને ભાભીએ મારેલ મહેણાથી ગૃહત્યાગ કર્યાની વાત વર્ણવે છે. ઘર છોડીને નરસિંહ વનમાં જઈને અપૂજ શિવલિંગનું પૂજન કરે છે. તપશ્ચર્યાને પરિણામે તેમને શિવદર્શન થાય છે. શિવ પાસે તેમની પ્રિય વસ્તુ નરસિંહ માગે છે. આથી શિવ કૃષ્ણદર્શન કરાવે છે. બંને દેવનાં દર્શન પછી ભૂતલે આવેલા નરસિંહ ગૃહસ્થાશ્રમ માંડે છે. પુત્ર—પુત્રી પરણાવે છે ને પુત્ર અને પત્ની ગુમાવે છે. સાસરે ગયેલી કુંવરબાઈને સીમંતનો પ્રસંગ આવે છે ત્યારે મોસાળું લઈને આવવાનું નિમંત્રણ વેવાઈ તરફથી આવતાં નરસિંહ ખાલી હાથે જાય છે. પુત્રીને સાસરે નિર્ધન નરસિંહને ખૂબ ઉપેક્ષા સહન કરવાની આવે છે ને ભરી સભા વચ્ચે ભગવાન ને લક્ષ્મીજી શેઠ—શેઠાણી રૂપે આવીને મામેરું પૂરી નરસિંહની લાજ રાખે છે.

'શામળદાસનો વિવાહ'માં પણ આરંભે નરસિંહનું પૂર્વજીવન આલેખાયું છે. આમ તો એ 'મામેરું' મુજબનું જ છે, પણ નરસિંહે જોયેલી રાસલીલા તેમ જ દ્વારકામાં કૃષ્ણનું માણેલું આતિથ્ય અહીં વિગતે વર્ણવાયું છે. પત્ની ઘેર પાછા ફરેલા નરસિંહ પાસે પુત્રના વિવાહ અંગે ચિંતા વ્યક્ત કરે છે. બીજી બાજુ વડનગરના મંત્રી મદન મહેતા પુત્રીનો વિવાહ કરવા દીક્ષિતને જૂનાગઢ

મોકલે છે. દીક્ષિત ઘણા મૂરતિયા જોયા પછી નરસિંહના પુત્ર પર પસંદગી ઢોળે છે ને વિવાહ નક્કી કરે છે.

દીક્ષિત વડનગર પહોંચીને મદનને આ સમાચાર આપે છે. નરસિંહ નિર્ધન હોવાને કારણે મદન પહેલાં તો નારાજ થાય છે, પણ પછી આ સગપણ એ કબૂલ રાખે છે.

બીજી બાજુ, નરસિંહનાં પત્ની પુત્રના વિવાહ અંગે ચિંતિત છે. નરસિંહ તેમને આશ્વાસન આપીને કૃષ્ણની મદદ માગવા દ્વારકા જાય છે. ત્યાં કૃષ્ણનું આતિથ્ય પામે છે ને કૃષ્ણ–રુકિમણી વિવાહમાં આવવાનું વચન આપે છે.

જૂનાગઢથી નીકળેલી નરસિંહના પુત્રની જાન વડનગર પહોંચે છે ને કૃષ્ણ પણ એમાં સામેલ થાય છે. અલબત્ત, એમને નરસિંહ જ જોઈ શકે છે. જાનનો વૈભવ જોઈને મદન શાંતિ પામે છે. લગ્ન સમયે કન્યાદાન આપતી વખતે મદનને તેમ જ તેમનાં પત્નીને નરસિંહ ને તેમનાં પત્નીમાં કૃષ્ણ—લક્ષ્મીનું દર્શન થાય છે. ને મદન ગર્વ ત્યાગે છે. આમ, પુત્રનાં લગ્નનો પ્રસંગ હરિની સહાયથી રંગેચંગે પૂરો થાય છે.

આત્મચરિત્રની કૃતિમાં જેનો સમાવેશ થાય છે એ 'હારમાળા' નામક કૃતિ જૂનાગઢના રાજા માંડલિકને કાને નરસિંહની ખ્યાતિ આવતાં એણે યોજેલી નરસિંહની પરીક્ષા, અને એમાંથી નરસિંહનું પાર ઊતરવું, એ કથાને લઈને રચાયેલી છે.

જૂનાગઢના નાગરો, શ્રીપાત સંન્યાસીઓ આ સૌને કાને વાત આવે છે કે દરરોજ દામોદરના મંદિરમાં જતા નરસિંહને ભગવાન સ્વયં પોતાના કંઠનો હાર પહેરાવે છે, તેથી ઈર્ષાને વશ થઈને આ સૌ રાજા પાસે નરસિંહની દંભી, લંપટ પુરુષ તરીકેની છાપ ઊભી કરી, આ ઘટનાની તપાસ કરવા રાજાને જણાવે છે.

સૌની ચઢવણીથી રાજા માંડલિક નરસિંહને દરબારમાં બોલાવે છે. દામોદરના મંદિરને તાળું મારવામાં આવે છે ને નરસિંહને રાત્રિ દરમિયાન સભામાં બેસાડી રાખવામાં આવે છે. તેમની સામે પડકાર ફેંકવામાં આવે છે કે સવાર પડતાં સુધીમાં જો દામોદરનો હાર એમના કંઠમાં આવે તો એમની ભક્તિ સાચી, નહીંતર સવારે એમને મૃત્યુની સજા કરવામાં આવશે. નરસિંહ સ્વસ્થતાપૂર્વક

રાતભર હરિને પ્રાર્થે છે ને સવાર પડતાં જ દામોદર ખુદ હાર લઈને નરસિંહના કંઠે આરોપે છે, ને માંડલિકની દુર્દશા થાય છે. આમ, નરસિંહની શુદ્ધ ભક્તિનો અહીં વિજય થતો બતાવાયો છે.

'ઝારીનાં પદો'ને નામે ઓળખાવાતાં ચાર પદો પણ નરસિંહને નામે મળે છે. એમાં કોઈ ચોક્કસ કથાવસ્તુ નથી. પણ એક વાર તરસ્યા થયેલા નરસિંહને ભગવાન સ્ત્રી વેશે પાણી પિવડાવવા આવે છે, એટલું જ કહેવાનું છે.

આ ઉપરાંત, 'ગિરિ તળેટી ને કુંડ દામોદર' તેમ જ 'એવા રે અમે એવા રે' એ બે પદો પણ નરસિંહનાં આત્મચરિત્રને પ્રગટ કરતાં પદો તરીકે ઓળખાવાય છે. પહેલા પદમાં જ્ઞાતિજનોની નારાજગી વહોરીને પણ નરસિંહે હરિજનો સાથે કરેલો સમદૃષ્ટિસભર વર્તાવ આલેખાયો છે. બીજા પદમાં ભક્તિ કરતા નરસિંહને લોકો ભ્રષ્ટ કહે છે તેમને ઉત્તર આપતાં કવિ પોતાની ભક્તિને વળગી રહેવા જણાવે છે.

આત્મચરિત્રને લગતી નરસિંહની આ કૃતિઓની અધિકૃતતા અંગે નવાં સંશોધનો કેટલીક શંકા ઊભી કરે છે એના મૂળમાં કેટલાંક મજબૂત કારણો રહેલાં છે, જે આ મુજબ છે :

મધ્યકાળના સંતો જાત પ્રત્યે સભાનતા ધરાવતા નહોતા. એ કાળના કોઈ સંતે આત્મચરિત્ર લખ્યું નથી. આપણા દેશમાં આમ પણ આત્મકથનની રૂઢિ પશ્ચિમ જેટલી સ્વાભાવિક નથી. ગાંધીજીની આત્મકથા બહાર પડી ત્યારે પણ એમના વર્તુળના લોકોએ નવાઈ દેખાડેલી. એટલે કે ગાંધીજીના સમયમાં પણ આત્મકથનને પૂરતી પ્રતિષ્ઠા મળી નહોતી. ભારતીય માનસને આત્મકથનનો સંકોચ હોવાનું કારણ એ છે કે એમાં આત્મપ્રશસ્તિનો દોષ આવી જવાનો સંભવ રહેલો છે. નરસિંહ તો વિનમ્ર સંત છે. આ પ્રકારના અહંભાવને એ પસંદ ન જ કરે એ સ્વાભાવિક છે.

જ્યારે આ કૃતિઓમાં આત્મપ્રશસ્તિનાં સ્થાનો સાવ નિવારી શકાયાં નથી. કવિમહિમાનાં કેટલાંક વાક્યો આ કૃતિઓમાં આવે જ છે. દેખીતી રીતે જ નરસિંહ જેવા સંતકવિ પોતાનો આવો મહિમા કરે એ મુદ્દો વિચાર માગી લે.

આ કાવ્યો મહદંશે ત્રીજા પુરુષમાં ચાલે છે. અલબત્ત, મધ્યકાળની એ રૂઢિ છે. નરસિંહનાં અન્ય પદોમાં પણ ક્યાંક આ પદ્ધતિ જોવા મળે છે, પણ

આ કૃતિઓ પૂરતો પ્રશ્ન એ છે કે અહીં પહેલા ને ત્રીજા પુરુષ વચ્ચે અવારનવાર સંભ્રમ થાય છે, ને કૃતિની સંવાદિતા જોખમાય છે. એ જ રીતે કૃતિને અંતે નરસિંહની સ્પષ્ટ નામછાપ મળતી નથી.

આ આખી પરિસ્થિતિ હસ્તપ્રતોની અર્વાચીનતા, નરસિંહચરિત્રની પરંપરા અને કૃતિઓનું આંતરિક સ્વરૂપ જોતાં વધારે સ્પષ્ટ થાય છે. આ કૃતિઓમાં વિશ્વનાથ જાની ને પ્રેમાનંદ જેટલા પાછળના કવિઓની કૃતિઓની અસર વરતાય છે, નરસિંહથી પ્રેમાનંદ સુધીના કવિઓએ જે અસરો ન ઝીલી તે છેક જાની કે પ્રેમાનંદમાં જોવા મળે એ મધ્યકાળના સંદર્ભમાં વિચાર માગી લે એવો મુદ્દો છે.

નરસિંહની આ કૃતિઓમાં મળતી વિગતો પણ જુદી પડે છે. ક્યાંક જૂનાગઢ એમનું વતન બતાવાયું છે તો ક્યાંક મોસાળ. કુંવરબાઈનાં સાસરાના ગામનું નામ પણ ક્યાંક છે, ક્યાંક નથી. પોતાનું જ વૃત્તાંત લખનાર વ્યક્તિ આવી ભૂલો કરે એ વાત ગળે ઊતરે એવી નથી.

આ કાવ્યોની ભાષા પણ નરસિંહ જેવા શબ્દમરમી કવિને શોભે એવી નથી. એમાં ક્યારેક તો તદ્દન કઢંગા શબ્દો, નિરૂપણની કચાશ વગેરે જોવા મળે છે.

આમ તો આ કૃતિઓ પદસ્વરૂપે લખાયેલી છે અને નરસિંહના પ્રિય ઝૂલણાબંધમાં છે. પરંતુ આ કૃતિઓમાં રહેલો પ્રસ્તાર એને આખ્યાનની નજીક પહોંચાડે છે. આ વસ્તુ પણ પ્રેમાનંદ સુધીમાં જે આખ્યાનની કથનશૈલી વિકસી એના સાથે અનુસંધિત દેખાય છે. નરસિંહ મુખ્યત્વે પદકવિ છે અને એમના સમયમાં આખ્યાનના સાહિત્યસ્વરૂપનો વિકાસ પણ થયો નહોતો છતાં આટલી પ્રસ્તારી કૃતિઓ નરસિંહ આપે એ હકીકત ધ્યાન ખેંચે એવી છે. પ્રકીર્ણ પદોમાં પણ વિશેષ રૂપમાં આત્મકથન થયું નથી. ઉપરાંત પોતાને માટે 'મહેતાજી નહાવા જાય' જેવો પ્રયોગ નરસિંહ કરે એ પણ વિચારણીય છે. પદ ત્રીજા પુરુષમાં ચાલે છે. 'એવા રે અમો એવા રે' માં ભક્તિ કરવાને કારણે નરસિંહ પર ભ્રષ્ટતાનો આરોપ મુકાયો છે એટલી જ વાત છે. તેમ જ આ પદોની હસ્તપ્રત પણ મોડી મળે છે.

આ બધી વિગતો જોતાં એમ લાગે છે કે આ કૃતિઓ પ્રેમાનંદાદિની અસર હેઠળ સં. ૧૮મી સદીમાં લખાયેલી કૃતિઓ જણાય છે. એમાંનું કેટલુંક વિગતસામ્ય જોતાં એ કોઈ એક હાથનું સર્જન પણ હોઈ શકે

તેમ જ એમાંની વિસંગતિઓ, ક્યાશો જોતાં અનેક હાથોએ એનું સર્જન કર્યું હોવાની ધારણા પણ થઈ શકે એમ છે.

નરસિંહની ગણાવાયેલી બે 'દાણલીલા'માંની પહેલીમાં લંબાણને કારણે તેમ જ બીજીમાંના પ્રાસ ઉપરાંત શબ્દપ્રયોગોને કારણે વિદ્વાનો તેને નરસિંહની કૃતિ ન માનવા પ્રેરાયા છે. આમ, નરસિંહની કૃતિઓમાં વિગતે જોવા જેવી કૃતિઓ તો મુખ્યત્વે એમનો પદસંચય જ છે. નરસિંહનાં 'સુદામાચરિત્ર'ને પણ ઉમાશંકર જોશી+ આખ્યાનકલ્પ કૃતિ જ ગણાવે છે. એટલે આત્મચરિત્રનાં કાવ્યોની જેમ તેનાં કર્તૃત્વ વિશે શંકા ઊભી થઈ શકે એમ છે. કેટલાંક કારણોસર શ્રી જેઠાલાલ ત્રિવેદી* આ કૃતિને નરસિંહની માનતા નથી. પણ 'સુરત સંગ્રામ' કે 'ગોવિંદ ગમન' જેટલી સ્પષ્ટતાપૂર્વક આ કૃતિનાં નરસિંહકર્તૃત્વનો ઈન્કાર થઈ શકે એમ નથી એટલે આ કૃતિને નરસિંહની માનીને એની ચર્ચા કરીશું. આથી નરસિંહની કૃતિઓમાં સુદામાચરિત્ર, ચાતુરીઓ (એને પણ ઉમાશંકર આખ્યાનકલ્પ ગણાવે છે×) તેમ જ પદસંચયને વિગતે જોવાં આવશ્યક બને.

**સુદામાચરિત્ર** : આ કૃતિ નવ પદની છે. ભક્ત સુદામાની આ કથામાં નિર્ધન સુદામાપત્નીની વેદનાને સરસ રીતે વાચા આપવામાં આવી છે. તેના કહેવાથી સુદામા કૃષ્ણ પાસે મદદ લેવા માટે જાય છે પણ તેમની પાસે કશું માગવાની આ અયાચક વ્રતધારીની ઇચ્છા નથી, પણ કૃષ્ણને મળવા આતુર એવા સુદામાનું ચિત્ર આહ્‌લાદક છે :

'ચાલિયો વાટમાં જ્ઞાનીના ઘાટમાં, મિત્ર મોહન તણું નામ લેતો'

શ્રીકૃષ્ણ પાસે ગયેલા સુદામાનો કૃષ્ણ ખૂબ આદર કરે છે, પણ પ્રત્યક્ષ રૂપમાં તેને કશું આપતા નથી. પત્નીને શો જવાબ આપવો એની સુદામાને ચિંતા છે; પણ ઘેર પહોંચતાં ખબર પડે છે કે કૃષ્ણે તેને પોતા સરખો ન્યાલ કર્યો છે. આમ અહીં સરલ ભક્ત સુદામાની વાત સરળ રીતે મૂકીને કવિએ ભક્તિની મહત્તા ગાઈ છે.

---

+ 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ–૨; (ગુજરાતી સાહિત્ય પરિષદ પૃ. ૯૩

* નરસૌં મહેતા–વ્યક્તિત્વ અને કર્તૃત્વ, પૃ. ૧૩૯.

× મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ–૨, પૃ. ૯૩

સુદામાનો અનુભવ કહેતા નરસિંહમાં એમની સ્વપ્રતીતિ પણ ભળી હોય એમ જણાય છે. સુદામાને મન કૃષ્ણનું ઈશ્વર તરીકે નહીં પણ મિત્ર તરીકે મહત્ત્વ છે. નરસિંહને મન પણ કૃષ્ણ મુખ્યત્વે 'સખા' છે. આથી, બંનેના અનુભવનું ઐક્ય આ કૃતિ દ્વારા સધાતું હોઈ, અનુભૂતિ દૃઢ બની છે.

**ચાતુરીઓ** : 'નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ'માં શ્રી ઈચ્છારામ દેસાઈએ 'ચાતુરી છત્રીસી'નાં છત્રીસ પદો ને 'ચાતુરી ષોડશી'નાં સોળ પદો સંપાદિત કર્યાં છે. પહેલી ચાતુરીમાં ગોપીને કૃષ્ણ મળતાં થતા આનંદનો ઉછાળ વર્ણવાયો છે. બંનેના શૃંગારભાવને કવિએ મુક્ત મનથી આલેખ્યો છે. આ શૃંગારમાં સ્થૂળ ચેષ્ટાઓ પણ સમાવિષ્ટ છે. બંનેનાં કૃતક રિસામણાં—મનામણાંના વિવિધ ભાવોને કવિએ સુંદર રીતે આલેખ્યા છે.

'ચાતુરી ષોડશી'માં રાધા કૃષ્ણથી રિસાઈ છે. આથી કૃષ્ણ તેને મનાવવા લલિતાની સહાય લે છે. લલિતા રાધાને મનાવવામાં સફળ થાય છે, ને રાધા—કૃષ્ણનો વિહાર વિગતે આલેખાયો છે.

આ સોળ પદોમાં એ પછી સ્થૂળ—સૂક્ષ્મ શૃંગારનું યુગપત્ મિલન રચાયું છે. કૃષ્ણ સાથે માણેલો કામવિહાર સખીને કહેલાં રાધા જણાવે છે;

શ્યામ સંજોગી રસનો ભોગી, વનમાં મળ્યો વ્રજનાથ,
કર ગ્રહ્યો મારો કામીએ, કે ભલે આવી ભામિની;
આવ અબલા આપણે બેહુ, ક્રીડા કીજે કામિની. ૩

પણ આ શૃંગારની ફલશ્રુતિ આ છે :

અંતર ટાળી એક કીધી, મનાવ્યું તે મારું મન.

આ પદોના પ્રારંભે રિસાયેલી રાધાને મનાવવા માટે દલીલ કરતી લલિતા જે વાત કરે છે એમાં પણ કૃષ્ણનું અલૌકિકત્વ પ્રગટ થયું છે : એ કહે છે કે, સુર—બ્રહ્મા જેનું ધ્યાન કરે છે, જેને મેળવવા મુનિજન તપ કરે છે છતાં તેને પામતા નથી એ તને ઈચ્છે છે, યાદ કરે છે ત્યારે રીસ કરવી તને શોભતી નથી. આમ, આ કૃતિના શૃંગારમાં પણ એનો મર્મ તરી આવે છે.

**પદો :** નરસિંહની આખ્યાનાત્મક કૃતિઓ જોયા પછી તેમનાં પદો વિશે વિગતે જોઈએ. નરસિંહનો પદસંગ્રહ ખૂબ વિશાળ છે. સમગ્ર પદસંચયને નરસિંહનો માનતાં કેટલાક પ્રશ્નો તો નડે છે જ, પણ અહીં એની શ્રદ્ધેયતાની ચર્ચા ઉદ્દિષ્ટ ન હોઈ, આ પદોને નરસિંહનાં ગણીને જ જોઈએ.

**શ્રીકૃષ્ણજન્મસમાનાં પદો :** આ પ્રકારનાં અગિયારેક પદો મળે છે. એમાં કૃષ્ણજન્મ વિશેની પ્રસ્તાવના, દેવકી—વસુદેવના લગ્નથી માંડીને કંસનો એ બંનેને ત્રાસ તેમ જ કૃષ્ણજન્મ અને કંસવધની કથા આલેખાઈ છે. આ પદોમાં ચમત્કૃતિનું તત્ત્વ કે કવિત્વ નથી. ટૂંકમાં જ કથા કહેવાઈ છે.

**શ્રીકૃષ્ણ જન્મ વધાઈનાં પદ :** આ અંગેનાં દસેક પદ મળે છે. નંદને ઘેર કૃષ્ણનો જન્મ થતાં નંદ—યશોદા તેમજ ગોપીઓનો ઉમળકો કવિએ ગાયો છે. કૃષ્ણના બાળરૂપને લડાવતા કવિ એમનું અલૌકિકત્વ ભૂલતા નથી, તેથી તો 'ધન્ય જસોદા જીવન જાયો, પૂરણ મહાતપ કીધાં રે' કહીને વચ્ચે અદ્‌ભુત રસનું નિરૂપણ કરી આપે છે. કૃષ્ણને હીરા—મોતી જડેલા સાવ સોનાના પારણામાં ઝુલાવવામાં આવે છે.

'મહાલામહાલ કરે માનિની' જેવી અર્ધપંક્તિમાં કૃષ્ણજન્મથી ઉત્સાહિત થયેલી ગોપીઓનું સુંદર ચિત્ર ગત્યાત્મકતાથી મુકાયું છે. કવિને પ્રિય એવો વિરોધનો ભાવ પણ આ રીતે રજૂ થયો છે :

જે મુખ દીઠડે રવિ—શશી કાંપે, તે મુખ જસોદા રુદયા—શું ચાંપે.

**બાળલીલાનાં પદ :** બાળલીલાનાં ચાલીસેક જેટલાં પદો મળે છે. આ પદોમાં બાળકૃષ્ણની યશોદા તેમ જ ગોપીઓ સાથેની વિવિધ લીલા ભાવુકતા-પૂર્વક નરસિંહે ગાઈ છે, પારણાંમાં ઝૂલતા, યશોદાના ખોળામાં ખેલતા કૃષ્ણે વ્રજમાં ધૂમ મચાવી છે. બહારથી નિર્દોષ જણાતા આ બાળકની ચાલાકી અને ચતુરાઈ સાથે સભર માતૃત્વના ભાવનો સમન્વય કવિએ રચી દીધો છે. કવિને કૃષ્ણનું મૂળ રૂપ વારંવાર યાદ આવી જાય છે. એ રૂપનું થોડુંક દર્શન કરાવીને પાછું તેને આવરી લેતા કવિનો પ્રસન્ન અભિગમ આ પદોને હૃદ્ય બનાવી શક્યો છે.

બાળકૃષ્ણે માતા યશોદાનું જીવન તો જાણે કે એની લીલાઓ દ્વારા પરિતૃપ્ત કરી દીધું છે. ક્યારેક તો એ આકાશના ચંદ્રને લાવવા હઠ કરે છે

ત્યારે માતા માખણ બતાવીને તેને રાજી કરી દે છે. તો ક્યારેક યુક્તિપૂર્વક થાળીમાં તેનું પ્રતિબિંબ બતાવીને કૃષ્ણને સંતોષ આપે છે. કૃષ્ણને ભોજન કરાવતી યશોદા વિનવણી કરીને હળવે હળવે તેને જમાડે છે.

બાળકૃષ્ણનાં તોફાનોથી વાજ આવી ગયેલી ગોપીઓ યશોદા પાસે આવીને રાવફરિયાદ કરે છે ત્યારે યશોદા કૃષ્ણને અનુનયપૂર્વક પરઘેર ન જવા કહે છે, પણ એ તો છાને ખૂણે બેસીને. ગોપીઓના દેખતાં તો યશોદા ચોખ્ખું પરખાવે છે :

મારો કાનજી ઘરમાં હુતો ક્યારે દીઠો બહાર રે?

માતા જેને આટલાં લાડ લડાવે છે તેના પર ગોપીઓ તો નારાજ છે. જશોદા કહે છે. મારો 'કાનજી' એવો નથી. તેના પ્રત્યુત્તરમાં જાણે કહેતી હોય તેમ ગોપી બોલી ઊઠે છે :

કાનજી કાનજી સહુ કોઈ કહે રે, અમે ગોવાળિયો કહેશું રે;
જો તું અમને આળ ચઢાવીશ તો મથુરા જઈ રહેશું રે.

યશોદા ગોપીએ કરેલી કૃષ્ણની ફરિયાદ સાચી માનતી નથી ત્યારે છણકો કરતી ગોપી કહે છે :

'આ જોને આ જોને તારા પુત્ર કેરાં પગલાં રે,'

કૃષ્ણ શીંકેથી મહી ઉતાર્યું, ભાવે એટલું ખાઈને ઢોળ્યું, સૂતાં બાળક જગાડયાં—કેટલું કહેવું ? પણ આ ફરિયાદ તો કરવા ખાતર. એ કરવાને બહાને ખરેખર તો ગોપી કૃષ્ણને જોવા આવી છે. ગોપીની ફરિયાદ સાંભળીને યશોદા કૃષ્ણને બોલાવે છે ને તેને જોતાંવેંત ગોપી હાલવા—ચાલવાનું ભૂલી જઈ, તેને જોવામાં લીન બને છે.

ભાગવતમાં જે રીતે બાળલીલા વર્ણવાઈ છે તેમાં કૃષ્ણનાં પરાક્રમો મુખ્ય છે. નરસિંહને આવાં પરાક્રમોમાં ખાસ રસ હોય એવું જણાતું નથી. એમને તો કૃષ્ણલીલાને બહાને પોતાનું વાત્સલ્ય, પ્રેમ ને ભક્તિ વહેવડાવવાં છે. આથી, આ બાળલીલાનાં પદોમાં જેને પરાક્રમનું પદ કહી શકાય એવું એક પદ 'જળ કમળ છાંડી જાને બાળા' એ જ મળે છે. આ પદમાં યમુના નદીમાં રહેતા કાલિય નામના ઝેરી સર્પના ત્રાસથી લોકોને છોડાવવા કૃષ્ણ ધરામાં પડે છે. તેમને આવેલા જોઈ, નાગણો તેમને પાછા જવાં વીનવે છે પણ કૃષ્ણ

કાલિયને હરાવીને જ જંપે છે. આખું કાવ્ય નાગણ ને કૃષ્ણના સંવાદોથી, કૃષ્ણના 'મથુરા નગરીમાં જૂગટું રમતાં નાગનું શીશ હારિયો' જેવા ઉત્તર દ્વારા પ્રત્યુત્પન્નમતિત્વની પ્રતીતિ કવિએ કરાવી છે. બાળકૃષ્ણ પાછા ઠાવકા છે, તેથી નાગણ પોતાનો હાર ચોરીને કૃષ્ણને આપવા માગે છે ને એ રીતે કૃષ્ણને ત્યાંથી રવાના કરવા માગે છે [પાછા કાઢવા માગે છે] ત્યારે કૃષ્ણ તેને પોતાના જ ઘરમાં ચોરી ન કરવાની સલાહ આપે છે.

યશોદાના, ગોપીઓના લાડકવાયા કૃષ્ણ કોઈ સામાન્ય બાળક નથી એવું ભાન કવિના મનમાં તો સતત છે. આથી, પારણામાં ઝૂલતા કૃષ્ણ જ્યારે યશોદાને મહી વલોવવામાં મદદ કરવા ઊભા થાય છે ત્યારે મેરુ પર્વતને ડર લાગે છે કે કૃષ્ણ કયાંક મારો રવૈયો ન કરી નાખે! વાસુકિ નાગ વિચારે છે, મારું નેતરું તો નહીં બનાવે! આમ, ક્ષણિક કવિથી રહસ્ય ખુલ્લું થઈ જાય છે. આ કૃષ્ણને કારણે, એમની ઉપસ્થિતિથી ગોકુળ વૈકુંઠ બની ગયું છે! આવા બાળકૃષ્ણને જમાડવા ઇચ્છતી ગોપી ધીમેધીમે તેને પોતાની સેજમાં રમાડવા ઇચ્છી રહી છે. રાતોરાત આ બાળકૃષ્ણ ગોપીનો સ્વામી બનીને ગોપીના હૃદય પર અધિકાર જમાવે છે. છેવટે ગોપી કહે છે :

મારે નવ રે કોઈનું કામ, કામ તમારું છે;
મારે તમ પ્રતાપે શ્યામ, સરવે સારું છે.

બાળલીલા ગાતા કવિનો વ્યાપ કયાંથી કયાં પહોંચે છે એ જોવા જેવું છે.

**મહીવલોણાંનાં પદ** : બાલકૃષ્ણ સાથેની ગોપીની અનેક પ્રકારની ચેષ્ટાઓ, મજાક, મસ્તી સાથે મહીવલોણાંને વિષય તરીકે લઈને પણ પાંચેક પદો મળે છે.

મહી વલોવતી ગોપી આનંદથી ભરેલી છે. કેમ કે કામ કરતાં કરતાં કૃષ્ણનું તેને સતત રટણ છે. મહી વલોવતાં વલોવતાં કૃષ્ણની મદદ માગતી ગોપી 'તને સ્પર્શ્યા વિના મારું માખણ મેળમાં આવતું નથી' કહીને આડકતરી રીતે કૃષ્ણનો સ્પર્શ માગી લે છે. તેની આ કૃષ્ણરતિના બળે કૃષ્ણ જિતાઈ જાય છે ને કહે છે :

'સખી તારા ગુણ ઉચ્ચરું, રસના-શું ગાન કરું,
તારે ધ્યાને મારું અંગ તૃપ્ત નાહીં;

ગોપીનું ગાંડપણ પણ કેવું કે કૃષ્ણને આવતા જોઈ મહી વલોવવું છોડીને તેના સાથે રમવું શરૂ કરી દે છે! તેનું સારું ય ધ્યાન કૃષ્ણ પર છે:

'વેણીનાં ફૂમકાં ઢળકતાં દીસે, જાણે કો મણિધર ડોલે રે;
ઉન્મત્તપણે જોબન મદમાતી, કહાન કહાન મુખ બોલે રે.

પદોમાં આવતી આ પ્રકારની ચિત્રાત્મક અભિવ્યક્તિ ધ્યાન ખેંચનારી બની છે.

**જમુના જળ ભરવા જવાનાં પદ :** જમુનાતીરે પાણી ભરવા જતી ગોપીની કૃષ્ણ વિશેની ફરિયાદનાં દસેક પદ મળે છે. બહારથી તો ગોપી પાણી ભરવા જવાની ના પાડે છે કારણ કે રસ્તે મળતો કૃષ્ણ તેને પજવે છે. કૃષ્ણ ગોપીનો કમખો ફાડે છે, ગોળી ફોડે છે ને સૌથી મોટી વાત એ છે કે ગોપીના હૈયાનું હીર હરે છે. ગોપી આંખ દેખાડે છે તો કૃષ્ણ તેની બાંય મરડે છે ને મોઢેથી ઠપકો આપે છે તો ગાગર ફોડે છે પરંતુ કૃતક રોષ કરતી ગોપી મનોમન તો કૃષ્ણ પાસે વેચાઈ ગઈ છે. ગોપી પાણી ભરવા આવે છે તો આવા ઠસ્સાથી :

લટકતડી આહીરડી આવે, કાળી ધાબળિયારી રે;

* * *

હૈયા ઉપર હાર ઝુલરાવે, કરે નયણનો ચાળો રે.

પાણી ભરવાને બહાને આવેલી ગોપી ખરેખર આવી તો છે બીજા કામે :

ઘડૂલડા ત્યાં મેલ્યા અમથા, મનમાં મોહન લાલ રે.

ને તેના પ્રેમને વશ થઈને તેને પજવતાં કૃષ્ણ તેને પ્રદાન કર્યું 'આપ સરીખડું સ્થાન'.

**વસંત કે ફાગનાં પદ :** આ પદોમાં ગોપી-કૃષ્ણે ખેલેલો વસંતોત્સવ કે ફાગોત્સવ વર્ણવાયો છે. આ ઋતુમાં ગોપીનો આનંદ માતો નથી. એ અબીલ-ગુલાલની હેલી લઈને નીકળી છે. નાચીને, ગાઈને, ચંગ વગાડીને આ આનંદ ગોપી પ્રગટ કરે છે. 'વસંતઋતુ વૃંદાવન પ્રસરી' કહીને કવિએ ઉત્સાહનો વ્યાપ સૂચવ્યો છે.

ગોપીઓ સાથે કૃષ્ણે મન ભરીને વિચિત્ર લીલા-કેલિ કરી છે. કૃષ્ણને જોવા ઉતાવળી થયેલી ગોપી 'શોધતી શ્યામા શ્યામ શ્યામ'માં મૂર્ત થઈ છે.

આ ગોપી માત્ર શ્યામ—યશોદાના નંદન એવા શ્યામ-ને નહીં, પણ સોળ સહસ્ર શાખવાળા, વસુદેવે વાવેલા, યશોદાએ સિંચેલા, સાત પાતાળમાં જેનાં મૂળ છે એવા ગોકુળમાં મ્હોરેલા આંબાને જોવા જઈ રહી છે. જે આંબાને ધ્રુવે, પ્રહ્‌લાદે, અંબરીષે વેડયો છે, જે વૈષ્ણવના હૃદયમાં વસી રહ્યો છે એવો આંબો ગોપીને તો ઘરઆંગણે છે.

શૃંગારની ઉન્મત્ત ક્ષણોની વચ્ચે કવિ હળવેકથી અદ્‌ભુતનો સ્વાદ ચખાડીને કહેવાની વાતને માર્મિક વળાંક આપી દે છે.

ક્યાંક ગોપીના કૃષ્ણ પ્રત્યેના કટાક્ષ—પ્રહાર નોંધપાત્ર બને છે :

અમ હથિયારો ચુઆ ચંદનનાં, અબીર ગુલાલે દુખાશો

* * *

અમ અબળા બ્રહ્માએ સરજ્યાં, વેદ કહે તમે સબળા.

છેવટે તો મહત્ત્વ છે સમર્પણનું : કૃષ્ણ પાસે આ સબળા એવી અબળા હાર સ્વીકારીને ધન્ય બને છે.

**વાંસળીનાં પદ** : વાંસળીને લગતાં પચીસેક પદ મળે છે. આ પદોમાં ગોપી કાં તો વાંસળીને ઉદ્દેશીને વાત કરે છે યા તો વાંસળીને સંદર્ભે ચર્ચા કરે છે.

સામાન્ય રીતે તો ગોપી વાંસળીની ઈર્ષા કરે, કેમ કે વાંસળી સતત કૃષ્ણની પાસે રહી છે. મધ્યકાળના અંતિમ કવિ દયારામે આ પ્રકારનાં પદો રચ્યાં છે પણ નરસિંહની ગોપીમાં અસૂયાભાવ બહુ દેખાતો નથી. એ કૃષ્ણમાં જ રત છે. કૃષ્ણની વસ્તુઓ તો ઊલટી તેને પસંદ છે. ક્યાંક એ વાંસળી વિશે ફરિયાદ કરે છે પણ એમાં ઈર્ષાનું વજન ઓછું છે. હા, કૃષ્ણની વાંસળી વાગે છે તે કારણે કૃષ્ણ યાદ આવી જાય છે એ અર્થમાં વાંસળી વેરણ બની છે ખરી.

ગોપીની માગણી આટલી જ છે : કૃષ્ણ ઘર પાસેથી માત્ર પસાર થાય ને ગોપીની સામે નજર કરે; પણ કૃષ્ણને તો સોળ સહસ્ર રાણી અણમાનીતી છે, માનીતી તો છે માત્ર વાંસળી. આ કથન કવિનું જણાય, કેમ કે વૃંદાવનમાં તો કૃષ્ણ બાળક છે.

અહીં પણ ગોપીની નારાજગી સરસ રીતે વર્ણવાઈ છે. કૃષ્ણ આવશે તો નહીં જ બોલું એવા ગોપીએ સમ ખાધા છે, પણ એની મોરલીનો નાદ

સાંભળીને બંધ રાખેલું દ્વાર ખોલ્યું ને પ્રણામપૂર્વક કૃષ્ણનો સત્કાર કરી બેઠી! રાત્રે કૃષ્ણ મોરલી વગાડે છે ને આખી રાત રાહ જોતી ગોપી કૃષ્ણ ન આવતાં આંસુ લૂછ્યા કરે છે – છેક સવાર સુધી. મોરલીના નાદમાં ઘેલી થયેલી ગોપીને ગાયને દોહતાં દોહતાં સાડી ભીંજાયાની સરત પણ રહેતી નથી.

ક્યારેક ગોપી વાંસળીની ઈર્ષા કરે છે ત્યારે અત્યાર સુધી મૌન રહેલી વાંસળી કૃષ્ણના તેનાં પ્રત્યેના પ્રેમનું કારણ કહે છે. વાંસળીએ સંસારસુખ ત્યજ્યું છે, ઋતુઓ વેઠી છે, શાર પડાવ્યા છે. આથી એ કૃષ્ણને વહાલી બની છે. ભક્તિની ચૂકવવી પડતી કિંમત કવિએ અહીં રૂપકાત્મક ઢંગથી સૂચવી છે.

**ઝાંઝરનાં પદ :** આ પ્રકારનાં અઢારેક જેટલાં પદ મળે છે. ઝાંઝરનો સંદર્ભ નરસિંહનાં પદોમાં ઠેર ઠેર વેરાયેલો જોવા મળે છે. ક્યાંક એનો સૂક્ષ્મ અર્થ વરતાય છે, ક્યાંક ચિત્રાત્મકતા પ્રગટે છે તો ક્યાંક સૌંદર્ય.

ઝાંઝર ગોપીનાં આભૂષણોમાં પ્રધાન છે. કૃષ્ણને મોહ પમાડે છે આ ઝાંઝર. ગોપીનો ઠસ્સો ઝાંઝરના ઝમકે બેવડો બને છે :

રમઝમ રમઝમ નેપૂર વાજે, શશીવદની મુખ મચ્છર છાજે;

પરંતુ આ જ ઝાંઝર દુશ્મનનું કામ પણ કરે છે :

કેમ આવું મારાં નેપૂર વાજે, સાસુ—નણદી જાણે રે.

ક્યાંક શૃંગારના આ કવિ પર તત્ત્વજ્ઞાનનો ઓછાયો પડી જાય છે ને ઝાંઝરનો સંદર્ભ ગંભીર રૂપ ધારણ કરે છે :

ગોરી તારાં નેપૂર રણઝણ વાજણાં રે, વાજ્યાં કાંઈ માઝમ રાત મોઝાર;
સૂતું નગર બાધું જગાડિયું તે તો તાહરાં ઝાંઝરનો ઝમકાર.

આ પદો કવિની સતેજ શ્રાવણેન્દ્રિયનો પ્રભાવક પરિચય કરાવે છે.

**ચાંદલાનાં પદ** : શૃંગારનું એક તત્ત્વ ચાંદલો. એને અનુલક્ષીને અગિયારેક પદ મળે છે. ચાંદલાના પણ અનેક સંદર્ભો કવિએ આપ્યા છે :

તું મારે ચાંદલિયે ચોટયો શા રે મહૂરતમાં, શામળિયા ?

ક્યાંથી આવી પડયો મારા ચિત્તમાં કે પછી સૌભાગ્યના ચિહ્ન તરીકે! જ્યારે જુઓ ત્યારે સાથેનો સાથે.

ક્યાંક ગોપીનું શારીરિક સૌંદર્ય ને કવિનું શબ્દસૌંદર્ય પ્રગટે છે આ રીતે :

ચાંદલો ઘૂંઘટડામાં ઝળકે, તે જોઈ પિયુનું મન ચળકે.

× × ×

ચાંદલો કામાએ કર કરિયો, જાણે શશી ઉપર દિનકર ધરિયો.

**દાણલીલાનાં પદ :** નરસિંહને નામે બે 'દાણલીલા' મળે છે; તે ઉપરાંત, આ વિષયને લગતાં વીસેક જેટલાં છૂટાં પદો મળે છે. આ છૂટક પદોની જ અહીં ચર્ચા કરી છે, કેમ કે બંને 'દાણલીલા' નરસિંહની શ્રધ્ધેય કૃતિઓ ગણાવાઈ નથી.

આ પદોમાં કૃષ્ણ દાણી થઈને ગોપીની વાટ રોકે છે અને દાણ લેવાનો આગ્રહ રાખે છે પણ ગોપી દાણ આપવા તૈયાર નથી ત્યારે કૃષ્ણ ગોપીની નવરંગ ચૂંદડી ફાડીને, કંચુકીની કસ તોડીને મહી પડાવી લે છે, થોડું ઢોળે પણ છે. આથી ગુસ્સે થયેલી ગોપી યશોદા પાસે જઈને કૃષ્ણની રાવ—ફરિયાદ કરે છે અને એને સીધો રાખવા છણકો કરીને કહે છે.

સાંજે ઘેર આવેલા કૃષ્ણને સમજાવતાં યશોદા તેને આવું કામ ન કરવા જણાવે છે. જવાબમાં કૃષ્ણ વિનમ્રતાપૂર્વક માતા પાસે ગોપીની ફરિયાદ કરે છે. ગોપી તેની મોરલી ઝૂંટવે છે. ચૂંટી ખણે છે, ગાળો પણ બોલે છે. આ સાંભળીને યશોદા ભોળવાય છે. અંતે કૃષ્ણ સાચા ઠરે છે ને ગોવાલણી જૂઠી. ગોપીને આનંદ છે જૂઠા ઠરવામાં ને કવિને રસ છે કૃષ્ણને સાચા ઠેરવવામાં. પદોના રજૂ થતા ભાવનો વિરોધાભાસ એ છે કે કૃષ્ણે આવાં તોફાનો કરીને ગોપીનાં ધરમ—ધ્યાન છંડાવ્યાં ને છતાં તેને 'આપ—સરખડી કીધી' — ધન્ય કરી નાખી.

**હિંડોળાનાં પદ :** હિંડોળાને વિષય બનાવીને રચાયેલાં પિસ્તાળીસ જેટલાં પદ મળે છે. કૃષ્ણ સાથે હિંડોળે ઝૂલવાનો આનંદ લેતી ગોપીની પરિતૃપ્તિ અહીં વર્ણવાઈ છે.

આ હિંદોલોત્સવ શ્રાવણમાં ઊજવાય છે. યમુનાને કાંઠે એકઠી મળેલી ગોપીઓ ને કૃષ્ણ આંબાડાળે હીરની દોરીએ બાંધેલા હિંડોળે ઝૂલે છે. આ ક્રીડા બિનંગત છે. સુરિનર એના દ્રષ્ટા છે.

રાધા આ ક્રીડાનું મુખ્ય પાત્ર છે. કૃષ્ણ એની પાછળ પાગલ છે—આટલી હદે :

વહાલાને વહાલી રાધા લાગે રે, માન મેલીને પાયે લાગે રે.

શ્રાવણ માસનું વાતાવરણ, શ્રાવણી પૂનમની રઢિયાળી રાત, રમઝમ વરસતો મેહ, દાદુર—બપૈયાની વાણી, આ બધી ઉદ્દીપન સામગ્રી બંનેને રસિક બનાવવા માટે પૂરતી છે. રાધા—કૃષ્ણને ક્યાંક 'નાનડિયાં' કે સોળ વર્ષનાં બતાવ્યાં છે. શૃંગારનો આખો સંદર્ભ આ રીતે વર્ણવાય છે :

એની મીટમાં મોહન—વેલ રે, પરમાવધિ રંગની રેલ રે.
વૃંદાવન ફૂલ્યું અપાર રે, તાહાં પરિમલ પ્રસર્યો સાર રે.

વળી 'ત્રિવિધ પવન અતિ વાય રે, તિહાં ઘન ગર્જે ઘટા થાય રે' જેવાં વર્ણનો આકર્ષક છટા ઊભી કરે છે.

**રાસનાં પદ :** આમ તો નરસિંહને નામે 'રાસસહસ્રપદી' નામક રચના મળે છે જે રાસનાં એક હજાર પદ હોવાનું સૂચવે. પણ 'નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ'માં રાસને નિમિત્ત બનાવીને ૧૮૯ જેટલાં પદ મળે છે. એમાં પણ ક્યાંક પુનરાવર્તન જોવા મળે છે. આથી અહીં આવાં પુનરાવર્તનો ટાળીને રાસનાં પદોમાં કવિ જે કહેવા માગે છે તેની જ નોંધ લઈએ તો આ પદોમાં કૃષ્ણનો ગોપી સાથે રમાયેલો રાસ આ પદોનો વિષય બન્યો છે. ભાગવતની રાસલીલાની આ પદો પર વ્યાપક અસર છે,

કૃષ્ણ પાસે મધ્યરાત્રિએ આવેલી ગોપીઓને પ્રથમ તો કૃષ્ણ પતિવ્રતા ધર્મ સમજાવીને પાછાં જવા કહે છે પણ ગોપીઓની આરત જોઈને કૃષ્ણ શરદપૂનમની રાત્રે તેમને રાસ રમાડે છે. આ માત્ર રાસલીલા બની રહેતી ક્રીડા નથી, એમાં શૃંગારની વિવિધ ચેષ્ટાઓ પણ વ્યક્ત થાય છે. દિવેટિયો થયેલો નરસિંહ આ લીલા જુએ છે એવો ઉલ્લેખ અવારનવાર આવે છે.

ગોપીઓની મજાક કરવા કૃષ્ણ રાસલીલા રમતાં રમતાં અચાનક અદૃશ્ય થાય છે ને વનિતાના સ્નેહબળે ફરી પ્રગટ થાય છે. રાસ રમવા ગયેલી ગોપી કૃષ્ણના નાદથી એટલી તો પાગલ બની છે કે અવળાં આભૂષણ પહેરી, બાળકોને રોતાં મૂકી, એક આંખમાં અંજન આંજીને ચાલી નીકળી છે.

આ રાસલીલા રખેને કામલીલા ગણાય તો તો કવિનો હેતુ ન સરે. આથી અંતે કવિ કહે છે :

ગોપી માંહે ગેલ કરંતો, કેશવ કોણે ન કળાણો રે.

* * *

ભણે નરસૈંયો માનિનીઓને વહાલે અભયપદ દીધો રે.

ભાગવતમાં વ્યાસે જે રૂપકથી રાસલીલાને આલેખી છે એ રૂપકને નરસિંહ યોગ્ય રીતે આત્મસાત્ કરી શક્યા છે એમ અહીં સમજાય છે. તેમની દષ્ટિમાં શૃંગારની પૂરી સમજ સાથે પરિપકવતા પણ પ્રવર્તતી વરતાય છે.

**ગોપીસંદેશનાં પદ** : ગોપીઓએ જે કૃષ્ણને મનભરીને ચાહ્યા છે એ કૃષ્ણ બધી પ્રીત ભૂલીને, છોડીને અચાનક મથુરા ચાલ્યા ગયા છે ને ત્યાંના બનીને રહ્યા છે. પાછળથી મિત્ર ઉદ્ધવને ગોપીઓ પાસે મોકલે છે ત્યારે ગોપીઓ ઉદ્ધવ સાથે કૃષ્ણને સંદેશ મોકલાવે છે. આમ, આ પદોમાં ગોપી જાતને, સખીને તેમ જ ઉદ્ધવને સંબોધીને વાત કરતી વર્ણવાઈ છે. અગિયારેક જેટલાં પદોમાં ગોપીની ઘૂંટાયેલી વ્યથા વ્યક્ત થઈ છે.

ગોપીને હવે શણગાર સજવામાં રસ નથી. એને જોનાર એવા કૃષ્ણ ક્યાં છે ? કૃષ્ણને મથુરાનગરીની સ્ત્રી સાથે વાત ન કરવા કહેવડાવતી ગોપી મથુરાનગરીના સર્વ લોકો પ્રત્યે નારાજ છે. ઉદ્ધવને એ કહે છે કે જે દિવસથી કૃષ્ણ ગયા છે એ દિવસથી અમે દેહ ગાળીને જીવીએ છીએ. કૃષ્ણના જવાથી ગોપીને હિમાલય જઈને ગળી જવાની ઇચ્છા થાય છે. વલોણાં વલોવવાની ક્રિયા, ઘરનું દરેક કામ તેના હૈયામાં વાગે છે. આ વાત કરતાં કરતાં ગોપી કૃષ્ણને શાપ દઈ બેસે છે :

કહાના તારી જાતલડી જાણી, જગતમાં કોઈ નહીં પાય પાણી,

કુબ્જાને પણ કહેવડાવે છે કે તું હરિનું ધ્યાન રાખજે. એમને બીજું કંઈ ભાવતું નથી. એ માત્ર માખણ જ ખાય છે. એમને ધીમેથી જગાડજે નહીંતર એમનું કોમળ અંગ કરમાઈ જશે. શુક—સનક પણ એમનો પાર પામ્યા નથી માટે તું એમને પામીને અભિમાન ન કરતી.

આ પદોમાં ગોપીનો કૃષ્ણ પ્રત્યેનો સમર્પણભાવ ને સમજ એક સાથે પ્રગટ થાય છે.

આ પદો ઉપરાંત પણ નેત્ર—કટાક્ષ, ઉપાલંભ, રતિસુખ, રિસામણાં વગેરેનાં પદો મળે છે. આ પદોમાં વિષયવસ્તુ એક જ પ્રકારનું જોવા મળે છે. શૃંગારની વિવિધ ભાવછટાઓને વ્યકત કરતાં આ પદોને શૃંગારનાં પદો તરીકે ગણીને એના વિવિધ સંદર્ભોની 'નરસિંહનો શૃંગાર' એ પ્રકરણમાં વિગતે ચર્ચા કરી છે.

આમ, નરસિંહનો પદસંચય વિશાળ છે. અલબત્ત, એમાં આગળ નોંધ્યું તેમ, ભાવોની એકવિધતા છે, કયાંક આરંભે વર્ણનનો વિષય બનતો મુદ્દો છેક સુધી ન જળવાય એવું પણ બને છે. પણ એકંદરે નરસિંહની ભકિત તેમ જ કવિત્વ બંનેનું યુગપત્ મિલન આ પદોમાં રચાયું છે.

**જ્ઞાનભક્તિનાં પદો :** શૃંગારના કવિ નરસિંહે પછીથી પરમ તત્ત્વને અનુલક્ષીને પંચોતેરેક જેટલાં પદો આપ્યાં છે. આ પદોમાં ઈશ્વરનાં સગુણ તેમ જ નિર્ગુણ સ્વરૂપને ખૂબ સુંદર તેમ જ સરળ રીતે કવિએ સમજાવ્યું છે. આ તત્ત્વને પામવાના ઉપાયો તેમ જ પામવા ન ઈચ્છતા જીવો પ્રત્યેની કરુણા ને પુણ્યપ્રકોપ પણ કેટલાક પદોમાં કવિએ વ્યકત કર્યાં છે. જીવનને અવસર માનીને તેને જીવવાની ઈચ્છા બોધાત્મક સૂરમાં કવિએ પ્રગટ કરી છે, જેની અલગ ચર્ચા 'નરસિંહની કવિતામાં ભકિત' ને 'નરસિંહનું તત્ત્વજ્ઞાન' એ પ્રકરણોમાં કરી છે.

આમ નરસિંહે પોતાના કવનમાં કૃષ્ણને જ સ્થાપીને ઠીકઠીક સંખ્યામાં સળંગ કૃતિઓ તેમ જ પદોની રચના કરીને તેમનું કવિત્વ તેમ જ ભકિત પ્રગટ કર્યાં છે. નરસિંહની આ કૃતિઓ આજે પણ લોકકંઠે એટલી જ તાજી બનીને રહી છે. એ ઘટના એમને એક અનુભવસિદ્ધ કવિ ઠેરવે છે. આ બધાં પદોના કર્તૃત્વની શ્રદ્ધેયતા કદાચ ચર્ચાસ્પદ હોય તો પણ લોકમાનસમાં રહેલો આ સંત પ્રત્યેનો આદર, આ પદો રચવા પાછળના હેતુને સિદ્ધ કરી શકયો છે. આમ પણ મધ્યકાળના સંતોએ પોતાનાં વ્યકિતત્વ ને કર્તૃત્વ દ્વારા એ સમયના સમાજને આધ્યાત્મિક બળ આપીને તેનો જીવનરસ સાચવ્યો; આ પદોએ પણ એ જ કામ કર્યું. આજે પણ અનેક પ્રશ્નો વચ્ચે જીવી રહેલા આમસમાજને હૈયે આ પદો શ્રદ્ધાનું સિંચન કરી શકે છે. એ પણ એનું મૂલ્ય છે.

# ૪. નરસિંહનો શૃંગાર

મધ્યકાલીન ગુજરાતી કવિતાને અવલોકતાં ને મૂલવતાં શ્રી અનંતરાય રાવળે* એને ત્રણ પ્રવાહમાં વહેતી બતાવી છે : એનો એક પ્રવાહ છે પ્રેમલક્ષણા ભક્તિની શૃંગાર કવિતાનો; બીજો વૈરાગ્ય અને જ્ઞાનના ઉપદેશની કવિતાનો અને ત્રીજો ભક્ત, ભગવાન અને ભક્તિનો મહિમા કરતાં આખ્યાનોનો. આમાંથી મધ્યકાળના સંતોએ પ્રેમલક્ષણા ભક્તિનું એક નવા સ્વરૂપે ખેડાણ કર્યું. ઈશ્વરને જારપ્રીતિથી ભજીને, સખીભાવે ભક્તિ કરીને આ ભક્તોએ પ્રિયતમના રૂપે ઈશ્વર સાથેનું ગઠબંધન સ્વીકાર્યું. ભાગવતકાર વ્યાસે કરેલાં કૃષ્ણનાં લીલાગાનનો સૌ પ્રથમ પડઘો પૂર્વમાં જયદેવે પાડ્યો. એ પછી બંગાળમાં ચંડીદાસ, મિથિલામાં વિદ્યાપતિ, ઉત્તરમાં સૂરદાસ વગેરેએ આ લીલાગાનનું વ્યાપક રીતે ગાન કર્યું.

દક્ષિણના સંતવિચારમાં કૃષ્ણને સ્થાન છે પણ એ સંતોએ લીલાગાન કર્યું નથી. મહારાષ્ટ્રમાં નિવૃત્તિનાથ, એમના અનુજ ને શિષ્ય જ્ઞાનદેવ અને જ્ઞાનદેવની સાથે જ જેમનું નામ લેવામાં આવે છે એ નામદેવની કૃતિઓમાં કૃષ્ણ પ્રત્યેની ભક્તિ વિશેષ સ્થાન ધરાવતી જણાય છે પણ આ કવિઓએ પણ ગોપી—કૃષ્ણની લીલા ગાઈ નથી. નરસિંહના વડેરા સમકાલીન કબીરે પણ માત્ર કૃષ્ણ, કહો કે ઈશ્વર પ્રત્યેની ભક્તિ જ અભિવ્યક્ત કરી છે. એટલે કે નરસિંહની નજીકના કે સમકાલીન ભારતીય સંતકવિઓએ કૃષ્ણનો ઈશ્વર તરીકે સ્વીકાર—સમાદર કર્યો છે. આથી એમ જણાય છે કે નરસિંહે પોતાના પૂર્વજ જયદેવ અને ભાગવતની અસર ઝીલીને શૃંગાર ગાયો છે. નરસિંહ, ચંડીદાસ અને વિદ્યાપતિથી બહુ પરિચિત જણાતા નથી. આ બંને કવિઓએ રાધા—કૃષ્ણની લીલા વિવેકયુક્ત ગરિમાથી ગાઈ છે. આ રીતે જોવા જતાં નરસિંહમાં શૃંગારનો એક જુદા જ પ્રકારનો સંદર્ભ જોવા મળે છે. એમના શૃંગારમાં એક બાજુ સંભોગશૃંગારની સ્થૂળતા પણ જોવા મળે છે તો બીજી બાજુ એ સ્થૂળતાને આધારે જ ભક્તિનું, કહો કે ગોપી—કૃષ્ણના અદ્વૈતનું આલેખન જોવા મળે છે. નરસિંહ પ્રકૃતિથી શૃંગારના કવિ નથી. મૂળે એ ભક્ત છે, તત્ત્વના જ્ઞાતા છે, આત્મતત્ત્વના અનુભવી છે. આથી એવું અનુમાન થઈ શકે કે

---

* 'ગુજરાતી સાહિત્ય' (મધ્યકાલીન); આવૃત્તિ પાંચમી, ૧૯૯૨, પૃ. ૭૧

જયદેવના પ્રભાવમાં આવીને, યા તો ભક્તિના પ્રારંભિક તબક્કામાં એમણે સ્થૂળ શૃંગારને ગાયો હોય. ગમે તેમ, પણ નરસિંહનાં પદોમાં થયેલો આ પ્રકારનો ભક્તિ–શૃંગારનો સમન્વય તેમની સખીભક્તિને આગવું રૂપ આપે છે.

ગુજરાતમાં, કદાચ સમગ્ર દેશમાં 'ભાગવત પહેલાં ભક્તિનું' જે રૂપ હતું એ જુદું હતું. ભક્ત ને ઈશ્વર વચ્ચે સંતાન ને માતા—પિતા કે સ્વામી—સેવકનો સંબંધ હતો. કયાંક કોઈ આર્ષદ્રષ્ટા ઋષિએ ઈશ્વરને 'સખા' માન્યો હોય તો એ જુદી વાત છે, પણ સામાન્ય રીતે ઈશ્વર એટલે પૂજ્ય; મનુષ્યનો રક્ષક; મનુષ્યે કરેલાં પાપોને માફ કરનાર. આવી બધી વ્યાખ્યાઓ આ સંબંધને લાગુ પાડવામાં આવતી હતી પરંતુ મધ્યકાળના ભક્તોને આ સંબંધોમાં એક પ્રકારનું અંતર વરતાયું હશે તેથી કે પછી ભારતમાં ઈસ્લામી શાસનના અમલ પછી સૂફી સંતોનો પરિચય થતાં એમના પ્રેમભક્તિના ભાવને આ સંતોએ સ્વીકારવા યોગ્ય ગણ્યો હશે. પણ આ ગાળામાં થયેલા સંતોએ ઈશ્વર પ્રત્યેની દષ્ટિ જ બદલાવી નાખી. ઈશ્વરને તેમણે પોતાનો પ્રિયતમ ગણ્યો ને પોતાની જાતને પ્રિયતમા. કદાચ આ સંબંધ જ ઈશ્વર અને તેના ભક્તની નિકટતાને સૂચવવા માટે તેમને યોગ્ય જણાયો હશે. તેથી જ તો ભાગવતમાં નિરૂપાયેલ ચીરહરણના રૂપકને આ સંતો યોગ્ય સંદર્ભમાં સમજયા જણાય છે. ભક્ત—ભગવાન વચ્ચે રહેલા નાનામાં નાના અંતરને દૂર કરવાનો સંકેત વ્યાસે અહીં જે રીતે રજૂ કર્યો છે ને એ દ્વારા સંબંધોના આવરણને દૂર કરીને અદ્વૈતનું મૂલ્ય કર્યું છે તે જ ભાવને મધ્યકાળના સંતોએ શૃંગારનાં કાવ્યો દ્વારા પ્રગટ કરીને ઈશ્વર—ભક્તનું સાયુજય સમજાવવા મથામણ કરી છે.

આગળ જોયું તેમ નરસિંહ મૂળે ભક્ત છે. પણ ભક્તિને એના પૂર્ણ રૂપમાં પ્રગટ કરવા એમણે શૃંગારનો આશ્રય લીધો છે. ભક્ત—ભગવાનના પ્રેમમાં જે અભીપ્સા અને આતુરતા રહેલાં છે, પછી થતા મિલનની મસ્તી રહેલી છે ને આ બંનેને પાર કરીને સધાતા અદ્વૈતની પ્રાપ્ત થતી કક્ષા છે તેને સૂચવવા માટે માનુષી પ્રણયભાવનાનો આશ્રય લીધા વિના આ કવિઓનો છૂટકો રહ્યો નથી, ગીતાએ પણ ઈશ્વર—ભક્તના સંબંધને પ્રિયતમ–પ્રિયતમાના દષ્ટાંતથી સમજાવ્યો છે. ઈશુએ પણ આતુર આત્માને વરની રાહ જોતી કુમારિકા સાથે સરખાવ્યો છે; સેઈન્ટ બર્નાર્ડ પણ આ સંબંધને વર—વધૂના પ્રણય સાથે

મૂકીને એ સંબંધના સહિયારાપણાનું આગવું મૂલ્ય કરે છે એટલે કે આ શૃંગાર ઉમાશંકર જેને રસમૂલક રહસ્યવાદ (erotic mysticism) કહે છે તે છે.*

નરસિંહની કવિતામાં વ્યક્ત થતો પ્રણયનો રંગદર્શી ભાવ દેખીતી રીતે 'વિલાસી' લાગે છે પણ એને ઊંડાણપૂર્વક તપાસતાં એનો આધ્યાત્મિક સંદર્ભ તરત પકડાય છે. આ ગાળાના તમામ સંતોએ પ્રભુપ્રેમના સંદર્ભને શૃંગારની ભાષામાં જ વ્યક્ત કર્યો છે ને શૃંગારની વિભાવના પલટાવી નાખીને શૃંગારને ભગવો રંગ ચઢાવ્યો છે.

નરસિંહની કવિતાનાં નાયક—નાયિકા છે કૃષ્ણ અને ગોપી. આ બંનેને અનુલક્ષીને નરસિંહે મનભરીને શૃંગાર ગાયો છે. ભક્તિ—જ્ઞાનનાં પદોને બાદ કરતાં નરસિંહનાં લગભગ બધાં પદોમાં શૃંગાર છવાયેલો છે. એમનો આ શૃંગાર બહુચર્ચિત પણ બન્યો છે. વિદ્વાનોને એમાં કયાંક સ્થૂળતા કે પ્રગલ્ભતા આવી જતાં લાગ્યાં છે. નરસિંહની જ્ઞાતિએ, એમના સમયના લોકોએ નરસિંહને બહિષ્કૃત કર્યા છે એમનાં પદોમાં વ્યક્ત થતા સખીભાવને લીધે, એમાં રહેલા રતિભાવના પ્રાબલ્યને લીધે, શૈવ બનીને ભક્તિ કરવાને બદલે રસેશ્વર કૃષ્ણનું ગીત ગાવાને લીધે. આ બધું જોતાં–વિચારતાં નરસિંહના શૃંગારને સાહિત્યિક પરિપ્રેક્ષ્યમાં તપાસવાનું મન થાય. શું ખરેખર નરસિંહનો શૃંગાર 'ઉઘાડો' જણાય છે ? નરસિંહનાં કાવ્યોમાં પુરુષ સહજ ધીટતા દેખાય છે ? આવા કેટલાક પ્રશ્નો પણ જાગે—ને આ સંદર્ભે નરસિંહના શૃંગારને 'સાચી' રીતે સમજવાનો પ્રયત્ન કરવા આપણે સ્વાભાવિક રીતે પ્રેરાઈએ.

નરસિંહ રસકવિ છે. એમનો આલેખ્ય વિષય પણ रसो वै सः એવા સ્વયં રસેશ્વર કૃષ્ણ છે. એની લીલાને ગાવા માટે તો બીજા રસો ઓછા ને આછા પડે. જીવનને ચાહતા આ કવિએ આથી જ ભક્ત ને ભગવાનના દ્વૈત દ્વારા સધાતા અદ્વૈતને સમજાવવા રસરાજ શૃંગાર પર પોતાની પસંદગી ઉતારી જણાય છે.

નરસિંહે એમનાં પદોમાં શૃંગારને મનભરીને માત્ર ગાયો જ નથી પણ એને એક વિશેષ પ્રકારનું ગૌરવ અર્પ્યું છે. નરસિંહ ઉમંગના, રસના, પ્રસન્નતાના કવિ છે. એમની આંતરચેતના કૃષ્ણ સાથે સતત આલિંગનબદ્ધ રહી છે. સાયુજ્યના આ સાતત્યે એમને શૃંગાર ગાવાની ફરજ પાડી હોય એવું જણાય

* ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ–૨, પૃ. ૮૨, ૮૩,

છે. ઈશ્વરપ્રાપ્તિની માદકતા, ઘેન, કેફ જેવું કશુંક સતત નરસિંહે અનુભવ્યું છે. પ્રાપ્તિના આરંભે, પોતાની રતિને સાક્ષીભાવે જોવાની તટસ્થ દૃષ્ટિના આગમન પહેલાંનો હિલ્લોળ, કિલ્લોલ વ્યક્ત કર્યા વિના એમનાથી રહી શકાયું નથી. એ ક્ષણો એમનાં શૃંગારનાં પદોમાં ઝડપાઈ છે, ઝિલાઈ છે.

નરસિંહના શૃંગારને આટલી ભૂમિકા પછી જોવા બેસતાં એ તરત દેખાય છે કે નરસિંહે શૃંગારને ક્રમિક રીતે વિકસવા દીધો છે. એમાં પહેલાં ઈચ્છુક વૃત્તિ છે, પછી તૃપ્તિ છે ને અંતે અદ્વૈતનું રસાસ્વાદન. આ પદોમાં ગોપી–કૃષ્ણના વિવિધ ભાવો ઝિલાય છે. ઉપાલંભ, નેત્રકટાક્ષ, રિસામણાં, મનામણાં ચાલે છે; ચાંદલો, ઝાંઝર જેવાં શૃંગાર માટેનાં ઉદ્દીપક તત્ત્વો પણ કવિએ કામે લગાડયાં છે. ગોપીની ચોળી, અંબર, અંબોડો વગેરેને ઝીણી નજરે જોયાં છે; આ તત્ત્વોને આધારે પ્રગટ થતી બંનેની કામુકતામાં ઇચ્છુક વૃત્તિ પ્રગટે છે.

શૃંગારનાં પદોમાં કેન્દ્રમાં રહેલી છે ગોપી. કૃષ્ણ આ પદોમાં પાત્ર તરીકે તદ્દન ગૌણ છે. કૃષ્ણને ભરી દેવામાં, રસી દેવામાં, એમની કામનાને ઉત્તેજવામાં ગોપીએ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એટલે જ નરસિંહની ગોપી 'અબળા' મટીને 'સબળા' તરીકે વ્યક્ત થઈ છે. કૃષ્ણ પર એનું કામણ, એની સત્તા ચાલે છે. આ સત્તા પ્રેમની છે, આથી કુસુમ-શી કોમળ છે. કૃષ્ણ જેવા કૃષ્ણ એને વશ થયા છે પ્રેમના બળે. આ વાતને નાજુક સંવેદનથી ઝીલતી ગોપી કહે છે :

> સાત સાયર ને નવખંડ પૃથ્વી, મેરુશિખર મુખ માંહે રે,
> એટલા સહિત વ્હાલાજીને ઉર પર રાખું, ભ્રમર કમળ જેમ હોય રે.

આખા વિશ્વના ધારક એવા કૃષ્ણને ધારણ કરતી ગોપી વ્રજાંગના છે કે વજ્રાંગના ? કયાંથી આવ્યું આ બળ કે જેથી એ કહે છે, 'જેણે ગોવર્ધન કર ધર્યો, તેને મેં રાખ્યો ઉર ધરી ?' ઉરની કુમાશના બળે વિશ્વના અધિપતિને વશ કરતી ગોપીમાં આ વાતના ગર્વ સાથે અપાર નમ્રતા છે. એ જાણે છે કૃષ્ણનાં મૂળ વ્યક્તિત્વને; એ જાણે છે પ્રેમના મર્મને, સમર્પણની કલાને. આપોપું ઓગાળીને, જાતની કિંમત ચૂકવીને એણે કૃષ્ણને વશ ને વિવશ કર્યા છે.

આ શૃંગાર, મિલનેચ્છા, પ્રેમભાવ એકપક્ષી નથી, પારસ્પરિક છે. આપોપું ખોતી ગોપીને કૃષ્ણ પ્રત્યુત્તર તો આપે ને ? આથી ગોપીને જોઈને કૃષ્ણ માત્ર ઇચ્છુક જ નહીં પણ 'મહાકામી' બન્યા છે :

નરસૈંયાચો સ્વામી વૃંદાવન કેલિ કરે મહાકામી.

ગોપીને આલિંગતા કૃષ્ણનાં આ ચિત્રો શુદ્ધ શૃંગારનાં છે :

ભુજબળે ભીડી કરી તે કસકસે તિહાં કામિની;
કનકવેલ તમાલ લપટી, જાણીએ ઘનદામિની.

વનિતા વનફળ કૃષ્ણજી પોપટ, ગ્રહી રહ્યા ચાંચ મોઝાર રે;
અધર ડસીડસી અમૃત પીધું, લીધું તત્ત્વ મોરાર રે.

ચીર કટિથી ખસે, નાથ જોઈ હસે, કંઠ બાંહે ગ્રસે લાજ છાંડી;
ઉર ઉપર ભુજ ધર્યો, નાથ સુરતે ભર્યો, અધર ખંડિત કર્યો કેલ માંડી.

કનકવેલડી વ્રજની નારી શ્યામ તમાલ તે બિચ શોભ્યો રે;
પ્રેમ ધરી પિયુ કંઠે વળગ્યો, જાણે સાખે વળગ્યો સૂડો રે.

ગોપી કરતાંયે કૃષ્ણને મિલનની વધારે ઉતાવળ છે. ગોપી હજુ તો નિમંત્રણ આપે ત્યાં તો—

મેં જાણ્યું જે વાત કરું, ત્યાં આવી ઉરે ભળિયો રે;

* * *

કુચ—શું કુચ, અધર શું અધર તાળી શું દે તાળી રે;
આનંદી અબળા ઉર પર રાખ્યો, વશ કીધો વનમાલી રે.

જોઈ શકાય છે કે કૃષ્ણની તો માત્ર ક્રિયા જ છે, આનંદની મુખરતા ગાય છે ગોપી. કૃષ્ણ નરસિંહના શૃંગારનું મૂક પાત્ર છે. તેઓ ભાગ્યે જ બોલે છે. પણ બોલે છે ત્યારે સ્થૂળ જણાતા શૃંગારના આનંદ સાથે ગોપીના સમર્પણની કૃતજ્ઞતાપૂર્વકની નોંધ છે :

રમતાં તે રંગીલે એમ કહ્યું, 'જુવતી તું પ્રાણજીવન;
સર્વસ્વ માહરે સુંદરી, તું વેદવાયક માન.'

નરસિંહની ગોપી શૃંગારના વિવિધ ભાવોને પ્રગટ કરે છે તેમાં એની આમંત્રણની કલા ખાસ ધ્યાન ખેંચે એવી છે. ક્યાંક આ આમંત્રણ ખુલ્લું છે તો ક્યાંક ગુપ્ત; જેમ કે,

'આલિંગન લ્યો નાથ ગાઢું', જેમ મારા હૃદયામાં થાય ટાઢું.'
'આલિંગન લિયો તો કોમળ અંગ આપું',

સંગમ કરો તો થિર કરી થાપું.
'નૌતમ યૌવન મારું તે તમે જોવોને શેં ના'વો મારા વહાલા ?'

અહીં વ્યક્ત થતો શૃંગાર સ્થૂળ કોટિનો જણાય; એ સ્થૂળતા પાછી ધીમેધીમે ચાતુર્યમાં પરિણમે છે. ગોપી ને કૃષ્ણ બંને એકબીજાં પ્રત્યે ઢળતાં જાય છે ને ગોપીનું ચાતુર્ય ઊઘડે છે. કાંટો કાઢવાને બહાને નીચી નમતી ગોપીની ક્રિયાને કૃષ્ણ પ્રણામ માની બેસે છે !

'પરણામ માને રે, મારો પરણામ માને.
પગના કાંટડા મસે નીચી નમું રે, મારો પરણામ માને.'

આવી ક્રિયાઓથી કૃષ્ણને આકર્ષતી ગોપી નજાકતપૂર્વક કૃષ્ણને આમંત્રે છે :

'મારે આંગણે આંબો મહોરિયો રે, ગળવા લાગી છે કાંઈ સાખ;
ઊઠો ને આરોગો પ્રભુજી પાતળા રે, હું રે વેડું ને તું રે ચાખ.'

નરસિંહ જેવા ભક્તકવિને જ સૂઝી શકે એવું આ નિમંત્રણ છે.

આ જ રીતે એક ગોપી બીજી ગોપીને આ રીતે નિમંત્રે છે :

'ચાલને સહી મેલ મથવું મહી, વસંત આવ્યો વનવેલ ફૂલી;
મ્હોરિયા અંબ, કોકિલા લવે કદંબ, કુસુમ કુસુમ રહ્યા ભ્રમર ઝૂલી.

આવી ઋતુમાં મહી મથવાનું હોય ? અત્યારે તો મન થાય છે કે—

'રસિક મુખ ચુંબીએ, વળગીએ ઝુંબીએ, આજ તો લાજની દુહાઈ છૂટી.'

નરસિંહની ગોપી સામાજિક લાજ—શરમથી મુક્ત બની ગઈ છે. એનો પ્રેમ બિનંગત બન્યો છે. જે એને જોવા માગે તે જુએ. પણ ગોપી તો વિવશ છે.

ગોપીના પ્રેમને વશ થઈને કૃષ્ણ ગોપીના સાથને એટલો તો પસંદ કરે છે કે ક્યારેક ગોપીને મૂંઝવણ થઈ પડે છે. ગોપી તો ઘરબાર—કુટુંબવાળી છે. ભલે એની લાજની દુહાઈ છુટી ગઈ હોય પણ પોતાના સામાજિક મોભાને જાળવવાનો ડોળ કરીને ચાતુર્યપૂર્વક એ કૃષ્ણને કહે છે :

જાગો રે જસોદાના જીવન, વહાણેલાં વાયાં,
તમારે ઓશીકે મારાં ચીર સંપાયાં.

ગોપીને મૂંઝવણ આ છે :

સાદ પાડું તો વહાલા લોકડિયાં જાગે,
અંગૂઠો મરડું તો પગના ઘૂઘરા વાગે.

પરંતુ કૃષ્ણ તો ધીટ છે. એ માને શાના ? એક સ્ત્રીની હેસિયતે ગોપીના પ્રેમભાવમાં જે પ્રૌઢિ છે તે કૃષ્ણમાં નથી. એ વળગે છે ત્યારે સાનભાન ભૂલી જાય છે. એ વખતે કૃષ્ણ પ્રત્યે વ્યંગ કરતાં ગોપી કહે છે :

'નિર્લજ નાહોલિયાની સેજે આવી, જે વાત કહું તે થોડી,
તમો બ્રહ્મચારી અમો વ્રજનારી, તમને કોણ ન જાણે ?'

'વળગાવળગ નવ કીજે મારા વહાલા, ડશણ તણા ડંખ દુઃખે રે;
ભીડાભીડ નવ કીજે મારા વહાલા, ઉર અમારાં દુઃખે રે.'

ગોપીની આટઆટલી વ્યંગપૂર્ણ મજાક છતાં કૃષ્ણ સમજતા નથી ત્યારે કામલીલા શિખવાડતાં પ્રૌઢ એવી ગોપી કહે છે :

'યોગ ભોગ એકાંતે ભલો રે.'

ધીમેધીમે સૂક્ષ્મતા ભણી સરકતી સ્થૂળતાને ચાતુર્યયુક્ત પરિમાણ તો કવિ આ રીતે આપે છે :

'ક્ષિતિરસ તરુશાખાએ પ્રસર્યો, મનસિજ નયણે વસિયો.

ગોપીની કામનાનું વિસ્તરણ હળવાશથી સૂચવીને વિવશ ગોપીની ભાવનાને જીવંતતાથી ઝીલતા કવિ નોંધે છે :

'શું કીજે ? ચિત્તડું હરી લીધું પેલે કાનજી કામણગારે રે.'

શૃંગારનાં પદોમાં ગોપીની ઇચ્છુક વૃત્તિમાં કયારેક ઈર્ષા પણ ભળે છે. વચન આપવા છતાં કૃષ્ણ ગોપી પાસે આવવામાં મોડા પડે છે ત્યારે ગોપી તેના પર પરનારી પાસે જવાનો આક્ષેપ મૂકે છે. તો એક પદમાં રાધાજીનો હાર હરિએ રુક્મણિને આપ્યો છે તેથી રાધા રિસાય છે. છેવટે કૃષ્ણ તેમને થાળ ભરીને મોતી મંગાવી આપી, અણવીંધ્યાં પરોવીને રાજી કરે છે. તો એક પદમાં વળી નવો જ ભાવ પ્રગટ થયો છે. બીજી સ્ત્રી સાથે આવેલા કૃષ્ણને પણ તેની પહેલેથી રાહ જોઈ રહેલી ગોપી સ્વીકારે છે. એટલું જ નહીં, બંનેનો સમાદરપૂર્વક સ્વીકાર કરે છે. કારણ કે તેને તો કૃષ્ણ સાથે સંબંધ છે, એ કોની સાથે આવ્યા છે એ વાત સાથે નહીં.

સ્થૂળ શૃંગારથી શરૂ થયેલી નરસિંહની આ યાત્રામાં બીજા ક્રમે આવે છે મિલનની તૃપ્તિ. કૃતક રોષ, રીસ, છણકા કરતી ગોપી પછી તો કૃષ્ણ-મિલનના પરમાનંદમાં લીન બને છે. આ લીનતામાં, પરિતોષથી સભર થયેલી ગોપી કહે છે :

'રંગે રમીએ વહાલાજી—શું રંગે રમીએ;
ઘોળી નાખ્યા દુરિજનના બોલડા ખમીએ,
તેમ તેમ નાહોલિયાને મન ગમીએ.'

કૃષ્ણમિલન વખતે ગોપી પહેરેલા હારનો પણ ત્યાગ કરે છે. રખેને એ હાર બંનેના આલિંગનમાં અંતરરૂપ થાય એ ડરે ! કૃષ્ણમિલનથી થયેલી પરિતૃપ્તિને સાચી માનતાં ગોપી અચકાય છે :

'સોણું કે સાચું ? બાઈ ! મારે સોણું કે સાચું ?
નંદકુંવર—શું રંગભર રમતાં અંતર્ગત રાચું રે.

ને ધન્ય થતાં કહે છે :

'મારા વહાલાજીની કેહી કેહી કૃપા રે સંભારું ?
પાળ્યાં પાળ્યાં લાડ અમારાં રે, સજની !'

ગોપી—કૃષ્ણની ઈચ્છુક વૃત્તિ, વૃત્તિ પછીની તૃપ્તિ ને અંતે એ તૃપ્તિને વાગોળતાં, સ્મરતાં નરસિંહનો શૃંગાર આધ્યાત્મિક અદ્વૈતમાં પરિણમે છે. નરસિંહનાં પદોમાં આ રીતે વિકસતો શૃંગાર આ પછી સ્થૂળ રહેતો નથી; એમાં ભક્તની અનુભૂતિનો રંગ ભળે છે. કવિએ પોતાની પ્રતીતિને શૃંગારના માધ્યમથી ભારે સલુકાઈથી વર્ણવી છે. આ શૃંગારને જે રીતે તટસ્થ થઈને નરસિંહે મૂલવ્યો છે તે જોતાં આખરે તો એમનું દ્રષ્ટાપણું જ વિજયી થતું લાગે. ગોપી—કૃષ્ણના મિલનનો આનંદ વ્યક્ત કરવા નરસિંહે બે શબ્દ વાપર્યા છે : 'અમીરસ' ને 'મહારસ'. બંનેના મિલનમાં શરીર તો નિમિત્ત છે. આ નિમિત્ત ચિત્ત—ચૈતન્ય સુધી પ્રસરે છે ને અંતે ગૌણ બને છે :

અધર અમરત રસપાન કરંતાં અંગેઅંગે ભળિયો;
ભણે નરસૈંયો મહારસ માંહે, આવી અઢળક ઢળિયો.

ગોપીનો કામાવેશ શમે તો છે કૃષ્ણચરણમાં :

માનીનીયાં જોબન મદમાતી, મોહન ચરણ ઉપાસી.

નરસિંહની ગોપીનો આ વિશિષ્ટ 'વિલાસ' અખંડ છે, શાશ્વત છે. આથી આ વિલાસનો સંદર્ભ બદલાતો બદલાતો ગોપીને મુખે આ રીતે પ્રગટ થાય છે :

'સંસારનાં સુખ શાં કહું ? નવ ગમે ઘરની વાત;
નરસૈંયાના નાથ—શું વિલસું તે દિવસ ને રાત.'

માત્ર રાત્રે જ નહીં, દિવસ ને રાત કૃષ્ણમાં જ રત રહેતી ગોપીનું સમર્પણ અનન્ય છે. તે કહે છે, 'સાથ સંગે વિલસતાં હું વીસરી ગઈ છું મંન' કૃષ્ણ સાથે વિલસીને ગોપી પામી છે અખંડ ચૂડો, નિત્ય સુહાગ. સ્થૂળતાનો છેદ ઉડાડતી ગોપી કહે છે :

દિવાળી નિત્ય દિવાળી, જો નંદકુંવર વર વરિયો.'

કૃષ્ણ સાથે શૃંગાર માણવો સહેલો નથી. તેની કિંમત ચૂકવવી પડે છે. ઘણીવાર ગોપી કૃષ્ણ આવે છે ત્યારે નિદ્રામાં છે, ઘમંડમાં છે. આ પરિસ્થિતિમાં કૃષ્ણે તેનો નકાર પણ કર્યો છે. પરસ્ત્રીને લઈ આવીને કૃષ્ણે તેના પ્રેમની પરીક્ષા પણ કરી છે. પાછલી રાતનાં આવીને નિદ્રાધીન ગોપીને જગાડયા વિના કૃષ્ણ ચાલ્યા પણ ગયા છે. આ કોઈ સામાન્ય સ્વામી નથી. ગોપીને આ વાતની જાણ છે. બધા અનુભવોથી ઘડાયેલી ગોપી કૃષ્ણને મેળવવા માટે ચૂકવવી પડતી આકરી કિંમત આ રીતે જણાવે છે :

જેના હૃદિયામાં કપટ નહીં રે, તે જાણે રસ ભાખી.
ભણે નરસૈંયો : મતિ નિર્મળી, તેણે જોયો રસ ચાખી.

નરસિંહના સ્વામી પ્રત્યે રતિ કેળવી કેળવાતી નથી. એ તો જ મળે જો 'હૃદયા ભીતર હુતો.'

સમર્પણ ને નિષ્કપટ વૃત્તિ દ્વારા જીતાયેલા કૃષ્ણ સાથે રમેલો રાસ, માણેલી ક્રીડા શૃંગાર હોઈ ન શકે. એ તો છે ભોગયુક્ત યોગ; બહારથી ભોગ લાગતો યોગ. આ ભોગ તો કવિને મન વંદ્ય છે. આથી આવા શૃંગારની અભિવંદના કરતાં નરસિંહ કહે છે :

ભણે નરસૈં ધરું ગોપીપદરજ શિરે, કૃષ્ણ—કામા રમણ રહ્યું રે ન્યાળી.

આ રમણ અપાર્થિવ છે, ને તેથી બિનંગત છે. એને નરસિંહે જોયું છે, શુકે ને શિવે જોયું છે ને અમર તો એને નિહાળતાં થાકતા નથી. શૃંગારનાં સાંસારિક આવરણોથી એ જુદું હોઈ, અનાવરણ બન્યું છે. કૃષ્ણ—ગોપીનું આ રમણ એમની અંગત ક્ષણોમાં જોઈ શકાય, એમાં પેસી શકાય, ભળી શકાય એટલું જવનિકામુક્ત બન્યું છે. આ રમણને ધન્યવાદ આપતા દેવો પણ એનો ભેદ કળી ન શકે એટલું એ સૂક્ષ્મ હોવા છતાં નરસિંહ માટે એ સહજ દર્શન બની શક્યું છે એમની આંતર રતિને બળે, એમનામાં રહેલી અકામ વૃત્તિને લીધે. કૃષ્ણ–ગોપીનો સમાગમ માત્ર એમનો જ ન રહેતાં નરસિંહ સુધી ફેલાયો છે એનો આનંદ ગાંભીર્યપૂર્વક વ્યક્ત કરતાં નરસિંહ ગાઈ ઊઠે છે :

એહ રે સુખ સખી મુખ જાય નવ કથી, સિંધુમાં ચરકલે ચાંચ બોળી.

કૃષ્ણ—ગોપીના રંગમાં રંગાયેલા કવિ ઉન્મત્ત થઈને ખોયેલા દિવસનો ખાંગ વાળવા ગોપી થઈને પ્રવૃત્ત થયા, ડૂબી ગયા ને આ રસનો સ્વાદ જણાવવા રસસાગરમાંથી થોડા ઉપર આવીને આમસમાજને આ સમાધિનો પરિચય કરાવવા સજ્જ થયા જેના પરિણામરૂપ આ શૃંગારનાં પદોનું સર્જન જણાય છે.

પરમ બુદ્ધિમાન એવા આ સૌમ્ય સંતને પૂરતો ખ્યાલ છે કે એમણે કરેલાં શૃંગારનાં નિરૂપણને સ્થૂળ ગણીને જ સમાજ ચાલવાનો. તો કવિ એમાં શું કરી શકે? આ ભયને વ્યક્ત કરતાં કવિ કહે છે :

નવપલ્લવ જોબન શ્રી વૃંદાવન, તેની શોભા શ્રાવણે ન સમાય;
સંસારમાં સનમુખ કહું તો સ્તુતિ ટળી નિંદા થાય.

પણ આ શૃંગારનું મૂળ રૂપ તો આ રહ્યું :

સુકુમાર રસ શુક સનકાદિક માણે, અને શિવે સમાધિએ લહ્યો;
તેની લેહલુંબે ઝીલવાને નરસૈંયો લોભી રહ્યો.

છતાં જે લોકોને નરસિંહની નિંદા જ કરવી છે તેના પ્રત્યે સમત્વપૂર્વકનો કવિનો આ ઉત્તર છે :

તમે જાણો વિષયરસ ગાયો, મારે હરિ શું પ્રેમ ઊભરાય.

જે શૃંગારે ગોપીનું 'જનમદુકિત' કાપ્યું છે એ ખરેખર તો છે જીવ–શિવનું અદ્વૈત. રાસદ્રષ્ટા નરસિંહે જે નાયક—નાયિકાને અવલંબીને શૃંગાર ગાયો છે તેમાં એમનામાં રહેલા પુરુષની દૃષ્ટિ જરૂર દેખાય છે. એમની ઝીણી નજર ભાવકથી અછતી પણ રહે તેમ નથી. મીરાંની જેમ એમના શૃંગારમાં મર્યાદાનો અભાવ પણ કયાંક વરતાય છે. આ બધી વાત માન્ય રાખીએ તો પણ નરસિંહના સહૃદય ભાવકને એટલી તો ખબર છે કે નરસિંહનાં પાત્રો કોઈ લૌકિક પાત્રો નથી; વૃંદાવનમાં રહેતા કોઈ બાળકની આ વાતો ન હોઈ શકે: ભાગવતકારનાં રૂપકને અનુલક્ષીને જ કવિ ચાલ્યા છે. માત્ર આ નિરૂપણોમાં જયદેવની રંગદર્શિતા વધુ ઝિલાઈ છે, એટલું જ. ને જયારે કવિનો આંતરિક સંદર્ભ પકડાય છે ત્યારે તેમના વિશે કોઈ બચાવ કરવાનું પણ કારણ રહેતું નથી. નરસિંહ પુરુષ છે ને પાછા કવિ છે આ બંને ઘટનાએ પણ તેમના શૃંગારને બાહ્ય રીતે સ્થૂળ બનાવવામાં મદદ કરી છે. બાકી તો ગોપી—કૃષ્ણનાં સમગ્ર આલેખનમાં કવિ તો દ્રષ્ટા જ છે. ત્રીજી વ્યકિત તરીકે તેમણે કરેલું દર્શન જયારે રંગદર્શી બને ત્યારે ઉપર તરી રહે છે તેમનું પ્રસન્ન તાટસ્થ્ય. તરતી હિમશીલાની માફક કવિનું આંતરદર્શન જ વધારે ઊંડું છે ને તેથી વધુ અસરકર્તા છે. કહેવું હોય તો એટલું કહી શકાય કે પોતાનાં ભવ્ય દર્શનને વ્યકત કરવા મથતા કવિની, કોઈ પણ મહાકવિને નડે એવી વિવશતા છે ભાષાની. ભાષાનું વિઘ્ન કવિને નડે છે ને છતાં એનો આશ્રય લીધા વિના છૂટકો નથી. આ વિવશતાએ કવિને કયાંક સ્થૂળ બનતા બતાવ્યા છે. સહૃદય ભાવક માટે તો કવિનાં નાયક, નાયિકા ને કવિને ઓળખ્યા પછી આ સ્થૂળતા ખરી પડે છે.

આમ, નરસિંહના શૃંગારનાં પદોમાં પ્રેમતત્ત્વની ઘનતા વણાઈ હોઈ, તેમનો શૃંગાર આગવો સંદર્ભ ધારણ કરે છે.

# ૫. નરસિંહની ભક્તિ

મનુષ્યજીવનની રફતારમાં વહ્યો જતો માણસ આખરે તો પોતાનાં ધ્યેયને જ શોધતો હોય છે. કોઈક મનુષ્ય આ શોધમાં સફળ થાય છે, કોઈ નિષ્ફળ. સફળ થતા મનુષ્યની ચેતના ઉપર ઊઠેલી હોય છે ને પરિણામે તેના કથનમાં વજૂદ આવે છે; લોકો તેને અનુસરે છે.

જીવનધ્યેયની આ શોધને જ્યારે આધ્યાત્મિક સંદર્ભ સાંપડે છે ત્યારે મનુષ્ય કાં તો ભક્ત બને છે અથવા જ્ઞાની. ઈશ્વરને પામવા મથતા મનુષ્ય માટે ભક્તિ સૌથી સરળ સાધન છે. કારણ કે એમાં મનુષ્ય ખસી જાય છે ને સર્વેસર્વા બને છે તેનો ઈશ્વર. તેના પર બધું છોડીને, નિશ્ચિંત થઈને રહેવાનું રહે છે. આથી દરેક યુગમાં જ્યારે માનવસમાજ થાકે છે ત્યારે ભક્તિનું આલંબન લેતો હોય છે. અલબત્ત, યુગેયુગે ભક્તિનું સ્વરૂપ જુદું હોય છે, કેમ કે દરેક યુગનાં ઘડતરબળો પણ જુદાં હોય છે. આમ, ભક્તિનો ખ્યાલ બહુ પ્રાચીન છે. માનવીની એ આદિમ વૃત્તિ છે, એનો સ્થાયી ભાવ છે. સમય આવતાં આ ભાવ માથું ઊંચકે છે ને થાકેલા માનવસમાજને ટેકો આપે છે.

આ સંદર્ભમાં જોતાં ભારતીય સંસ્કૃતિમાં પણ ભક્તિવિચારનાં મૂળ ઊંડા છે. "એક સૂત્ર કરતાં એક મનોભાવ તરીકે તેનું વિશેષ સ્થાન છે. આ મનોભાવની જીવનશક્તિ એટલી બધી છે કે સમગ્ર માનવ ઈતિહાસની સાથે એ અનુપ્રાણિત થઈ ચૂકી છે."* આ જીવનશક્તિએ મધ્યકાળના સાંસ્કૃતિક સંદર્ભની વચ્ચે જીવતા, હારેલા—થાકેલા લોકોને વિસામો આપવાનું કામ કર્યું. જો કે ભક્તિવિચારના વાહકો એ સમયના સંતો રહ્યા, પણ લોકોએ તેમના દ્વારા ભક્તિનો સાચી રીતે પરિચય કર્યો ને એ બહાને આવનારા યુગોને પણ ભક્તિનો એક નવો અર્થ સમજવાનો લાભ મળ્યો.

આગળ નોંધ્યું તેમ, વેદ, ઉપનિષદ ને ગીતાએ તો ભક્તિનું માહાત્મ્ય ગાયું જ છે, પણ મધ્યકાળમાં ભક્તિવિચારનો જે પ્રચાર થયો એ જુદો વિચાર માગી લેતી ઘટના છે. શ્રી ઉમાશંકર જોષી નોંધે છે એ વાત સાચી લાગે છે.

---

* જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી–૨૧ [ભારત દર્શન–૨ (મધ્યકાલીન ઇતિહાસ)], પૃ. ૧૨૪

કે, "જૂની ભાષાઓ, સંસ્કૃત અને તમિળ, ભક્તિની વાત કરે છે. વેદની ઋચાઓમાં અને ઉપનિષદોમાં ભક્તિનો તાર ગુંજે છે, ગીતા ભક્તિનો મહિમા કરતાં થાકતી નથી. ભક્તિના મત્ત આવેશની વાત નારદનાં ભક્તિસૂત્રો જેવામાં થઈ છે. બાલકૃષ્ણની લીલા પણ હરિવંશ અને પુરાણસાહિત્ય વગેરેમાં વર્ણવાઈ છે... પણ જે પ્રચુર સંસ્કૃત સાહિત્ય સુલભ છે તેમાં કયાંય મધ્યકાલમાં વિકસેલી અર્વાચીન ભારતીય ભાષાઓમાં ભક્તિનો જેવો ઐકાન્તિક આદર થાય છે અને ભક્તિ સાહિત્ય સર્જનની મુખ્ય પ્રેરણા બની રહે છે એવું દૃશ્ય જોવા મળતું નથી."*

ગ્રિયર્સન જેવા+ તો બૌદ્ધધર્મના આંદોલન કરતાં આ ભક્તિઆંદોલનને વધારે વ્યાપક અને વિશાળ લેખે છે કેમ કે આ આંદોલનનો પ્રભાવ હજી આજે પણ વરતાય છે. ગ્રિયર્સન કહે છે કે આ આંદોલનમાં ધર્મ એ જ્ઞાનનો નહીં પણ ભાવાવેશનો વિષય બને છે અને તેને પ્રવર્તાવનારાઓ તે કાશીના પ્રકાંડ પંડિતો નહીં પણ પૃથગ્જનો છે... વીજળીના ઝબકારની પેઠે તમામ પુરાણા ધાર્મિક મતો પર આ એક નવી વસ્તુએ દેખા દીધી અને એ કયાંથી પ્રગટી તે નિશ્ચિતપણે કોઈ કહી શકતું નથી.

આ ભક્તિઆંદોલન જ્યાંથી ને જે રીતે ઉદ્ભવ્યું હોય તે રીતે, પણ મધ્યકાળના ગુજરાત પર પણ લગભગ ચારસો—સાડાચારસો વર્ષ સુધી ભક્તિ-યુગ પથરાયેલો રહ્યો ને પ્રજાની ચેતનાને જાગ્રત કરવામાં તેણે બહુ મોટો ફાળો આપ્યો એટલું તો ચોક્કસ છે.

સ્થૂળ રીતે જોવા જતાં નરસિંહને પણ આ ભક્તિઆંદોલનના એક પ્રમુખ ઉદ્ગાતા તરીકે જોઈ શકાય. તેમની ભક્તિકવિતા પર સામાન્યત: બંગાળના ભક્તકવિ જયદેવ ને મરાઠી સંતકવિ નામદેવની અસર અમુકાંશે સ્વીકારાઈ છે. આ બંનેનો સાદર ઉલ્લેખ પણ નરસિંહે એમનાં પદોમાં ઘણીવાર કર્યો છે.

પરંતુ મધ્યકાલીન ભારતીય ભક્તસંતોની પરંપરામાં નરસિંની ભક્તિ થોડી જુદી પડતી જણાય છે. જ્ઞાતિએ નાગર એવા નરસિંહ મૂળે શૈવ છે પણ શિવ દ્વારા જ વૈષ્ણવત્વની દીક્ષા પામે છે ને એમના ભાવલોકમાં કૃષ્ણની

* ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, ગ્રંથ–૨, પૃ. ૭૬

\+ મોડર્ન હિન્દુઈઝમ એન્ડ ઈટ્સ ડેટ ટુ ધ નેસ્ટોરિયન્સ

રાસલીલા નિહાળે છે. પરંપરાએ નોંધેલી આ ઘટનાની શ્રદ્ધેયતામાં પડવાને બદલે નરસિંહનાં પદોને જોઈએ તો એમાં રહેલી પ્રબળ પ્રતીતિ દર્શાવે છે તેમ, નરસિંહનો અવાજ અનોખો વરતાય છે. એમનું ભાવદર્શન ભક્તિનો એક જુદો સંદર્ભ લઈને પ્રગટયું જણાય છે. નરસિંહ મિલનના કવિ છે. પરિણામે તેમની ભક્તિનો સૂર જુદો પડી જાય છે. એમના દર્શનમાં રીતસરની સાધના વ્યક્ત થઈ છે. એ નર્યો પ્રભાવ હોય એવું જણાવાને બદલે એ નરસિંહની સાધનાની અંગત ફલશ્રુતિ હોય એમ માનવું વધુ ઉપયુક્ત લાગે છે. હા, કદાચ એની અભિવ્યક્તિ કરતાં કરતાં પૂર્વજ કવિઓ કે સમકાલીન સાધકોએ વાપરેલાં રૂપકો, પ્રતીકોની મદદ લેવાઈ ગઈ હોય એવું કયારેક બનતું લાગે. એનું કારણ પણ કદાચ તો એ જ હોય કે સત્યનું દર્શન આખરે તો સરખું જ હોવાનું. બાકી એ તો દેખીતી વાત છે કે ભક્તિ જેવું તત્ત્વ માત્ર પ્રભાવથી આવી ન જ શકે. આ સંદર્ભમાં નરસિંહની ભક્તિને તપાસવી વધુ યોગ્ય જણાય છે.

નરસિંહની ભક્તિ સગુણોપાસનાની છે. કૃષ્ણ તેમના પ્રિયતમ છે. પ્રિયતમ તરીકે કૃષ્ણનું તેમને મન આગવું સ્થાન છે. તેમની ભક્તિને આથી જ પરકીયા ભક્તિ કે જારભક્તિ તરીકે ઓળખાવાઈ છે. તેમણે પોતે પણ પોતાની ભક્તિ અંગે સ્પષ્ટતા કરતાં કહ્યું છે :

ચાર જુગને વિશે મુક્તિ નહીં નારને, યુક્ત એ શ્રુતિ-સ્મૃતિ શાસ્ત્ર બોલે;
તેહ જ નાર વ્યભિચાર ભાવે ભજે, રંગ રાતે સદા સંગ ડોલે.

નરસિંહને મન કૃષ્ણ જ છે એકમાત્ર પુરુષ. બાકી સર્વે તેની ગોપી. કૃષ્ણનું ધ્યાન કરતાં કરતાં સંસારને જરૂર પડે એટલો સાચવવાનો છે. પણ સ્મરણ તો રાખવાનું છે કૃષ્ણનું જ. ખુલ્લી રીતે નરસિંહે અહીં 'વ્યભિચાર ભાવ' એવો શબ્દ યોજ્યો છે. અહીં રહેવા છતાં ઈશ્વર સાથેનું નિપટ અનુસંધાન, જીવનનો સ્વીકાર કરવા છતાં જીવન પ્રત્યેનું તાટસ્થ્ય એ જ નરસિંહને મન ભક્તિનો અર્થ છે. નરસિંહનું જીવન આ અર્થમાં જોતાં તેમની ભક્તિનો સંદર્ભ વધુ સ્પષ્ટ થાય છે. જીવનને નરસિંહે એક કુશળ અભિનેતાની જેમ ભજવ્યું છે. એ ભજવતાં ભજવતાં પોતાની ભૂમિકાને એમણે ગંભીર રીતે અદા કરી હોવા છતાં, એ ભૂમિકાથી જાતે તો અસ્પર્શ્ય જ રહ્યા છે.

નરસિંહે કરેલો 'વ્યભિચાર ભાવ'નો અર્થ શૃંગારના સંદર્ભમાં લેવા જતાં કદાચ એમનું દર્શન આપણા હાથમાંથી છટકી જાય એવું બને. નરસિંહ પાસે

સખીભાવ છે પણ એ સખીભાવ એ યુગના અન્ય સંતોના સખીભાવથી તદ્દન જુદો પડે છે. તેમનાં શૃંગારનાં પદોની ચર્ચા કરતાં જોયું છે કે નરસિંહે દ્રષ્ટાભાવથી જ સ્થૂળ ને સૂક્ષ્મ—બંને પ્રકારના શૃંગારને આલેખ્યો છે. એમાંથી એમનું આગવું ભક્તિદર્શન, કહો કે ભક્તિનું રહસ્ય પ્રગટ્યું છે.

ઈશ્વરને મેળવવા માટેના જ્ઞાન, કર્મ, યોગ ને ભક્તિના ચાર માર્ગો સૂચવાયા છે ને એમાંથી ભક્તિમાર્ગને સૌથી સુલભ ગણાવાયો છે. પણ ખરેખર તો ભક્તિમાર્ગ પણ કંઈ ધારીએ એટલો સુલભ નથી. એમાં જોઈતી સ્વ પ્રત્યેની વિરતિ, પ્રપત્તિની અનન્યતા જેવા ગુણો મનુષ્યમાં સહજ ભાવે રહેલા હોય તો જ ભક્તિમાર્ગ સુલભ થાય. પણ નરસિંહ જેવા સંતોએ ભક્તિને સર્વસુલભ બનાવવા માટે તેનું એટલું તો સરલીકરણ કર્યું છે કે એ માર્ગ આપણને હાથવગો, સુલભ જણાય છે. આ જ નરસિંહના ભક્તિવિચારનો વિજય છે.

નરસિંહે ભક્તિના વિવિધ આયામો પ્રગટ કર્યા છે ને એમાં પણ એક પ્રકારની ક્રમિકતા જળવાઈ છે. નરસિંહનાં ભક્ત તરીકેનાં અનેક પાસાં છે. એ ગોપી બનીને કૃષ્ણના પ્રિયતમા થયા છે; દાસ બનીને કૃષ્ણના સેવક પણ થવું એમને ગમે છે; તો ક્યારેક સખાભાવે કૃષ્ણને ખભે હાથ મૂકીને વાત કરતા નરસિંહમાં સખ્યભક્તિનો ઉદ્રેક જણાય છે. ને અંતે, આ સૌ સંબંધો ગળી જાય છે ને નરસિંહની ભક્તિ એ જ ક્ષણે જ્ઞાનમાં રૂપાંતરણ પામે છે. ક્રમશઃ તેમની ભક્તિના આ તબક્કાઓ જોઈએ.

ભક્તિને નરસિંહે ઈશ્વર સાથેનો 'નિત્ય વિલાસ' માન્યો છે. એ વિલાસ, રંગરાગ કદી પૂરો થતો નથી. નરસિંહે વાંછ્યું છે પ્રિયતમ સાથેનું અનંત રમણ. એટલે તો એ માગે છે જન્મ, વારંવાર જન્મ :

હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે;
નિત્ય સેવા નિત્ય કીર્તન-ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.

નરસિંહ યાચે છે પ્રેમની શાશ્વતી. તેમને મન છે કશુંક એવું તત્ત્વ મેળવવાનું જે હમેશાં સાથે રહે છે. જેનો આનંદ કદી ખૂટતો નથી. તેમને પોતાના પ્રિયતમ તરફથી જે ભેટ મળી છે એ આવા નિત્ય તત્ત્વની છે :

નરસૈંયાચો સ્વામી રૂડો, પહેરાવ્યો અખંડ ચૂડો.

જાણીતાં સંતકવયિત્રી મીરાંએ કૃષ્ણને પરણીને અખંડ સૌભાગ્ય ઈચ્છયું છે એને ઘણે અંશે મળતી એવી આ ભાવના છે. નરસિંહ પુરુષ છે એટલે મીરાં જેટલી આ અખંડ સૌભાગ્યની વાત તેમને બંધ ન પણ બેસે; પણ અહીં 'અખંડ ચૂડો' નો અર્થ શાશ્વત પ્રેમનો તો છે જ.

નરસિંહ પ્રણયી છે, પ્રેમીજન છે. તેમની ભકિત જન્મી છે પ્રેમરૂપે, બની છે પ્રેમ ને વિરમી છે પ્રેમમાં. પ્રેમનું તત્ત્વ તેમને મન સૌથી ઊંચેરું છે. પ્રેમ તેમની પસંદગીનું ક્ષેત્ર હોઈ, તેઓ બોલી ઊઠયા છે : 'દેહ જાજો પણ સ્નેહ મ જાજો' આ સ્નેહ એટલે ભકિત; ભકિત એટલે સ્નેહ. નરસિંહ જેમને વૈષ્ણવ માને છે તેમની ઓળખ પણ કંઈક આવી રીતે જ આપે છે : 'વૈષ્ણવ તે જે સ્નેહ મારગી' પ્રિયતમને સ્નેહનો અર્ઘ્ય ધરવાનો છે. આ સ્નેહમાં ચતુરાઈને કોઈ સ્થાન નથી. એ તો સ્વયંભૂ હોવો જોઈએ; કેળવેલો નહીં. એટલે તો સખીને સંબોધતાં ચેતવણીરૂપે નરસિંહ કહી દે છે :

સજની સ્નેહ તો અનુભવીએ, જો વહાલાજી—શું હોય સાચું;
ચતુર હોય તે ચિત્ત વિચારે, મુખ બોલે તે કાચું.

વિશુદ્ધ પ્રેમ ને ચતુરાઈનો ભેદ સમજાવીને વાસ્તવિક સ્થિતિ જણાવતા નરસિંહને ખ્યાલ છે કે સ્નેહનો મારગ તો કોઈક જ જાણે. ચતુરાઈ કરનારનું મન શુદ્ધ ન હોય. ને નરસિંહનો સ્વામી ઈચ્છે છે મનની વિશુદ્ધિ :

મનાવી મંદિરમાં લીધી, મનસા શુદ્ધે મલિયા;

મનની આવી શુદ્ધિ થયા પછી ભકતને, સખીને પહેરાવે છે 'અખંડ ચૂડો'; એને વશ થઈને એમના પાસે કૃષ્ણ નાચે છે. બંનેનું સૌભાગ્ય સાથે અખંડ બને છે ને લૂણ—નીરને ન્યાયે બંને ઓગળે છે.

આ પ્રકારનો પ્રેમ કયારે પ્રપત્તિમાં ફેરવાઈ જાય છે એની સરત પણ રહેતી નથી. પ્રેમ ને પ્રપત્તિ નરસિંહને મન એક જ છે. એટલે જ તો દર્શનને હાથવગું કરનાર આ સંત વિનમ્રતાથી છલોછલ ભરેલા છે. સાધના પછી, તપશ્ચર્યા પછી મેળવેલું દર્શન મનની કોઈ ક્ષતિ દ્વારા ઝુંટવાઈ ન જાય એ માટે હરિને પ્રાર્થતાં એ કહે છે :

તારી કિપા વિના કૃષ્ણ કોડામણા, કળ—વિકળનું મને બળ ન ફાવે;
નરસૈંયા રંકને ઝંખના તાહરી, હેડી—બેડી ભાંગો શરણ આવે.

પ્રિયતમ કૃષ્ણની પ્રિયતમા બનતા નરસિંહ અહીં ભક્તિભાવે ઝૂકી જાય છે. જેના સાથે રમણ કર્યું છે એવા આ પ્રિયતમના વિરાટ રૂપની નરસિંહને જાણ છે. પ્રિયતમે નરસિંહનો સપ્રેમ સ્વીકાર કર્યો છે એના પ્રત્યુત્તર રૂપે કવિ સ્વાભાવિક રીતે જ ગર્વોન્મત્ત ન જ થાય. તેઓ પ્રિયતમના સ્વીકારને લીધે વધુ વિનમ્ર બન્યા છે. નેત્ર વિણ નીરખેલા પ્રભુના સ્વરૂપનું નરસિંહને પૂરું જ્ઞાન હોવા છતાં એ જ્ઞાનનો કોઈ ભાર તેમની ભક્તિમાં જણાતો નથી. બલકે એ ભારને ખંખેરતાં જાણે પોતે કંઈ જોયું નથી એવી સહજ રીતે વિનયનમ્ર થઈને નરસિંહ કહે છે :

> તારી કેમ પૂજા કરું કૃષ્ણ કરુણાનિધિ, અકળ આનંદ કહ્યો ન જાય;
> સ્થાવર જંગમ વિશ્વ વ્યાપી રહ્યો, તે કેશવ કરંડિયે કયમ સમાય?

દર્શન પછી શમતી ઈન્દ્રિયનિષ્ઠા અહીં વરતાય છતાં એ પણ ભૂલવું ન જોઈએ કે નરસિંહમાં દાસ્યભાવ આવે છે ત્યારે પણ તેઓ દીન ભક્ત બનતા નથી. એમની ભક્તિમાં ઉન્નત વિનય છે; ગરિમામંડિત ફુમાશ છે. એટલે તો તેઓ પ્રસાદ ગુણના કવિ હોવા છતાં ઓજસ્‌ના ભાસે છે. તેમનામાં ભક્તિનું ગૌરવ છે. 'હું ભકતજન તાહરો, ભકતને વશ સદા અંતરજામી.' કહેતા કવિના પ્રેમને કારણે કૃષ્ણ તેમને વશ થયા છે. અખિલ બ્રહ્માંડનો સ્વામી, સચ્ચિદાનંદ એવો નિર્ગુણ બ્રહ્મ, નરસિંહના મતે પ્રેમના બળથી મહાત થાય છે. 'પ્રેમના તંતમાં સંત ઝાલે' કે 'પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે' જેવી પંક્તિઓમાં પ્રેમના નાજુક રૂપને કવિએ કોમળતાથી પ્રગટાવ્યું છે.

નરસિંહની ભક્તિને શુદ્ધ સખીભક્તિ કહેવામાં કેટલાક વિદ્વાનોને મતે મુશ્કેલી નડે એમ છે, કેમ કે નરસિંહે કયાંક 'ટાળ ગર્ભવાસ' જેવી ભક્તિની ફલશ્રુતિ ઇચ્છી છે. એક રીતે જોતાં અહીં ફળની કામના છે ખરી, પણ નરસિંહે એમનાં ભક્તિ–જ્ઞાનનાં પદોમાં વારંવાર મુક્તિને ત્યાજ્ય ગણવાની વાત કરી છે, એટલું જ નહીં, એને અત્યંત ક્ષુદ્ર ગણીને નકારી કાઢી છે. હા, ભક્તિ કરતાં કરતાં આનુષંગિક રીતે એનું ફળ મળી જાય છે ખરું એવું કદાચ નરસિંહને અભિપ્રેત છે : 'કર્યાં કર્મ નાસશે, ભાસશે ભૂમિ વ્રજ વંનવેલી' કહેતા નરસિંહ ભક્તિના ફળ તરીકે પ્રસન્નતાને આગળ કરે છે. દેખીતી રીતે જ આ સ્થૂળ ફળની વાત નથી. ને આ રીતની સૂક્ષ્મ ફલશ્રુતિ પણ નરસિંહે આમસમાજના લોકોને સમજાવવા માટે મૂકેલી હોય એવું જણાય છે. એમને તો રસ છે 'નિત્ય અવતાર' લેવામાં, લીલાગાન કરવામાં. ઈશ્વર પાસે એમણે તો બેઉ કર

જોડીને જનમોજનમ ભક્તિ જ યાચી છે. અનંત ભક્તિ, અનંત રતિને ઇચ્છતા આ ભક્તને ભક્તિથી જાણે તૃપ્તિ થતી જ નથી. એ તરસ્યા જ છે. ભક્તિ તેમને મન એક મૂલ્યવાન આભૂષણ છે, જેને ચોર ચોરી શકતો નથી, ધુતારો ઝૂંટવી શકતો નથી, મૃત્યુ પછી જે સાથે આવે છે, જે ધનને શુક—સનકે પ્રશંસ્યું છે ને કાંઈક નરસિંહે જાણ્યું છે ને વખાણ્યું છે. જેનું કીર્તન કરતાં નારદ આદિને યુગો પણ એક ક્ષણ જેવા લાગે છે એ કૃષ્ણ માટે જ નરસિંહે જીવન ધારણ કર્યું છે. 'જે દિન દેખું તે દિન લેખું'' કહેતા નરસિંહે ભક્તિને જ સ્વધર્મ, કરવા યોગ્ય કર્મ માન્યું છે. ભક્તિ કરતાં જો કોઈ વારે તો તે તેને તજવાની કવિની તૈયારી છે :

> કુળને તજીએ, કુટુંબને તજીએ, તજીએ મા ને બાપ રે;
> ભગિની, સુત, દારાને તજીએ, જેમ તજે કાંચળી સાપ રે.

નરસિંહ ત્યાં સુધી કહે છે કે આ બધું તજવું પડતું નથી, સ્નેહ દ્વારા એ આપોઆપ ખરી પડે છે :

> જેણે હરિ તમ-શું ધરિયો નેહ, વીસરી ગયા તેને સકળ સ્નેહ;
> જેણે તમારી જાણી વાત, વીસરી ગયાં તેને માત ને તાત.

જ્ઞાનનાં પદોમાં જેણે 'હું છું ત્યાં સુધી તું છે ને અંતે લૂણ-નીર ન્યાયે આપણે બન્ને ઓગળીએ છીએ' એમ કહ્યું એ નરસિંહને ભક્તિ કરવાનો એક ખાસ આનંદ આવે છે. આથી તેઓ ભક્તિ માટે દ્વૈત ઇચ્છે છે. ભક્તિની ફલશ્રુતિ રૂપે જે ગર્ભવાસ ટળે છે તે આંતર ગર્ભવાસ છે; ચેતનાનો દીપ પ્રજ્વલિત થતાં જ અજ્ઞાનગર્ભમાંથી ભક્ત બહાર આવે છે. આમ, નરસિંહની ભક્તિમાં રતિ ને પ્રપત્તિનું યુગપત્ મિલન રચાયું છે. તેમની ભક્તિ બની છે સખ્યમૂલક દાસ્ય ને દાસ્યમૂલક સખ્ય.

નરસિંહના આ સખ્યભર્યા દાસ્યને હરિ તરફથી પણ એવો જ પ્રતિભાવ સાંપડે છે. આવા સ્નેહીજનને હરિ છોડવા તૈયાર નથી :

> ખડકીએ જોઉં ત્યારે અડકીને ઊભો, બારીએ જોઉં ત્યાં બેઠો રે;
> શેરીએ જોતાં સામો રે મળે, અમૃત-પે અતિ મીઠો રે.
> જમવા જાઉં ત્યાં જોડે દેખું, સૂતાં જોઉં સેજડીએ;
> વૃંદાવનની વાટે જોઉં ત્યાં, આવી વળગે બેલડીએ.

ટૂંકમાં, 'પ્રીત કરે તેની પૂંઠ ન મેલે એવો એ વહાલો રસિયો રે.' ગોપી બાંધવા જતાં બંધાઈ ગઈ ને આ બંધન એ છે મુકિતનો પર્યાય.

નરસિંહને મન ઈશ્વરપ્રાપ્તિનો ઉપાય માત્ર ભકિત જ નથી; ભકિત તો છે અંતિમ ચરણ, એ ચરણે પહોંચતાં પહેલાં એમને મન અગત્યનું છે વૈષ્ણવત્વનું શિક્ષણ. આ વૈષ્ણવત્વ ભકિતના આગમન માટે જાણે કે માર્ગ તૈયાર કરે છે. હરિને મેળવતાં પહેલાં જીવનવાટને સ્વચ્છ બનાવવાની છે. એ માટે આવશ્યક છે પરાઈ પીડાને જાણતું ચિત્ત, સૌનો સ્વીકાર, પરસ્ત્રીનું સન્માન, અસત્ય, લોભ ને તૃષ્ણાનો ત્યાગ જેવા ગુણોનું સંવર્ધન. આટલું કર્યા પછી હરિપ્રાપ્તિની જરૂર જ રહેતી નથી. આવી વ્યકિત સ્વયં તીર્થ છે. ઈશ્વરપ્રાપ્તિ પહેલાં મનુષ્યત્વની શગ સંકોરવાનું કામ કરવાનું છે. નરસિંહને મન અગત્ય એની છે. આવા વૈષ્ણવની રજ નરસિંહે માથે ચડાવી છે; એના પાસે ઉપનિષદ રચવા ઈચ્છયું છે ને કથ્યું છે; જયાં વૈષ્ણવનો વસવાટ ન હોય એ સ્થળને નરસિંહ વસવાટલાયક સ્થળ ગણતા નથી. આમ, પોતાના પ્રેમભાજનને પામતાં પહેલાં નરસિંહે એક પ્રકારની ક્રમિકતા સ્વીકારી છે.

આવું વૈષ્ણવત્વ ધરાવતી વ્યકિત સંપ્રદાયથી, બાહ્યાચારથી, દંભ–પાખંડથી મુકત છે. દેહનું દમન તેને વર્જ્ય છે. આથી જ ભકિતના અનન્યાશ્રયી નરસિંહે જપ–તપ કરીને પોતાની જાતને ભકત કહેવડાવતા લોકોને કહી દીધું છે :

'મારે જપ–તપ–તીરથ નંદ તણો સુત કહાન.'

ભકિત બીજાંને મતે કદાચ દુષ્કર હશે, નરસિંહને મતે તો એ કરવા જેવું એકમાત્ર કાર્ય છે. સંસારના સુખને 'કાચું' ગણાવતા આ સંત, જે લોકો એ સુખને 'સાચું' ગણે છે તેમના પ્રત્યે કંઈક પુણ્યપ્રકોપ પ્રગટાવીને કહે છે :

અલ્પ સુખ સારું શું મૂઢ, ફૂલ્યો ફરે, શીશ પર કાળ રહ્યો દંત કરડે.

સામાન્ય લોકો જે જોઈ શકતા નથી એને પોતાનાં ત્રીજાં નેત્રથી જોતા નરસિંહ પુણ્યપ્રકોપ સમાવતાં સમજાવટના સૂરથી લોકોને પોતાનું દર્શન સમજાવતાં કહે છે :

પરપંચ પરહરો, સાર હૃદયે ધરો, ઊચરો મુખ 'હરિ' અચળ વાણી.

*   *   *

પોતાને જ સંબોધીને પણ જાતને જાણે કે યાદ કરાવે છે :

નરસૈંયા, હરિ તણી ભકિત ભૂલીશ નહીં, ભકિત વિના બીજું ધૂળધાણી.

સંસારનાં મિથ્યાત્વને નરસિંહ ઉપેક્ષતા નથી પણ 'કાચું' કહીને એની અપકવતા પર ભાર મૂકે છે. એ સુખનો ધિક્કાર નથી પણ એને મેળવવાથી પૂર્ણત્વ મળે છે એ ખ્યાલ સાચો નથી એ વાત પર કવિ વજન મૂકવા માગે છે. એ સુખથી આગળ જવાનું છે, ત્યાં અટકવાનું નથી. આગળ જતાં જે મળે છે એ જોવા જેવું છે, અનન્ય છે એટલું જ નરસિંહનું કહેવું છે.

ભક્તિનો મર્મ જાણતા કવિને મન ભક્તિ રહસ્ય રહેતી નથી. બાકી તો આપણે આગળ ચર્ચ્યું છે તેમ ભક્તિ પણ કંઈ સહેલ નથી, આ તત્ત્વને પ્રાસાદિકતાથી સમજાવતા, વહેંચતા નરસિંહથી પણ આ છૂપો રાખેલો મર્મ, ગર્ભિત રહેલું રહસ્ય, રહસ્ય તરીકે છતું થઈ જાય છે:

ભાગ્ય જેનું ભલું રે, અવસરને ઓળખે રે; બાંધ્યું રહે શ્યામ સંઘાથે મંન;
નરસૈંયાનો સ્વામી રે, શીતળ દૃષ્ટે જુએ રે, જો હોય પુરવનું પુન્ય,

જે આ તત્ત્વને મેળવે છે તેને નરસિંહ 'વિરલા' કહે છે. ભક્તિ કરવી એ વીર્યવાનોનું કામ છે. આ તત્ત્વ એમ હાથમાં આવે તેવું નથી; વાણીથી પર ને પાર છે. એને તો અનુભવિયા જ જાણે. માટે એ તત્ત્વ 'નવધાથી પાર'નું છે, 'અચવ્યુ'' છે. અનેક પ્રેમીજનોએ આ તત્ત્વને પામ્યું હોવા છતાં એની નિત્યનૂતનતા અખંડ છે.

નરસિંહ સંયોગના કવિ હોઈ, તેમનાં ભક્તિનાં પદોમાં પ્રસન્નતાનું સાતત્ય વરતાય છે. કવિ તલસાટને ઓળખતા નથી, કેમ કે તેમના પાસે દર્શનપ્રાણિત અનુભૂતિ છે. આ કારણે એમનાં કાવ્યોમાં સભરતા છે. મિલનનો આનંદ 'સાકરના ઢીમ વાધ્યા ઢગલે' જેવાં રૂપકથી ખોબે ખોબે વહેંચતા નરસિંહ હરિનાં આગમનને વધાવતાં કહે છે:

આજ મારે દિવાળી રે દિવાળી, મારે ઘેર આવ્યા શ્રી વનમાળી.

નરસિંહનું ભક્તિના અર્ઘ્યથી ભરેલું ચિત્ત વનમાળીએ લઈ લીધું તે વાતનો આનંદ આવા લયકેફથી વ્યકત થયો છે:

હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે;
મોટે મોટે મોટે મેં તો મોતીડે વધાવ્યા રે.
કીધું કીધું કીધું મુજને કંઈક કામણ કીધું રે;
લીધું લીધું લીધું મારું ચિત્તડું ચોરી લીધું રે.

આવો ભક્ત જ સુખ—દુખનાં દ્વંદ્વોથી પર રહી શકે, તટસ્થ રહી શકે. પ્રસન્નતાનું બળ નરસિંહની ભક્તિને એક નવો જ આયામ અર્પે છે.

જે વ્યક્તિએ આ લાભ ન મેળવ્યો એણે મળેલા અવસરને ઓળખવામાં ભૂલ કરી :

જનમ તેનો નહીં લેખામાં જે ન કહેવાયાં હરિ—દાસડિયાં;
ભણે નરસૈંયો : તેણે ભારે મારી માવલડી દસ માસડિયા.

આ અવસરને નરસિંહે તો ઓળખ્યો છે અસ્તિત્વને ઉત્સવનું રૂપ આપીને નરસિંહે ભક્તિના સ્થિર ખ્યાલને, વિભાવનાને ગતિમંડિત બનાવીને ભક્તિનો અર્થ બદલાવી નાખ્યો છે. નરસિંહ જેવા ભક્તને મેળવીને એમના પ્રિયતમની ઝોળી છલોછલ ભરાઈ ગઈ છે. નરસિંહ ને કૃષ્ણ, આ પ્રેમભક્તિથી સામસામે ધન્ય બન્યા છે, ને પરિણામે ગુજરાતી કવિતા પણ.

# ૬. નરસિંહનું તત્ત્વજ્ઞાન

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને આપણી સગવડ ખાતર બે ધારાઓમાં વહેંચીને જોઈ શકાય : ભક્તિધારા ને જ્ઞાનધારા. નરસિંહ, ભાલણ, મીરાં ને દયારામ જેવા કવિઓ પ્રથમ ધારાના પ્રમુખ ગાયકો રહ્યા તો અખો, ધીરો, ભોજો, નિરાંત, પ્રીતમ જેવા કવિઓ બીજી ધારાના. પણ સાથે એ જરૂર નોંધવું જોઈએ કે મધ્યકાળના સંતોને મન ભક્તિ ને જ્ઞાન વચ્ચે ઝાઝો ફરક નથી. કોઈ એક તત્ત્વનું વળગણ કે છોછ તેમણે રાખ્યો નથી. આ સંતો સમન્વયના ગાયકો રહ્યા છે. શરૂઆતમાં ભક્ત રહેલો કવિ પાછળથી જ્ઞાનનો ગાયક બને છે તો બીજી બાજુ પ્રથમ જ્ઞાની તરીકે પંકાયેલો જ્ઞાની ભક્તિનો ટેકો લે છે. સમન્વયનું આ લક્ષણ આખા ભારતીય સાહિત્યને લાગુ પડે છે. જ્ઞાનદેવ જેવા સમર્થ જ્ઞાની પુરુષે પણ ગોપીભાવે રચનાઓ કરી જ છે. અખા જેવા તત્ત્વજ્ઞ સંત 'ભાઈ ભક્તિ જેવી પંખિણી જેને જ્ઞાન વૈરાગ્ય બેઉ પાંખ છે' કહીને ભક્તિ—જ્ઞાનનું સાથેલાગું મૂલ્ય કરે છે; તો મીરાં જેવાં પરમ ભક્ત સંત 'શૂન રે શિખરના ઘાટ પરથી રામ રમકડું જડિયું' કહીને દર્શનનું રહસ્ય સ્વીકારે છે.

આ સંદર્ભમાં જોવા જતાં નરસિંહના તત્ત્વજ્ઞાનને એની ભક્તિથી અલગ તારવીને મૂલવવું અઘરું પડે તેવું છે, કેમ કે મૂળે તો નરસિંહ ભક્તકવિ છે. એની ભક્તિમાં રહેલો કેફ, આગવો મિજાજ, ઉન્મત આનંદ એને ભક્તકવિ તરીકે મૂલવતાં આગળ નોંધ્યો જ છે. આવો મિજાજ ધરાવતા કવિમાં સ્વાભાવિક રીતે જ વાતડાહ્યાપણું ન હોય, એટલે તો સમાજના ગુરુસ્થાને બેસીને વાત કરતાં તેમને ફાવ્યું નથી. તેમનો સ્થાયી ભાવ સમર્પણનો હોઈ, તત્ત્વજ્ઞાનની પીઠિકા તેમને મન અસ્પૃશ્ય છે. છતાં અનુભૂતિનાં દોહન તરીકે આપ્યાં હોય એ રીતે એમણે કેટલાંક તત્ત્વજ્ઞાનાત્મક ને એ સંદર્ભે જ બોધાત્મક પદો આપ્યાં છે ખરાં. પરમ ભક્તનું બિરુદ પામેલા નરસિંહ અચાનક આ પ્રકારનાં તત્ત્વ-જ્ઞાનાત્મક પદો આપે એ ઘટના આશ્ચર્ય જરૂર જગવે. ભક્તિની તરલતામાંથી ચિંતનના સ્થૈર્યમાં પ્રવેશીને કવિએ જાણે વિષયાંતર કર્યું હોય એવું પણ લાગે. તત્ત્વજ્ઞાનને વ્યક્ત કરતાં કે ક્યાંક બોધ આપતાં આપતાં તેમના જેવા સૌમ્ય સંતે સૂક્ષ્મ ને ક્યાંક મુખર કહી શકાય તેવો પુણ્યપ્રકોપ પણ પ્રગટ કર્યો છે એ પણ વિસ્મય જગવે એવી વાત છે. આ પ્રશ્નોના ઉત્તર બે રીતે આપી શકાય:

એનાં તત્ત્વજ્ઞાનાત્મક પદોમાં ઉપશમનો સંકેત જોવા મળે છે. તેમણે અનુભવેલી ભક્તિભાવની ઉન્મત્ત ભાવદશા પછી તેમની પ્રજ્ઞા શાંતરસમાં સ્થૈર્ય પામી હોય કે પામવા ઇચ્છતી હોય એમ બને. કૃષ્ણ સાથે મનભરીને નાચ્યા પછી, રચ્યાપચ્યા રહ્યા પછી આ પ્રેમને પણ સાક્ષીભાવે જોવાની ક્ષમતા એમણે કેળવી હોય એવું જણાય છે. પ્રેમનો એમને કોઈ થાક ચડયો છે એવું નથી પણ એ પ્રેમ પરિવર્તિત થયો છે દર્શનમાં. એ પ્રેમમાંથી રાગાત્મક અંશ વિસર્જન પામે છે ને રહે છે એક પ્રકારની પ્રશાંત પ્રસન્નતા. એમની ભક્તદશાની રાગાત્મકતાનું આ એક પ્રકારનું ઉન્નત આરોહણ છે. આથી જ નરસિંહનાં તત્ત્વજ્ઞાનાત્મક પદો જ્ઞાનની શુષ્કતામાંથી બચવા પામ્યાં છે. તેમના જ્ઞાનમાં પ્રેમનો રંગ ભળ્યો હોઈ, તેમનું તત્ત્વજ્ઞાન આનંદનું ગીત બની રહે છે. તેમના ભાગ્યે જ દેખાતા પુણ્યપ્રકોપમાં પણ આખરે તો પોતે જે જોયું છે એ સહુ સુધી પહોંચાડવાની તીવ્ર ઝંખના જ દેખાય છે. આ સંદર્ભમાં નરસિંહનાં તત્ત્વજ્ઞાનાત્મક પદોને જોવાથી એમાં રહેલું કવિનું દર્શન વધુ સ્પષ્ટ રીતે સમજાય છે.

નરસિંહનાં તત્ત્વજ્ઞાનાત્મક પદો પર વેદ, ઉપનિષદ કે શંકરાચાર્યના વેદાંત વિષયક વિચારોની અસરની ઝલક દેખાય છે એ સાચું. ક્યાંક તો એમણે વેદ, શ્રુતિ—સ્મૃતિનો હવાલો પણ આપ્યો છે. પરંતુ આ અસર કરતાંયે વેદમાં કથેલી અનુભૂતિ એમણે તો જાતે અનુભવી છે. એટલે નરસિંહનું તત્ત્વજ્ઞાન મૌલિક રીતે રજૂ થયું છે. વેદ ઉપનિષદનો જેને ટેકો છે એવું દર્શન નરસિંહે કર્યું છે એમ કહેવા કરતાં પોતે જે અનુભવ્યું છે એને વેદ--ઉપનિષદનો ટેકો છે એમ કહેવું નરસિંહને વધુ સયુક્તિક જણાયું છે. નરસિંહનું તત્ત્વદર્શન પ્રાસાદિક બન્યું છે ને એ કારણે આમસમાજ સુધી પહોંચી શક્યું છે આ અનુભૂતિના બળથી. એટલે નરસિંહનાં તત્ત્વદર્શનને એમનાં પોતાનાં જ દર્શન તરીકે જોવાથી વધારે સરળતાથી એમનું મૂલ્યાંકન થઈ શકે છે.

નરસિંહનાં તત્ત્વજ્ઞાનાત્મક પદોમાં કવનવિષય તો છે કૃષ્ણ જ, પણ તેનું રૂપ થોડું બદલે છે. ભક્ત નરસિંહનો અબળાને વશ એવો સગુણ કૃષ્ણ અહીં વ્યાપક રૂપે પ્રગટે છે. એનો વ્યાપ ક્યાંથી ક્યાં સુધી હોઈ શકે ને હોય છે એનો એક આલેખ નરસિંહે અત્યંત સરળ રીતે આલેખ્યો છે. હરિની ઓળખ બહુ લાઘવપૂર્વક નરસિંહે આ રીતે આપી છે :

કોટિ બ્રહ્માંડના ઈશ ધરણીધરા, કોટિ બ્રહ્માંડ એક રોમ જેનું;

× × ×

એ નથી એકલો, વિશ્વ થકી વેગળો, સર્વવ્યાપક છે શક્તિ જેની.

એ વૃક્ષમાં બીજ ને બીજમાં વૃક્ષ થઈને ફેલાયો છે. એક હોવા છતાં અનંત ભાસે છે. એ દૂરનું તત્ત્વ નથી. પટંતરે લાગતો હોવા છતાં પાસે છે. એ છે મનુષ્યનું આત્મતત્ત્વ જ. જેને આ વાત સમજાતી નથી તેને કંઈક નારાજ થઈને નરસિંહ કહે છે :

જેનો તું થઈ ફરે તે તારું રૂપ છે, દુગ્ધા ટાળીને ખોળ અળગો,
અદબદ ખેલ છે તું તેમનો તેમ છે, ન ઘટે ન વાધે;
વસ્તુરૂપ થઈને આ તું જ વિલસી રહ્યો, અખિલ બ્રહ્માંડને વિશ્વ બાધે.
નરસૈંપણું લઈને તું રમિયો અનુભવે, તાહરા ખેલમાં તું જ શોભ્યો.

જ્યાં સુધી મારા–તારાનું દ્વંદ્વ છે ત્યાં સુધી જ પ્રેમભક્તિની માયાજાળ છે. પછી તો સગુણ શમતાં નિર્ગુણ પણ શમે છે. લૂણ—નીરના ન્યાયે ભક્ત ને ભગવાન બંને ટળે છે, ઓગળે છે, લીન થાય છે. આ અનુભવ શૂન્ય થવાનો કે છેદ ઉડવાનો નથી, ચેતનાના મિલનનો છે, અદ્વૈતનો છે, ખોવાઈ જવાનો છે. નરસિંહનાં તત્ત્વદર્શનનો આ વ્યાપ ઊંચકાય નહીં એટલું વજન ધરાવે છે, પોતે કરેલી અપાર ભક્તિ પણ આખરે તો 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' જ છે. સ્મરવાનું છે આ, જે છે તે જ શોધવાનું છે, શોધ્યા પછી ભેદ વિગલિત થાય છે.

આત્મસાક્ષાત્કારનો આ આખોય અનુભવ ભારે વિશિષ્ટ છે; અકથ્ય છે. તેનું કથન કરતાં કવિત્વના આ સ્વામી પણ મૂંઝાય છે. ને મૂંઝાતાં મૂંઝાતાં અપાર આનંદ અનુભવે છે. જ્ઞાની કવિ અખાએ જે હરિને, હરિના અનુભવને, કહો કે આત્મસાક્ષાત્કારની ક્ષણને 'બાવન બાહેરો' કહીને સમજાવવા પ્રયત્ન કર્યો છે તે ક્ષણને નરસિંહ 'નવધા નવ હોય નિવેડો, તે દશધામાં દેખાયે રે' કહીને સમજાવવા મથે છે. આ 'અચવ્યા' રસનો અનુભવ કેવો છે? તો કહે છે :

વાણીમાં અનુભવ એહ આવે નહીં, અનિર્વાચી કહે નિગમ ગાઈ.

જે વ્યક્તિ આ અનુભવને સંવેદે છે એને માટે નરસિંહ એમનો માનીતો શબ્દ 'જાગેલો' વાપરે છે. 'જાગવું' નરસિંહને મન સાધનાનું અંતિમ ચરણ છે. આ જાગરણ નરસિંહને મન મુક્તિ છે. મોક્ષને નરસિંહે ગૌણ ગણ્યો છે. કેમ કે તેમને મન જાગરણનું જ મૂલ્ય છે. એટલે જ પોતે જાગી ગયા છે તેનો

આનંદ મનાવતાં એ થાકતા નથી, જાગ્યા પહેલાંની તંદ્રાવસ્થામાં 'બાપજી પાપ મેં કવણ કીધાં હશે, નામ લેતાં તારું નિદ્રા આવે' કહેતા કવિ જાગી જાય છે ત્યારે ખ્યાલ આવે છે કે જે જોયું એ તો અટપટા ભોગ હતા, જાગીને તો દેખાયું ચિત્ત–ચૈતન્યના વિલાસનું અદ્વૈત. બ્રહ્મનાં બ્રહ્મ પાસેનાં લટકાં, હેમનું હેમ, કનક—કુંડળનો અભેદ. ને પછી તો મુક્તિ જ મુક્તિ. 'જ્યાંહાં જ્યાંહાં દૃષ્ટ પડે મારી સજની, મુક્તિ તણાં સર્વે મોતી રે'. આ મુક્તિ એટલે બધું છોડી દેવું કે બધાંથી છૂટવું એવી વૃત્તિ નહીં પણ બધું આપોઆપ ખરી પડવાની ક્ષણ, જ્યાં નરસિંહ બને છે ત્રિગુણાતીત.

જાગીને જે ઉલ્લાસની પ્રાપ્તિ થઈ તેને વિસંવાદાત્મક સંવાદથી નિરૂપીને જ્ઞાની નરસિંહે કવિતાનો આશરો લઈને દર્શનને તાજગી બક્ષી છે. જાગેલા કવિ પાછા સખીભાવ તો ભૂલ્યા જ નથી. તેથી બોલી ઊઠે છે :

સ્વામીનું સુખ હતું માહરે ત્યાં લગી, જ્યાં લગી હદ હતી રાત કેરી;
સ્વામીના સુખ તણો સ્વાદ ભાગી ગયો, ઓચિંનો ઉદિયો સૂર વેરી.
સૂરના તેજમાં સાવ સમરસ થઈ, સહેજમાં પિયુ મારો ગયો સમાઈ;
પિયુને પગલે હું ખોળવાને ગઈ, પિયુને ખોળતાં હું ખોવાઈ.

દ્વૈતની એક મજા હતી, આનંદ હતો. પણ દ્વૈતમાંથી જ ને દ્વૈતને જ બળે જે અદ્વૈત જન્મ્યું તેનું જ બીજું નામ, તેનો જ પર્યાય 'જાગરણ' છે. પણ કવિ શુષ્ક પંડિત નથી, તેથી આ ઓચિતાં મળેલાં અદ્વૈતને 'ખોવાવું' કહે છે. સમર્પણની ભાષાને અકબંધ રાખીને કવિનું તત્ત્વજ્ઞાન વિસ્તર્યું છે.

જ્ઞાની કવિનું આ જાગરણ થોડી ક્ષણોનું નથી, કે માત્ર આંખોનું ખૂલવું પણ નથી. બધાં અંગો ખૂલ્યાં છે. 'સરવે તે અંગે જાગી'. નરસિંહનું અંગાંગ, રોમેરોમ જાગી ઊઠયું છે. નિદ્રાએ તંતોતંત વિદાય લીધી છે. રોમે-રોમ જાગ્યાં તેથી જ દેખાયું તે બહુસંખ્ય હતું. કોટિ કંદર્પ, ત્રણે ભુવન, ને પરિણામે હૃદયકમળ ખીલી ઊઠયું. 'અનેક કમળ રે બાઈ મારે વિકસ્યાં રે, મધુકર પામ્યો રે છે કાંઈ મોખ!' નરસિંહે અહીં યોગની પરિભાષા વાપરી છે. યોગીના શરીરમાં રહેલાં ચક્રો ખૂલતાં ખૂલતાં જ્યારે કુંડલિની જાગ્રત થાય ત્યારે યોગી એક પ્રકારનો પરિતોષ પ્રાપ્ત કરે છે. અહીં નરસિંહે પણ જાણે કે સંતોષનો શ્વાસ લીધો છે. આ અર્થમાં જોતાં નરસિંહનાં તત્ત્વજ્ઞાનાત્મક પદો પરિતોષનાં કાવ્યો છે.

તત્ત્વજ્ઞાનની વાત કરતાં કરતાં પણ નરસિંહનું દર્શન આશ્રય તો લે છે પ્રેમનો જ. કારણ કે આખરે તો નરસિંહ ભક્ત છે. જ્ઞાન નરસિંહનું સાધ્ય નથી. એ તો એમને ભક્તિ કરતાં કરતાં મળેલું, કહો કે ફળેલું આનુષંગિક પરિણામ છે. નરસિંહની દૃષ્ટિ લાડથી ચોંટે તો છે પ્રેમ પર, સમર્પણ પર. અદ્વૈતની સિદ્ધિ ચકાસ્યા—તપાસ્યા પછી પણ એમનું સ્નેહભાજન તો બને છે પ્રેમભક્તિ. અરધ—ઉરધમાં મહાલતા અકળ અવિનાશીને સંતો પ્રેમના તાંતણે બાંધી લે છે એમ કહેતાં નરસિંહમાં પોતે કરેલા પ્રેમના વિજયનું ગૌરવ પ્રદર્શિત થાય છે. જેને નરસિંહે 'નેત્ર વિણ નિરખ્યો છે, રૂપ વિણ પરખ્યો છે' એ તેમનો સચ્ચિદાનંદ પ્રગટ તો થાય છે પ્રેમના બળે. આથી તેમનાં મોટાભાગનાં જ્ઞાનાત્મક પદોને અંતે તેઓ પ્રેમનું મૂલ્ય કરે છે. 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ' જેવા ભવ્ય પદને અંતે કવિ કહે છે, 'પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.' જેને ગગનમાં, આત્માના આકાશમાં નીરખતાં 'તે જ હું' શબ્દ સંભળાય છે તે વિરાટ તત્ત્વને પ્રેમના બળથી મેળવવાનું કહીને કેવું તો હાથવગું બનાવી દીધું છે ! કોટિ બ્રહ્માંડ જેનું એક રોમ છે, શુક, સનક ને નારદ જેનું ધ્યાન કરે છે એ પૂરણ પુરુષોત્તમ પ્રેમદા (ગોપી) સાથે તો રમે છે. ગોપીનો પ્રેમભાવ ઈશ્વરની વિરાટતાને પણ જાણે કે વામન બનાવી દે છે.

નરસિંહનું તત્ત્વજ્ઞાન પ્રેમના પતરાળામાં પીરસાયું હોઈ, એની મિષ્ટતા મમળાવવી ગમે છે. એમણે તો માગી છે માત્ર અને માત્ર રતિ, તત્ત્વજ્ઞાન જો પોથિયું હોય તો નરસિંહને મન એ વ્યર્થ 'ટૂંપણું' છે, ને તેથી તુચ્છ છે. આ છે જ્ઞાની ભક્તનો વિવેક.

નરસિંહમાં પ્રગટતું આ સમન્વયદર્શન કદાચ એમના યુગવિચારની નીપજનું પરિણામ પણ હોઈ શકે. પરંતુ નરસિંહની અભિવ્યક્તિ આગવી રીતે મુકાઈ હોઈ, નવીન જણાય છે. નરસિંહ પોતાની સાથે જે બે વ્યક્તિઓની સરખામણી કરે છે એ બંનેનું વ્યક્તિત્વ સમન્વિત થઈને નરસિંહમાં અવતર્યું છે. એ બે વ્યક્તિઓ છે પરમ યોગી શુકદેવ ને પરમ રસિક કવિ જયદેવ. શુક તો તત્ત્વજ્ઞ છે, પણ નરસિંહ જાણે છે કે શુકની યોગાસક્તિ ને પોતાની પ્રેમાસક્તિ તાત્ત્વિક રીતે એક છે. શુકદેવ પોથી પંડિત નથી. શુકે શાંત ભાવે જે તત્ત્વ સાથે રમણ કર્યું છે એ જ તત્ત્વ સાથે નરસિંહે રસૈક્ય સાધ્યું છે. માટે નરસિંહ શુક સહોદર છે. શુકનો જોગ ને નરસિંહનો ભોગ એક સિક્કાનાં બે પાસાં છે. આ છે નરસિંહનું તત્ત્વદર્શન, જેને વેદ—વ્યાકરણ, જપ—તપથી

યોજનોનું છેટું છે. જેને મેળવવા માટે પ્રયત્નપૂર્વકની સાધના કરવી વ્યર્થ છે. એ સાધનાનો આડંબર તો નરસિંહને ઉપહસનીય જણાયો છે ને એ માટે એમણે ક્યાંક માર્મિક હાસ્ય પણ કર્યું છે. આ આડંબરને 'પરપંચ પેટ ભરવા તણા' કહીને નરસિંહે વર્જ્ય ગણ્યો છે. પ્રેમ જ છે ઈશ્વરને પામવાનો અચળ માનદંડ. આ પ્રેમને—પ્રપત્તિ, સખ્ય, કરવું ગમે એવું દાસ્ય, ઓગળી જવાની કલા, રસૈક્ય–એવા અનેક નામે નરસિંહે ઓળખાવ્યો છે ને એ રીતે જ્ઞાનનું અતિક્રમણ કરતા તત્ત્વ તરીકે આલેખ્યો છે.

પ્રેમના મરમી એવા નરસિંહનાં તત્ત્વજ્ઞાનાત્મક પદોમાં આથી જ, તત્ત્વજ્ઞાન દ્વારા વ્યક્ત થયેલા બ્રહ્મતત્ત્વના કહેવાતા ભારેખમ અનુભવનું સરલીકરણ થયું છે. નિર્ગુણભક્તિ કે જ્ઞાનને પચાવવા માટે નરસિંહ અનુભૂતિ પર વજન આપે છે, શાસ્ત્રો પર નહીં. શાસ્ત્ર તેમને મન માર્ગ છે, મંજિલ નથી. શાસ્ત્રથી પણ પાર જવાનું છે. માત્ર શાસ્ત્રજ્ઞાનને તેઓ 'ગ્રંથ ગરબડ' કહે છે. ગ્રંથને જ સર્વેસર્વા માનતા પંડિતો પ્રત્યે નરસિંહ વ્યંગ કરતા નથી પણ એમને રંજ છે આ શુષ્ક જ્ઞાનનો, જેમાં પ્રતીતિનો રંગ ભળ્યો નથી. શુષ્ક શાસ્ત્રજ્ઞાનની વ્યર્થતા સમજાવતાં એ કહે છે :

'શબ્દ સંચ્યા ઘણા સકળ વિદ્યા ભણ્યા' તો પણ પરિણામ શું આવ્યું ?
'પ્રપંચ પંડમાં રહ્યો, અહંકાર નવ ગયો' ને વાસ્તવિકતા આ જ રહી.
'શાસ્ત્ર કીધાં કડે તો ય રજનીમાં આથડે'

શુષ્ક વિદ્યા ને પ્રતીતિમાં આટલો જ ફરક છે. જેનો અહંકાર વિગલિત થયો છે એનું બધું જ જ્ઞાન ક્ષણભરમાં સાર્થકયને પામે છે; એનાં જ્ઞાનને દર્શનનો આધાર મળે છે. એ જ્ઞાન બની જાય છે આત્માનુભવ. જેનું બીજું નામ પરમાત્માનો અનુભવ પણ છે. નરસિંહને મન મૂલ્ય એનું છે. જેણે શુષ્ક જ્ઞાન આરાધ્યું છે તેના પ્રત્યે નરસિંહને એક પ્રકારની સૂગ વરતાય છે. એના પ્રત્યેનો વિષાદભાવ આથી જ નરસિંહે ક્યાંક મુખરભાવે વ્યક્ત કર્યો છે. નરસિંહનું પોતાનું જ્ઞાન પોથિયું ન હોઈ, એમાં આટલી પ્રસન્નતા ભરી પડી છે. ભક્તિ છોડીને જ્ઞાનસાધના કરવાનું મન થાય એટલી રસિકતા નરસિંહે તત્ત્વજ્ઞાનનાં પદોમાં પીરસી છે. આગળ નોંધ્યું તેમ આ પદોમાંની સરલીકરણની પ્રક્રિયાએ નરસિંહને મનમુદાના કવિ ઠેરવ્યા છે.

નરસિંહનાં તત્ત્વજ્ઞાનનાં પદોની સાથે જ, એના પેટાવિભાગમાં મૂકી શકાય તેવાં કેટલાંક બોધાત્મક પદો પણ મળે છે. આ બોધ એમણે ક્યાંક

જાતને આપ્યો છે તો ક્યાંક સમાજને આપ્યો છે. તેમના બોધમાં સૂતેલા આમસમાજ પ્રત્યેની કરુણા વ્યક્ત થઈ છે. એ કરુણાના ભાવથી પ્રેરાઈને તેમણે વાત્સલ્યથી સમાજને જાગ્રત કરવા યત્ન કર્યો છે. પણ જગતને જગાડતાં પહેલાં જાતનું દર્શન કરતાં ને કરાવતાં તેઓ અચકાયા નથી આ દર્શન પામ્યા પહેલાં, તેનો ઉપદેશ આપતાં પહેલાં પોતે પણ સામાન્ય માનવી રહી ચૂક્યા છે એવું આત્મભાન તેમને છે. આથી એક પદમાં રીતસરની કબૂલાત કરતાં તેમણે કહ્યું છે :

> બાપજી પાપ મેં કવણ કીધાં હશે, નામ લેતાં તારું નિદ્રા આવે;
> ઊંઘ આળસ ને આહાર મેં આદર્યાં, લાભ વિના લવ કરવી ભાવે.

આ નિદ્રાથી બચવા તેઓ હરિનું જ શરણું સ્વીકારીને નમ્રતાપૂર્વક નિવેદન કરતાં કહે છે :

> તારી કરુણા વિના કૃષ્ણ કોડામણા, કળવિકળનું બળ ન ફાવે.

નરસિંહ જાણે છે કે ઈશ્વરદર્શનની કે આત્મસાક્ષાત્કારની સાધના જે હેસિયત માગે છે, જે કિંમત ઇચ્છે છે એ ચૂકવવા માટે એમના જેવા સમર્થ સંતે પણ સજાગ રહેવાનું છે. આ નમ્રતાને બળે જ લોકોને કંઈક કહેવાના તેઓ અધિકારી બન્યા છે.

સમાજને નરસિંહે જે બોધવચનો કહ્યાં છે તેમાં તેઓ લોકશિક્ષક તરીકે વર્તવા માગતા નથી. મૈત્રીભાવે એમણે લોકોને બે વાત કહેવા ધારી છે ને કહી છે. પોતાની જાતને લોકો સાથે ભેળવીને નરસિંહ ચાલ્યા છે. આથી એમનું ચિંતન સહચિંતન બન્યું છે. તેમનાં અનેક પદોમાં મૈત્રીની ભાવના 'ને' પ્રત્યય દ્વારા વ્યક્ત થઈ છે :

> સમરને શ્રીહરિ...
> નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો ?
> જો ને વિચારીને મૂળ તારું...
> ભક્ત કારણ જોને ભૂધરે દેહ ધરી...

આ 'ને' પ્રત્યય નરસિંહમાં રહેલા આત્મૌપમ્યના ભાવના પ્રગટ કરે છે. પોતે જે તત્ત્વને પામ્યા છે એ તત્ત્વને સૌ પામે એવી એમની ઇચ્છા છે. સંવાદાત્મક

શૈલીમાં સંસારીજનોને પંપાળીને, આશ્વાસીને તેઓ વાત કરે છે. ક્યાંક તો વિનવણીના સૂરે પણ વાત કરવામાં તેમને વાંધો નથી આવ્યો :

જપ તપ તીરથ દેહડી ન દમીએ, મારા વહાલાજી શું રંગભર રમીએ.

ઓલગ્યો નિષ્ફળ ન જાય, ઓલગ્યો દ્વારામતીનો રાય

પોતે કરેલા દર્શનનું રહસ્ય લોકો માટે અનાવૃત્ત કરીને નરસિંહે મૂકી દીધું છે.

પણ આવા સંતની વાણી સાંભળીને પણ લોકો તો નિદ્રા જ પસંદ કરે છે. એ જોઈને કવિએ એમની પ્રકૃતિ વિરુદ્ધ નર્મ—મર્મ દ્વારા કષાંક વ્યંગ પણ વ્યક્ત કર્યો છે. આ પ્રકારના વ્યંગને વ્યક્ત કરવામાં નરસિંહની નાગરી શૈલી અભિવ્યક્તિ પામી છે. સૂક્ષ્મ મજાક કરીને લોકોને ઢંઢોળવા મથતા કવિ કહે છે :

પુરણ પુરુષોત્તમ નવલરંગી તજી અન્ય દેવે જેનું મન મોહે;<br>
કોટિ ચિંતામણી કામધેનુ તજી, મહિષીના કુંવરનું દૂધ દોહે.

સંત કરુણા થકી સકળ કારજ સરે, કૃષ્ણ—કરુણા થકી કૃષ્ણ ભાસે;<br>
જગત કરુણા થકી યોનિ નિત્ય નવી ધરે, પેરે પેરે દેહ ગર્ભવાસે.

જેવી મનુષ્યની રુચિ એ મુજબનું પરિણામ તેને મળે.

જેણે યુવાનીમાં હરિને જાણ્યા નહીં ને એ સમય પરદારા પર, ધન પર મોહવામાં વ્યતીત કર્યો. ને જ્યારે નાસિકા ગળવા લાગી, કાન કામ કરતા બંધ થયા ત્યારે પણ શું કરવું જોઈએ એ સૂઝયું નહીં. જેનું ભાગ્ય ભલું હોય એ જ આ અવસરને ઓળખી શકે. આમ કહીને નરસિંહ વ્યંગનો બંધ વાળીને ફરી સૌમ્ય બને છે.

આવા કરુણાવાન ઋષિની કરુણાર્દ્ર, ભીંજવતી ચેતનાને સમજનાર, તેમનો પડઘો પાડનાર શિષ્યત્વના અભાવે નરસિંહને રંજ વેઠવાનો આવ્યો છે. આથી નર્મ—મર્મ કરતાં કરતાં ક્યાંક એમને પુણ્યપ્રકોપ પણ પ્રગટાવવો પડયો છે. થઈ બેઠેલા વૈષ્ણવો ને પંડિતો પ્રત્યે નારાજગી વ્યક્ત કરતાં કવિ કહે છે :

હરિને જાણ્યા વિના હરિ કેરો જન થયો, વાત પકવાનથી ભૂખ ન ભાંગે.

આવા પંડિતોના વાણીવિલાસને નરસિંહ વસ્ત્ર છોડીને ચૂંથે વળગવા જેવી વાત માને છે. આકાશ સુધી રચેલા ભવનની ભીંત જ કાચી છે એમ કહીને મૂઢમતિ

લોકોને જગાડતાં અંધ ગુરુ ને બધિર ચેલાને ઉપેક્ષે છે. તત્ત્વને સમજવાની ખેવના ન રાખનાર મનુષ્યને એ રઝળતી વિધવાનાં રખડેલ સંતાન સાથે સરખાવીને તારસ્વરે આક્રોશ વ્યક્ત કરે છે. સ્નાન, સેવા, પૂજા, જપ-તપને જ્યાં સુધી અનુભૂતિનો રંગ નથી લાગ્યો ત્યાં સુધી આ ક્રિયાઓ નરસિંહને મન 'પરપંચ પેટ ભરવા તણા' જ છે. જેણે હરિભક્તિ ન કરી તેણે માતાને વૃથા શ્રમ આપીને પોતાનો જન્મ નિરર્થક કર્યો એમ નરસિંહ માને છે.

આમ, એમનાં બોધાત્મક પદોમાં કરુણા છે, વ્યથા છે ને કયાંક રંજમિશ્રિત આક્રોશ છે. પણ જે લોકો નરસિંહની વાતને સમજી શકે છે પણ પોતાની વીતકકથાઓથી થાકેલા છે, શ્રમિત છે તેમને માર્દવપૂર્વક સમજાવતાં નરસિંહે સુખ-દુ:ખનાં દ્વંદ્વોથી ઉપર ઊઠવા જણાવ્યું છે. કારણ કે આ દ્વંદ્વો તો 'ઘટ સાથે ઘડાયેલાં' છે. એ પચાવીને જ રહેવાનું છે. ઈશ્વરેચ્છા માથે ચડાવીને જગદીશને ગમેલી વાતનો ખરખરો કરવાનો નથી. 'આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે'માં 'આપણો' શબ્દમાં વ્યક્ત થતું સાહચર્ય નરસિંહની સ્નિગ્ધ કરુણાના વ્યાપને વ્યક્ત કરે છે. જેને જેને જે-જે સ્વધર્મ, સ્વકર્તવ્ય મળેલું છે તેને પ્રેમપૂર્વક નિભાવવાની એમની સલાહ છે. સાધુપુરુષે એનું કામ કરવું, સ્ત્રીઓએ એમનું, વેદિયા–જોગિયાએ એમનું. 'આપણે આપણા ધર્મ સંભાળવા' કહેતા નરસિંહમાં વ્યવહાર જગત પ્રત્યેનો સમજપૂર્વકના સ્વીકારનો અભિગમ પુણ્યપ્રકોપ પછીના ઉપશમની શાંતિનો સૂચક છે. જીવનનો સંપૂર્ણ-પણે સ્વીકાર કરીને, ઉપર ઊઠવાની નરસિંહની સલાહમાં એમનાં તત્ત્વજ્ઞાનની જીવનાભિમુખતા ભારે કલાત્મકતાથી ઉપસી છે.

ઘડપણ ને મૃત્યુને પણ નરસિંહે તત્ત્વજ્ઞાનાત્મક અભિગમથી જોયાં છે. વૃદ્ધાવસ્થાનાં વીતકો, કુટુંબીજનોની ઉપેક્ષાવૃત્તિ સ્વીકારવાની આવે એ પહેલાં જ જાગવાની વાત નરસિંહે કરી છે. તો સ્મશાનયાત્રાને વરઘોડાનું રૂપક આપીને મૃત્યુનું બીભત્સ રૂપ વ્યક્ત કર્યું છે ને એવું રૂપ ટાળવા માટે હરિ ભજવાનું કહ્યું છે. ડરવા જેવાં આ બે તત્ત્વોનો ડર ન રાખવાનું તો જ બની શકે જો હરિ ભજ્યા હોય એમ નરસિંહનું કહેવું જણાય છે.

આમ, નરસિંહનાં તત્ત્વજ્ઞાનનાં પદોમાં એક નીવડેલા આત્માનુભવીની વાણીની સચ્ચાઈનો ઘોષ સંભળાય છે. સમભાવપૂર્વકનો બોધ આપવાનો એમનો અધિકાર સ્વીકારવાનું મન થાય એવું પરિશુદ્ધ એમનું દર્શન છે. તેમની

વાણીનો પ્રતાપ પ્રજાળવા માટે નહીં પણ ઉપાધિઓને શમાવવા માટે પ્રગટયો છે એવું પણ સ્પષ્ટપણે સમજાય છે. માધુર્યના આ કવિ પાસે આખરે તો નીખરેલી સૌમ્યતા જ સાંપડે છે. પ્રસન્નતાપૂર્વક તેમણે તત્ત્વવિચારને પ્રગટ કર્યો છે ને છતાં પ્રેમનું નાજુક સ્વરૂપ તંતોતંત જાળવીને પોતાના ચેતનાદીપ દ્વારા સહૃદય ભાવકની ચેતનાના દીપને જલાવવાની ને જલતો રાખવાની મથામણ તેમનાં આ પદોમાં વંચાય છે. આ પદો દ્વારા નરસિંહનું જ્ઞાની કવિ તરીકેનું સ્થાન ઉજ્જવલ ને વિરલ બન્યું છે.

# ૭. નરસિંહની કવિતા

એક સાહિત્યકાર હોવાને નાતે જ્યારે કોઈ કવિ કવિતા રચે છે ત્યારે એની ગુણવત્તા નક્કી કરવા માટે સાહિત્યિક ધોરણો કામે લગાડવાં પડે છે; પણ જ્યારે કોઈ સંત યા ભક્ત કવિતા કરવા બેસે ત્યારે થોડા જુદા સંદર્ભમાં એ વિશે વિચારવાનું આવે છે. નરસિંહ પણ એક સંત છે, ભક્ત છે મધ્યકાળના અન્ય સંતોની જેમ કવિતા કરવી એ એમને મન એક ગૌણ ઘટના છે કવિતા એમનું સાધ્ય નથી, સાધન છે. સાધ્ય તો છે પરમ તત્ત્વની આરાધના ને અનુભૂતિ—એ અનુભૂતિની ફલશ્રુતિ રૂપે સહજ રીતે નીપજતો આનંદ, બલકે રસ. એ રસનું ગાન કરીને આ સંત કવિઓએ એક હવા, એક વાતાવરણ ઊભું કર્યું છે. ઉપરાંત, નરસિંહની તો અનુભૂતિ જ એટલી તીવ્ર છે કે એની વાત કરતાં કરતાં કવિતા તો સહજમાં, નરસિંહનો જ શબ્દ વાપરીને કહીએ તો 'લટકા'માં થઈ ગઈ છે. નરસિંહનું દર્શન એટલું બળકટ છે કે એનો આનંદ કાવ્યરૂપે જ પ્રગટી શકે. અનુભૂતિની ચરમ ક્ષણે વાલ્મીકિનો શોક જેમ શ્લોકત્વ પામેલો તેમ આનંદાનુભૂતિની ચરમ ક્ષણે નરસિંહ ગાઈ ઊઠયા છે; ગાવું એ જાણે તેમનો સ્વધર્મ બન્યો છે. એ કબૂલ કરવું રહ્યું કે અનાયાસે પ્રગટેલા નરસિંહના આનંદગીતમાં કવિતા અવતરી છે એના પૂર્ણ રૂપમાં; ખીલેલા—નીખરેલા સ્વરૂપે.

પોતાને 'દાસ નરસૈંયા' તરીકે ઓળખાવતા નરસિંહ તો સ્વાભાવિક રીતે જ એમના કવિત્વને ગૌણ માને. અખા જેવા સમર્થ કવિએ ને જ્ઞાનદેવ જેવા મરાઠી ભાષાના સંત ને મહાકવિએ પણ જ્ઞાનીને ને એ સંદર્ભમાં પોતાને કવિ ગણવાની ના પાડી છે. તેનું એક કારણ કદાચ એ છે કે આ કવિઓમાં રહેલા ઉત્તમ કવિત્વને જોઈને સહૃદથી રસિકો એમની ભાષામાં જ અટવાઈ જાય ને અંદરનું તત્ત્વ, કવિનું દર્શન ન પામી શકે એ વાતનો આ કવિઓને ભય છે, ને એ ભય મહદંશે સાચો પડતો પણ જણાય છે. આથી વિદ્વાનો નરસિંહને મુખ્યત્વે ભક્ત ગણાવીને એમના કવિપણાને આનુષંગિક લેખે છે. આ વાત સ્વીકારીએ તો પણ ઉલ્લાસના લલકાર રૂપે પ્રગટેલી નરસિંહની કવિતામાં રહેલાં ભવ્યતા ને લાલિત્ય, લયહિલ્લોળ, શબ્દપસંદગી, ચિત્રાત્મકતા, રણકતો પ્રાસ, કલ્પના, શૈલીની છટાઓ આ બધાં તત્ત્વોના પ્રાબલ્યને અવગણી

શકાય તેમ નથી. આ તત્ત્વોને પરિણામે એમનું આનુષંગિક રહેલું કવિત્વ ઉપર ઊઠે છે ને ભક્ત નરસિંહની બરાબરી કરી શકે તેવું સબળ સિદ્ધ થાય છે.

નરસિંહના જીવન વિશેની વિગતો તપાસતાં નોંધ્યું છે તે મુજબ ગૃહત્યાગ કરીને તપસ્યા કરતા નરસિંહને અનુક્રમે શિવ ને કૃષ્ણનું દર્શન થતાં તેમની આદ્યવાણી જાગી ઊઠી એવી વાત પરંપરામાં નોંધાઈ છે. આ વાતને કિંવદંતી ગણીએ તોપણ નરસિંહની વાણીમાં રહેલો પ્રતીતિનો રણકો એમની આત્માનુભૂતિને વ્યક્ત કરે છે એટલું તો સમજાય છે. એમની કવિતામાં રહેલી પ્રસન્નતા, ઉમંગનો ઉછાળ આ આંતર્દર્શનની સાક્ષી પૂરે છે.

મધ્યકાળના સંતકવિઓની જેમ નરસિંહની કવિતામાં પણ વિષય વૈવિધ્યનો તો સવાલ જ ઊઠતો નથી. એનો વિષય એક જ છે, 'નંદ તણો સુત કહાન.' પણ આ કૃષ્ણને લઈને અનેક ભાવોનું આલેખન એમને હાથે થયું છે. માતા યશોદા સાથેની બાલકૃષ્ણની ચેષ્ટાઓ, ગોપીઓનાં લાડ ને વાત્સલ્યનાં સાથે સાથે વ્યક્ત થતો કૃષ્ણ પ્રત્યેનો કૃતક ગુસ્સો ને અંતે ઓગળતી કૃતકતા; ગોપીઓએ કૃષ્ણ સાથે માણેલી રંગરેલીનું દ્વૈત ને એ દ્વૈતમાંથી સધાતું નીતર્યું અદ્વૈત—આટલા નરસિંહના કવનવિષયો છે.

આ ઉપરાંત નરસિંહની દૃષ્ટિ આદરપૂર્વક ચોંટે છે 'વૈષ્ણવ' પર. આ વૈષ્ણવ એટલે નરસિંહે કલ્પેલી આદર્શ મૂર્તિ; એમનો આરાધ્ય દેવ. એમને વિશે વાત કરતાં નરસિંહ અવારનવાર ભાવુક બની ઊઠયા છે.

આત્મૌપમ્ય કે સખ્યના ભાવથી, સંતના કર્તવ્યખ્યાલે કેટલાંક જ્ઞાનાત્મક, બોધાત્મક પદો પણ નરસિંહે આપ્યાં છે. પણ એ પદો જ્ઞાનના ભારથી લચી પડેલાં જણાતાં નથી એના મૂળમાં નરસિંહનું કવિત્વ રહેલું છે. આ ઉપરાંત, મૃત્યુ અને ઘડપણને પણ કાવ્યવિષય તરીકે કવિએ કયાંક સ્મર્યાં છે. આ વિષયોને લક્ષમાં લઈને કવિતા રચતા કવિનાં ઉપર કહ્યાં એવાં કેટલાંક પાસાં ધ્યાન ખેંચે છે.

નરસિંહની કવિતામાં તરત ધ્યાન ખેંચે એવું તત્ત્વ છે એમની કવિતાનો લય. લયની કુમાશ સાથે ભળે છે ભાવની સભરતા ને કાવ્ય નીપજી આવે છે. હરિના આગમનને વધાવતાં આ કાવ્યનો લય કવિની સતેજ શ્રાવણેન્દ્રિયનો પરિચય કરાવે છે. :

હળવે હળવે હળવે હરજી મારે મંદિર આવ્યા રે;
મોટે મોટે મોટે મેં તો મોતીડે વધાવ્યા રે.

હરિનું દબાયેલા પગે થતું આગમન ને એ આગમનથી કવિનો પ્રગટેલો મુખર ઉલ્લાસ અનુક્રમે 'હળવે' ને 'મોટે' શબ્દની પુનરુક્તિથી લયની મદદ લઈને, વિરોધાભાસ દ્વારા કાવ્ય જન્માવે છે.

આ પ્રકારની પુનરુક્તિમાં કયારેક ગતિ પણ પ્રગટ થાય છે :

ચાલો હરજીને જોવા બેલ બેલ
પટકૂળ ભીનાં સહુ તેલ તેલ.

વસંત ઋતુની વાત કરતાં કવિ મસ્તીમાં આવી જાય છે. કવિ રાસદ્રષ્ટા છે. આથી રંગભેર રાસ રમતાં કૃષ્ણ—ગોપીના હિલ્લોળને કે કૃષ્ણદર્શનના આનંદને વ્યકત કરવા એ લયનો આશ્રય લે છે :

ચાલને સહી મેલ મથવું મહી,
વસંત આવ્યો વનવેલ ફૂલી;
મ્હોરિયા અંબ કોકિલા લવે કદંબ,
કુસુમ કુસુમ રહ્યા ભ્રમર ઝૂલી.

અંબ—કદંબનો પ્રાસ તો સમજાય, પણ 'ફૂલી' સાથે પ્રાસ મેળવવા કવિ કલ્પનાની મદદ લઈને ભમરાને ફૂલે ફૂલે 'ઝૂલતો' કહીને એમની સૂઝનો પરિચય કરાવે છે. લય ને પ્રાસનાં તત્ત્વની સાથેસાથે અહીં વરતાતી ભાવાનુભૂતિની તીવ્રતા પણ દાદ માગી લે એવી છે. વસંત આવ્યો હોય ત્યારે મહી મથવાનું હોય? આથી 'મેલને' એવા વિનંતીસૂચક ભાવમાં ગર્ભિત રીતે આજ્ઞા અપાઈ છે. પણ આજ્ઞાનું કોમળ રૂપ પ્રગટ કરવામાં કવિએ જે લયહિલ્લોળ દાખવ્યો છે એ જ વધુ ધ્યાન ખેંચે.

'ટ' કે 'ળ' જેવા કઠોર વર્ણો પાસેથી પણ કવિએ જે રીતે કામ લીધું છે એ જોઈને ચકિત થઈ જવાય. જેમકે :

પટક માયા પરી, અટક ચરણે હરિ, વટકમાં સાંભળી વાત સાચી.
આજ મારે દિવાળી રે દિવાળી, મારે ઘેર આવ્યા શ્રીવનમાળી.
સારમાં સાર અવતાર અબળા તણો, જે બળે બળિભદ્ર વીર રીઝે.

બાર વરસની અબળા રે બાલી કેશ રહ્યા રે લળતા,
વદન વાળી મેં જોયું નિહાળી, ઝીણી સાડીમાં સળવળતા રે.

કળવિકળનું મને બળ ન ફાવે.

નરસિંહને સંગીતની સારી સૂઝ હોય એવું અવારનવાર દેખાય છે. ક્યારેક સંસ્કૃત શબ્દો વાપરીને એ આ રીતે લય નિપજાવે છે :

વસંતઋતુની હું બલિહારી, નાર નર હુંસે ફાગ રમે;
માધવ સખા સહીત ગૃહગૃહપ્રતિ, જમ વન અંબુજ ભમર ભમે.

કે 'તારી મહેરની લહેર પામું અમો, ત્રિવિધના તાપ તે જાય નાસી.' જેવા ઉદાહરણમાં વાણીની શિષ્ટતાનો લહેકો છે. તો ક્યારેક હૃદયની આરત વ્યક્ત કરવા તળપદી બાનીનો આશ્રય લઈને પણ કવિ લય જાળવે છે :

વાસ નહીં જ્યાં વૈષ્ણવ કેરો ત્યાં નવ વસિયે વાસડિયા,
શ્વાસે શ્વાભે સ્મરણ નહીં તો શ્વાસ નહીં પણ સાસડિયા;
જનમ તેનો નહી લેખામાં, જે ન કહેવાયાં હરિ દાસડિયાં,
ભણે નરસૈંયો તેણે ભારે મારી માવલડી દસ માસડિયા.

* * *

ઓપી ગોપી રે ગોપી, કૃષ્ણ તણે રંગ રાતી.

પોતે કરેલા દર્શનથી પરિતૃપ્ત બનેલા કવિ સભર બનીને ગાઈ ઊઠે છે :

નરસૈંયો રંગમાં અંગ ઉમંગ ભર્યો, ખોયેલા દિવસો ખંગ વળશે.

અહીં પ્રત્યેક 'ગ' પર આવતો સમ લયની સાથે સાથે કવિનાં ઉલ્લસિત ચિત્તને પણ વ્યક્ત કરે છે.

નરસિંહની કવિતા દશ્યેન્દ્રિયની સાથે સાથે કર્ણેન્દ્રિયને પણ સતત કામમાં લે છે. ગોપીનાં ઝાંઝરને એણે એવા તો સરવા કાનથી સાંભળ્યાં છે! નરસિંહની કવિતામાં આવતો ઝાંઝરનો સંદર્ભ તો અભ્યાસનો જુદો મુદ્દો બને. અહીં બે—ત્રણ ઉદાહરણ જોઈએ :

મોરલીના નાદમાં શ્રવણના સાદમાં, ઝાંઝરી ઝાલરી ઝમક વાજે;
તાલ મૃદંગ ને ચંગ ઉપમા ઘણી, ભેરી શરણાઈનાં બ્રહ્મ ગાજે.

ક્યાંક આ ઝાંઝરનો ઝમકાર 'ઝીણો' છે. એને તો ગોપીરૂપ થયેલા નરસિંહના કાન જ સાંભળી—સંવેદી શકે.

ઝીણલાં ઝાંઝર વાજે વૃંદાવને, ગોપીઓને આનંદ ન માયે.

આ ઝાંઝર કૃષ્ણનાં જ હોઈ શકે કેમ કે એનો અવાજ 'ઝીણો' છે. મરમીના કાનનું જ એ ભોજન. એને સંવેદીને કવિનું ચિત્ત આનંદી ઊઠયું છે. ક્યાંક આ ઝાંઝરે વેરી થઈને મિત્રની ગરજ સારી છે :

ગોરી તારાં નેપૂર રમઝમ વાજણાં રે, વાજ્યાં કાંઈ માઝમ રાત;
સૂતું નગર બાધું જગાડિયું, તે તો તારાં ઝાંઝરનો ઝમકાર.

કાનના આ કવિની શબ્દપસંદગી પણ દાદ માગી લે એવી છે. ગોપીઓ કૃષ્ણની ફરિયાદ લઈને યશોદા પાસે આવી છે. કૃષ્ણનાં તોફાનોની યાદી તો ઘણી લાંબી છે પણ કવિ તેને 'આવડી ધૂમ મચાવે વ્રજમાં' કહીને 'આવડી ધૂમ' દ્વારા તોબા પોકરાવનાર કૃષ્ણને સાક્ષાત્ કરી દે છે.

સંસારનાં સુખને મૂલવતાં કવિ કહે છે :

સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું.

નરસિંહ જેવા વિધેયાત્મક દૃષ્ટિકોણ ધરાવતા કવિ સંસારને વ્યર્થ કહેવાને બદલે 'અપક્વ' કહે, 'કાચું'' સુખ કહે તેમાં એમના વૈચારિક સ્વાસ્થ્યની નરવાઈ દેખાય છે, જે એમના માટે સહજ છે.

કૃષ્ણ નરસિંહ માટે સર્વેસર્વા છે. તેના પાસે બીજું બધું ગૌણ છે. 'શુક બ્રહ્મા જેનું ધ્યાન કરે ને શંકર કરે ખવાસી.' એ પંક્તિમાં 'ખવાસી' શબ્દ દ્વારા પ્રપત્તિની અનન્યતાને કેવી તો સ્ફુટ કરી દીધી! પરંતુ આવા કૃષ્ણ ભક્તો પાસે કેવા છે? તો નરસિંહ કહે છે, 'ઢળકણા'. ગોપીઓ ને ભક્તોના પ્રેમ પાસે કૃષ્ણની વિવશતા ને નમ્રતા માટે આથી વિશેષ અનુકૂળ શબ્દ ભાગ્યે જ મળી શકે

નરસિંહના કેટલાક પ્રિય શબ્દો છે જેને એણે ભારે નજાકત ને શ્લેષપૂર્વક વાપર્યા છે. આમાંનો એક શબ્દ છે 'લટકો'. ગોપી પ્રત્યે આસક્ત એવા કૃષ્ણ ગોપીને ઉદ્દેશીને કહે છે :

લટકો તારો લાખ સવાનો, મરકલડાનું મૂલ નહીં.

કવિની દૃષ્ટિ આ પંક્તિમાં ભારે ખીલી ઊઠી છે. કૃષ્ણના પૌરુષની છાલક અહીં અનુભવાય છે.

આ જ શબ્દ ક્યાંક જુદા અર્થમાં વાપરીને કવિ શ્લેષ જાળવે છે: 'લટ લટકે ને લટકે ચાલે'. નરસિંહની કવિતામાં સ્થૂળ રીતે અવારનવાર વપરાતા આ શબ્દ પર આખું એક કાવ્ય કવિએ આપ્યું છે જેમાં કૃષ્ણે બધું 'લટકે' અર્થાત્ લીલયા કર્યું એવો ભાવાર્થ પ્રગટ થાય છે. આ શબ્દ બદલાતો બદલાતો વ્યંજિત થઈને સિદ્ધ થાય છે આ રીતે:

ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

જીવ—શિવના અદ્વૈત જેવી ભવ્ય ઘટનાને કવિએ 'લટકા' જેવા તળપદા શબ્દ દ્વારા સમજાવીને જ્ઞાનને કાવ્યનું યુગપત્ મિલન સાધ્યું છે.

'ઉજ્જવળ', 'રાતો' ને 'સુહાગી' — આ ત્રણ શબ્દોને પણ કવિએ સ્થૂળથી સૂક્ષ્મ સુધીની યાત્રા કરાવી છે. 'સુહાગી' રજની વીતી ને 'સુહાગી' ભાણ ઊગ્યો; નંદનો 'સોહાગી' પુત્ર જાગ્યો જેને 'સોહાગી' ગોપીએ જોયો. નરસિંહનો સ્વામી સદા 'સોહાગી' છે. જોઈ શકાય છે કે શુકનના અર્થમાં વપરાઈને આ શબ્દ 'સૌભાગ્યવાન' — 'સદ્ભાગી' સુધીનો અર્થ ધારે છે ને અંતે શાશ્વતમાં પલટાય છે.

'રાતો' શબ્દને તો કવિ ભારે લાડ લડાવે છે. અખંડ ચૂડાને ઇચ્છતા કવિ માટે આ શબ્દ સ્વાભાવિક રીતે જ મૂલ્યવાન હોય. 'રાતા' શબ્દને પ્રથમ સ્થૂળ અર્થમાં યોજતાં કવિ કહે છે:

કેસુડાં રાતાં ને ઋતુ રાતી જી.

* * *

રાતી ઋતુ મોલ ધરો મોહનજી, રાતી ઋતુ રૂડી;
રાતે દાંતે હસે રાધાજી, રાતી કરમાં ચૂડી,
રાતાં ફૂલ ખરે ખાખરનાં, રાતી રજ રૂડી;
રાતી ચાંચે પોપટ રમે, પક્ષીડાં સૂડલો ને સૂડી,
રાતાં સાળુ સહિયર સહુને, શિર છૂટી ભૂડી.

રાતા રંગને આ રીતે ચગાવતાં ચગાવતાં કવિનું કૃષ્ણસભર ચિત્ત આ શબ્દને ગૌરવના અંતિમ ચરણે પહોંચાડતાં ગાઈ ઊઠ્યું છે:

કર નખ રાતા કામિનીના, કામિની રાતી કૃષ્ણ ગુણે:
બેઉએ સરખે સરખાં રાતાં, નરસૈંયો રાતો હરિચરણે.

સ્થૂળ અર્થમાં રંગનો વાચક 'રાતો' શબ્દ અહીં હરિના પ્રેમથી હૃષ્ટપુષ્ટ થયેલા કવિની આંતરિક લાલિમાને પ્રગટ કરવામાં આડો આંક વાળે છે. છેલ્લી અર્ધપંક્તિમાં તો 'કાનમાં કહ્યું' એવા લહેકાથી કવિ કહેતા હોય એમ મર્મનું રહસ્યોદ્‌ઘાટન થયું છે.

રંગપસંદગીની બાબતમાં પણ નરસિંહ પાસે એક પુરુષ કવિની સૂક્ષ્મતા અવારનવાર વરતાય છે :

'રાતા રેશમની મારી ઓઢણી, વચવચ ધોળો ધાગો રે.'

અહીં શૃંગારના કવિની સૂઝ છે તો 'અણિયાળાં લોચન વહાલાજીનાં, માંહી રાતલડી રેખ રે'માં એકસાથે ચિત્રાત્મકતા ને રંગપૂરણીનો સમન્વય છે.

ક્યાંક પીત—શ્વેતનો સુમેળ સધાયો છે. પ્રેમદાનાં પટકૂળ, ભૂષણ, કેસરની આડ ને વર્ણ – બધું જ પીત ને સાથે ઉજ્જવળ ચોળી. પણ આ તો થઈ બાહ્ય વસ્ત્રાભૂષણની વાત, આ ઉજ્જવલતા વિકસિત થાય છે આ રીતે :

ઉજ્જવળ ચિત્ત રાખો હરિચરણે, ઉજ્જવળ વિઠ્ઠલ હૃદયે ધરી;
ઉજ્જવળ વહે જમનાજીનું પાણી, ઉજ્જવળ વાણી નરસૈંયા તણી.

શબ્દો કે પંક્તિઓની મદદથી નરસિંહે દોરેલાં ભાવચિત્રો પણ એમની અનુભૂતિને સમજવામાં મદદ કરે એવાં દોરાયાં છે. નાનકડા કૃષ્ણનું મધુરરસથી ભરેલું વાત્સલ્યસભર ચિત્ર દોરતાં કવિ ગાઈ ઊઠે છે :

જશોદા જમવાને તેડે, નાચંતા હરિ આવે રે;
બોલે મીઠા બોલડિયા ને અંગોઅંગ નચાવે રે.
મુખની શોભા શી કહું, જાણે પૂનમચંદ બિરાજે રે;
નેત્રકમળના ચાળા જોઈને મન્મથ મનમાં લાજે રે.

જસોદાના જીવન એવા કૃષ્ણને જસોદારૂપ બનીને નરસિંહ લાડથી પંપાળે છે :

મસ્તક મુગટ કુંડળ કાને, ઓઢણ આછી ધાબલડી
ધણ વિશે ગોપીને ગ્રહતો, આવે નિત્ય નિત્ય રાવલડી;
વૃંદાવન વાછરુઆં ચારે, રત્નજડિત પાય પાવલડી,
ઠમકડે ચાલે નરહરિ, મુખ મરકાવે માવલડી.

બાલકૃષ્ણની વાત કરવાની હોઈ, બધી સામગ્રીને કવિ લઘુતમ રૂપ આપી દે છે. ‘વાછડાં’નું પણ લઘુતમ રૂપ ‘વાછરુઆં’. ‘સખી’ નરસિંહનું માતૃરૂપ અહીં નજાકતથી પ્રગટે છે. યશોદાની તો કેટકેટલી ક્રિયાઓ કવિએ ઝીલી છે! ‘વદન સુકોમળ જનની જુએ, કરપલ્લવ હરિમુખ ગૌરજ લુએ.’ બાલકૃષ્ણનાં બાલસહજ વિસ્મય ને ચેષ્ટાને રજૂ કરતી આ પંક્તિમાં નરસિંહની કમાલ જોવા જેવી છે : ‘મેહુલો ગાજે ને માધવ નાચે, વાજે પાયે ઘુઘરડી.’

યશોદાનાં સભર માતૃત્વની પડછે ગોપીઓનો કૃતક રોષ પણ ભારે મિજાજપૂર્વક આલેખાયો છે. કૃષ્ણની નિર્ભર્ત્સના કરતી ગોપી કહે છે :

‘કાનજી કાનજી સહુકો કહે રે, અમે ગોવાળિયો કહેશું રે.’

કૃષ્ણે ગોપીને ખૂબ સતાવી છે. તેથી ધૂંધવાઈને એ બોલી ઊઠે છે :

આજકાલનો કીકલો રે, છોકરડો છાશ પીતો રે,
હાથ સાહી હકલાવતાં ત્યારે બાપડો બીતો રે.

ગોપી ભલેને ફરિયાદ કરે, પણ કૃષ્ણ તો એને વશ છે; એના પાસે વિવશ પણ છે. આ વિવશતાનું વર્ણન ભક્તકવિને છાજે એ રીતે કરતાં નરસિંહ નોંધે છે :

વણકીધે વહાલો વતાં કરે, પૂરણ બ્રહ્મ અવિનાશી રે;
માખણ કાજ મહિયારી આગળ, ઊભો વદન વકાસી રે.

કૃષ્ણની વિવશતાનું આ અદ્ભુત ચિત્ર છે.

સત્યના દરેક અનુભવી મર્મજ્ઞની જેમ નરસિંહને પણ ખબર છે કે પરમ તત્ત્વની અનુભૂતિ શબ્દથી પર ને પારની છે, ને છતાં એને શબ્દમાં મૂકવી પડે છે. આમ કરતી વખતે આ સમર્થ કવિ માંડીમાંડીને શબ્દનાં પગલાં ભરે છે. આ મૂંઝવણ એક સિદ્ધ કવિની મૂંઝવણ છે. તેથી નરસિંહ પોતાનાં દર્શનને વ્યક્ત કરવા ક્યાંક વિરોધાભાસ કે વૈચિત્ર્યનો આશરો લે છે. સગુણ—નિર્ગુણ એવાં બંને સ્વરૂપોને જાણી ચૂકેલા કવિ પોતાનો અનુભવનિચોડ આવાં વૈચિત્ર્યથી રજૂ કરે છે :

બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ, જોને આ અચળ ઝળકે સદા વિમળ દીવો;
નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો, વણજિહ્વાએ રસ સરસ પીવો.

સાધનની મદદ વિના સાધ્યને પહોંચી વળવાનું છે. આ પડકારને હસતાં-રમતાં કવિએ ઝીલી લીધો છે. એ ઝીલતાં ઝીલતાં લાગે છે કે આ અનુભવ

મૂંઝવણનો નથી, વિસ્મયનો છે. આ વિસ્મયને સમાવી ન શકતા કવિએ તેને અનેક ભંગિથી રજૂ કર્યું છે :

જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે.'
'તારી કેમ પૂજા કરું કૃષ્ણ કરુણાનિધિ, અકળ આનંદ તે કહ્યો ન જાય.'

બહારથી 'સખી' રૂપે વ્યક્ત થતા કવિ આંતર સ્વરૂપે કેવા તો પરમ જ્ઞાની છે એની સાબિતી આ વિસંવાદાત્મક સંવાદના કાવ્યમાંથી મળે છે :

સ્વામીનું સુખ હતું માહરે ત્યાંહાં લગી, જ્યાં લગી હદ હતી રાત કેરી;
સ્વામીના સુખ તણો સ્વાદ ભાગી ગયો, ઓચિંતો ઉદિયો સૂર વેરી,
સૂરના તેજમાં સાવ સમરસ થઈ, સહેજમાં પિયુ મારો ગયો સમાઈ;
પિયુને પગલે ખોળવાને ગઈ, પિયુને ખોળતાં હું ખોવાઈ.

પહેલી બે પંકિતમાં વ્યક્ત થતો રાગ પછીની બે પંક્તિમાં વિરાગમાં ફેરવાઈ જાય છે. 'રાત' શબ્દની સ્થૂળતા 'વેરી'ની સૂક્ષ્મતામાં વ્યાજસ્તુતિમાં પલટાઈને કાવ્યને અર્થગંભીર બનાવે છે. નરસિંહના કવિત્વની ચરમ ક્ષણ આ પંક્તિમાં ઝિલાઈ છે. અંતે તો અહીં પ્રગટ થતું વૈચિત્ર્ય પણ પંક્તિના ભાવને કારણે વિરમે છે ને ઉપર તરી રહે છે ઉપશમનો સંકેત.

આ પ્રકારની સૂક્ષ્મ વિસંવાદિતાની સામે કવિએ કયાંક હળવાશથી સ્થૂળ વૈષમ્ય પણ જન્માવ્યું છે :

જેને મોટા મુનિવરે નવ જાણ્યો, તેને કામિનીએ કર ગ્રહી તાણ્યો.
પરિબ્રહ્મ ગોવાળા—શું રમે. જેને જોવા જોગેશ્વર દેહ દમે.

અહીં એક સાથે પ્રેમનું મૂલ્ય, કર્મકાંડની વ્યર્થતા ને કૃષ્ણનો ભક્તપ્રેમ મુકાયાં છે.

નરસિંહની કવિતામાં કયારેક એકાદ લસરકાથી જ ગતિ ઝરણાંની જેમ વહી આવે છે. કૃષ્ણદર્શન પામીને ઝાકમઝોળ થતા કવિ ગાઈ ઊઠે છે :

રસિક મુખ ચુંબીએ, વળગીએ ઝુંબીએ, આજ તો લાજની દુહાઈ છૂટી.

એકસાથે અહીં ત્રણ ક્રિયા આવરી લેવાઈ છે. આવું જ એક બીજું ઉદાહરણ ગોપીનાં વર્ણનમાં મળે છે; 'આળસ મોડે અંબર ઓઢે, વળી અંબોડો વાળે રે.'

નરસિંહની કવિતા નિમંત્રણની કવિતા છે. પોતાને થયેલા દર્શનને પ્રસારતાં પ્રસારતાં, પોતે અનુભવેલું શાશ્વત તત્ત્વ સૌ જુએ એમ એ ઇચ્છે

છે. નરસિંહમાં પ્રગટ થતી આ ઇચ્છા પાછળ ઋષિને છાજતી સમદૃષ્ટિનો પ્રભાવ છે. એમની લોકો પ્રત્યેની ફિકર 'ને' પ્રત્યય દ્વારા પ્રગટ થઈ છે :

'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો...?'
'જોને વિચારીને મૂળ તારું''

આ ફિકરની પરવાહ ન કરતા આમસમાજ પ્રત્યે તેમણે ક્યાંક સૂક્ષ્મ રીતે તો ક્યાંક તારસ્વરે પુણ્યપ્રકોપ પ્રગટ કર્યો છે :

આશનું ભવન આકાશ સુધી રચ્યું, મૂઢ જો મૂળમાં ભીંત કાચી.

આ ઉદાહરણમાં કે 'લીંબુ લહેકાવતાં રાજ લેવું'' જેવાં પ્રયોગમાં પુણ્યપ્રકોપ પાછળ સંતાયેલી સ્નિગ્ધ દૃષ્ટિ જ નોંધપાત્ર બને છે.

ક્યાંક નરસિંહના અભિનિવેશમાં નાગરી શૈલીનો નર્મ—મર્મ પ્રગટ થાય છે ને 'સૂતેલા' લોકોની કાવ્યાત્મક ઢંગથી કવિ મજાક કરી લે છે : 'જુવાનીને દહાડે રે હરિને જાણ્યા નહીં, મોહ્યું પરદારા સાથે મંન.' કવિને મતે યુવાનીમાં જ જો અવસર ઓળખાય, પસંદગી આવડે તો તરી જવાય :

સંત કરુણા થકી સકળ કારજ સરે, કૃષ્ણ કરુણા થકી કૃષ્ણ ભાસે;

પણ જો પસંદગીમાં થાપ ખવાઈ ગઈ તો—

'જગત કરુણા થકી યોનિ નિત્ય નવી ધરે, પેરે પેરે દેહ ગર્ભવાસે.'

કૃષ્ણને છોડીને જેણે અન્ય કંઈ પણ પસંદ કર્યું તેની પસંદગીની મજાક કરતાં ઠંડકથી કવિ કહે છે :

પૂરણ પુરુષોત્તમ નવલરંગી તજી, અન્ય દેવે જેનું મંન મોહે;
કોટિ ચિંતામણી કામધેનું તજી, મહિષીના કુંવરનું દૂધ દોહે.

નરસિંહનાં કાવ્યોમાં પ્રશ્નાત્મક, સંવાદાત્મક શૈલી પણ સફળતાપૂર્વક પ્રયોજાઈને કાકુની મદદથી અભિવ્યક્તિ સાધે છે :

'આ જોને આહીરને આંગણે નરહરિ નિત્ય નાચે રે.'
'શા માટે શામળિયા વહાલા શણગટડો મોડે રે?'
'પાછલી રાતનાં નાથ પાછા વળ્યા, શું રે કરું સખી, હું ન જાગી.'
'મારા વહાલાજીની કેહી કેહી કૃપા સંભારું?'
'હરિ તણું હેત તુંને કયમ ગયું વીસરી?'

'ટળતો ટળતો શે હીંડે મારા વહાલા? આલિંગન દીધા વિના કેમ સરે?'

'નામ ન જાણું પણ છે કાળો, એ જાયે એ જાયે કોઈ પાછો વાળો.'

"જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં" એ આખું પદ તો પ્રશ્નાવલી રૂપે જ રજૂ થયું છે.

સરળ ભાષા દ્વારા પણ કેવું કામ લઈ થકાય છે એનું ઉત્તમ ઉદાહરણ 'વૈષ્ણવજન તો તેને કહીએ' એ પદ છે. સંપ્રદાયથી, વળગણોથી મુક્ત એવો નરસિંહે કલ્પેલો વૈષ્ણવ સમાજ વચ્ચે રહીને જુદો પડે છે એની સમદષ્ટિથી, વિતૃષ્ણાથી, પરધન, અસત્ય પ્રત્યેની ઉપેક્ષાથી, આ આખું ચિત્ર કવિનો વિધેયાત્મક દૃષ્ટિકોણ પ્રાસાદિક રીતે વ્યક્ત કરવામાં બેનમૂન બન્યું છે. 'સકળ તીરથ તેના તનમાં' જેવી વૈષ્ણવત્વને વરેલા મનુષ્યને અપાયેલી ભવ્ય અંજલિ બીજી કઈ હોઈ શકે? નરસિંહને કોઈ વ્યક્તિ વૈષ્ણવ નથી એમાં રસ નથી. પણ એણે જે લક્ષણો વર્ણવ્યાં એ જેને બંધ બેસે એ આપોઆપ વૈષ્ણવ સાબિત થાય છે. આ અર્થમાં પણ આ આખું કાવ્ય વિધેયાત્મક ઠરે છે.

નરસિંહની કવિતા આનંદોલ્લાસની કવિતા છે—એમના કૃષ્ણ સાથેના 'નિત્ય વિલાસ'ને લીધે. સંત હોવા છતાં તેઓ સંસારથી વિમુખ બનતા નથી. તેમણે જીવનને આશ્લેષમાં લઈને કવિતાને ઉમંગથી રસી દીધી છે. જીવન તેમને મન 'અવસર' છે. આથી જ એમણે અખંડ વરને વરીને નિત્ય દર્શન ઈચ્છયું છે.

મૈત્રી, કરુણા અને મુદિતાના આ કવિની કવિતામાં ચોથું તત્ત્વ ઉપેક્ષા નહીં પણ રહસ્ય છે. નરસિંહનાં કાવ્યો ક્યારેક રહસ્યવાદી બન્યાં છે. આમ તો આ રહસ્ય પ્રેમનુ છે. પ્રેમનો મર્મ જેણે જાણ્યો છે એ લોકો નરસિંહને મન 'સીધ્યા' છે. નરસિંહે પોતાનું દર્શન, પોતે પામેલો મર્મ સામાન્યતઃ અનાવૃત્ત બનાવીને વહેંચ્યો છે પણ તેમ છતાં કેટલુંક રહસ્ય સહધર્મીઓ માટે જુદું રાખ્યું છે. અથવા તો આમસમાજ તેને ગ્રહણ કરી શકે કે કેમ એ પણ એક વિચારવા જેવો મુદ્દો છે. એટલે નરસિંહે કદાચ એને ગોપિત ન રાખ્યું હોય તો પણ એને પચાવવું પડે એટલું એ ભારે છે. તેથી એને જરા માર્મિક ભાષામાં કવિ રજૂ કરે છે:

'રાતલડી અંધારી રે વહી ગઈ, ઊગ્યા ઊગ્યા અગોચરના સૂર.'

'અનેક કમળ બાઈ મારે વિકસ્યાં, મધુકર પામ્યા રે કાંઈ મોખ.'

'અગોચરના સૂર' ને 'કમળનું વિકસન' જેવી યોગની પ્રતીકાત્મક પરિભાષા વાપરતા કવિ આખરે 'પ્રેમીજન' હોઈ, જ્ઞાનીને છાજતી ભાષા પર બહુ ટકવા માગતા નથી, પણ જે હરિને અર્ધ્ય ધરવાનો છે એ ન આવે ત્યાં સુધી જાળવવાનું છે. આ વાતને પણ માર્મિક ઢંગથી જ રજૂ કરે છે:

> સોહાગણ દીવડો જાળવ રે જાળવની, આપણા મંદિર માંહે;
> ત્યાં લગી અબળા કર અજવાળું, જ્યાં લગી પીઉજી જાગે.
> ઓલવડે આઘેરો રાખો, જેમ વા વડે લહેર ન લાગે

હરિના આગમન પછીનું દર્શન તો 'બત્તી વિણ' જ કરવાનું છે ને? આમ, દર્શનના કવિની હેસિયતથી નરસિંહે પ્રતીકાત્મક ભાષાનો સૂક્ષ્મ અર્થમાં વિનિયોગ કરીને એમના આનુષંગિક રહેલા કવિત્વને આગળનું સ્થાન લેવા દીધું છે.

આ રીતે, નરસિંહનું કવિત્વ ભક્તિના ઓઠે રચાયું હોવા છતાં કાળના પ્રવાહમાં ટકી રહેવા સક્ષમ બન્યું છે. એમની બાનીમાં એક સાચા કવિની દૃષ્ટિ છે, શબ્દને પારખવાની ક્ષમતા છે, બૌદ્ધિક અભિગમ છે, જીવનનો ઉલ્લાસ છે ને આ સૌને આંબી જતું અનુભૂતિના તત્ત્વનું બળ છે. આ તત્ત્વોને બળે નરસિંહની આદ્યવાણી એક ઋષિનું દર્શન બનીને પ્રગટી છે.

## ૮. નરસિંહનું દર્શન

મધ્યકાળના ભારતમાં થયેલા સંતોએ જીવન અને જગતને પોતાની આગવી દષ્ટિથી જોયું છે. આ સંતોની દષ્ટિમાં એક પ્રકારની તાજગી દેખાય છે. એક સંત અને ભક્ત હોવાને નાતે નરસિંહ પાસે પણ આવી ચળાયેલી, સ્વચ્છ દર્શન કરી શકતી દષ્ટિ છે.

નરસિંહના સમયના ગુજરાતમાં પરદેશી ને પરધર્મી શાસકોનું શાસન ચાલતું હતું. આ શાસનને લોકોએ એક બાહ્ય પરિબળ તરીકે સ્વીકાર્યું તો ખરું પણ અંદરથી પોતાની રીતે જીવવાની ઇચ્છાને લીધે લોકોનું આંતરિક સત્ત્વ સંકોડાઈ ગયું. બાહ્યાચારોનું પ્રમાણ વધ્યું. લોકો કૂપમંડૂક બન્યા. બાહ્ય ક્રિયાકાંડો પર વજન અપાયું ને પરિણામે ધર્મની વ્યાખ્યા ખોટા સંદર્ભમાં સમજાવા લાગી. પરિસ્થિતિના સંદર્ભમાં લોકો સંસારથી છૂટવાની મથામણમાં મુક્તિને ચાહતા થયા ને સંસારની ઉપેક્ષા થવી શરૂ થઈ.

બીજી બાજુ, આ આખીય સ્થિતિ લોકોની આંતરચેતનાને બદલી શકે તેમ નહોતી. મૂળે તો એ સમાજ જડ જ હતો. રૂઢિગત રીતે જીવતા આ સમાજને મૂળમાંથી હચમચાવાની જરૂરિયાત ઊભી થઈ હતી; સમાજમાં જીવાતા જીવનનો સંદર્ભ બદલવાની આવશ્યકતા જાગી હતી.

મધ્યકાલીન ગુજરાતના સંતોએ આ કાર્ય અનાયાસે ઉપાડી લીધું. અલબત્ત, આ તેમનું મુખ્ય કામ ન હતું. પણ આ સંતોની કરુણાએ તેમને માત્ર ભગવદ્ભજન કરતા સંતો ન રહેવા દીધા. આમસમાજની વચ્ચે રહીને આ સંતોએ પોતાનું તેમ જ સમાજનું કામ સાથે ઉપાડયું, જેમાં સમયની દષ્ટિએ નરસિંહ પ્રથમ રહ્યા. જોકે સમાજને જાગ્રત કરવાની તેમની રીત જુદી હતી. બનતાં સુધી તો તેમણે પોતાના વિચારોને સ્વસ્થ રીતે જ પ્રગટ કર્યા. તેમનાં કાવ્યોમાં વિદ્રોહ કરવાની કે સમાજને ઢંઢોળીને જગાડવાની કોઈ ખાસ ખેવના દેખાતી નથી; નથી તો આ કાર્યને એમણે પોતાનો ધર્મ માન્યો. પણ જીવનને જોતાં, અનુભવતાં કે કયાંક કદાચ આપદ્ધર્મ કે યુગધર્મ માનીને આ આત્મરત સંતે પોતાના નરવા દષ્ટિબિંદુને પ્રગટવા દીધું છે. એમના દર્શનમાં જે અખિલાઈ છે એ એટલી તો નૂતન છે કે આજે પણ એમાં સૂતેલા સમાજને

જગાડવાની સશક્ત તાકાત જણાય છે. આવાં ઉદાહરણો જુદા જુદા સંદર્ભમાં વિગતે જોવા જેવાં છે.

નરસિંહનાં કાવ્યોમાં ધ્યાન ખેંચતો મુદ્દો હોય તો એ છે એમણે કરેલું પૃથ્વીનું મૂલ્ય. નરસિંહ વાસ્તવના કવિ છે. તેમણે પોતાની નજર નીચે રાખીને વાત કરી છે. પૃથ્વીનું મૂલ્ય કરતાં કવિ કહે છે :

ભૂતળ ભક્તિ પદારથ મોટું બ્રહ્મલોકમાં નાહીં રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માંહી રે.

'ભૂતળે' જે છે એ બીજે ક્યાંય નથી. માટે જ મુક્તિનું નરસિંહને મન કોઈ મૂલ્ય નથી. નરસિંહનું લક્ષ્ય છે હરિ સાથેનું જોડાણ. જ્યારે મુક્તિ તો અંત છે. એ અંત હરિ સાથેનાં અનુસંધાનને કાપી નાખતો હોઈ, નરસિંહ માટે વર્જ્ય છે. આથી તેઓ કહે છે :

હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે;
નિત્ય સેવા નિત્ય કીર્તન–ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે.

હરિભક્તિ મુક્તિ કરતાંયે ઊંચેરી છે. જો પસંદ જ કરવાનું છે તો કશુંક એવું જે હમેશાં હાથમાં રહે; ઉચ્ચોચ્ચ હોય, શાશ્વત હોય. આથી નરસિંહ ભક્તિ પર પસંદગી ઉતારે છે. આ ભક્તિથી એક જુદા જ પ્રકારની મુક્તિ મળે છે જે માણવા જેવી, પ્રાપ્ત કરવા જેવી છે. એ મુક્તિ છે રાગ-દ્વેષની, પ્રિય-અપ્રિયની, મારા-તારાનાં દ્વંદ્વોની. આ પ્રકારની મુક્તિનો જાદુ એ છે કે એ પ્રાપ્ત થતાં ઈશ્વર સાથેનું અનુસંધાન વધુ દૃઢ થાય છે. ને આ શક્ય છે ભૂતળે. 'ભૂતળ'નો અર્થ નરસિંહના મનમાં કદાચ 'જીવનમાં રહીને' એવો છે. આથી અન્યત્ર પણ નરસિંહે સંસારત્યાગની વાત કરી નથી. તેમણે જીવનનો એના સંપૂર્ણ સ્વરૂપમાં સ્વીકાર કર્યો છે; જીવનની વેદનાઓને એમણે સહજ રીતે પસાર કરી છે. આ સંદર્ભમાં 'ભૂતળ' શબ્દ 'વચમાં રહીને' એવા અર્થને જન્મ આપે છે.

નરસિંહને મન ભૂતળ અવતારનું સાર્થક્ય તો જ છે જો મનુષ્ય ભક્તિ કરી શકે— 'ભૂતળ અવતારનું ફળ એહ, જો મારા વહાલાજી શું ધરીએ નેહ.'

આમ તો મનુષ્ય કોઈપણ દેવની ઉપાસના મુક્તિ માટે કરતો હોય છે. પણ નરસિંહ તો કૃષ્ણની ભક્તિ એટલા માટે કરવાનું કહે છે કે જેની મુક્તિ પણ દાસી છે; જે સ્વયં મુક્તિપતિ છે. તેમને પકડયા પછી મુક્તિ વ્યર્થ બની

જાય છે. જીવનની ભરનિદ્રામાંથી મનુષ્ય જાગી શકે તો જાગ્યા પછી એ મુક્ત જ છે—મુક્તિથી પણ મુક્ત. આ અર્થમાં જોતાં નરસિંહ મુક્તિના આસક્ત કવિ છે. હરિનાં ચરણોમાં આસક્ત, પરિણામે મુક્ત. પૃથ્વી પર રહીને ચેતનાને જગાડી શકવાની ક્ષમતા ધરાવતા નરસિંહે એમનું દર્શન આપણા યુગના મહાત્મા એવા ગાંધીજી સુધી ફેલાવ્યું છે. ગાંધીયુગમાં વાસ્તવનું જે અર્થમાં મૂલ્ય થયું છે તેનાં મૂળ નરસિંહમાં પકડાય છે. નરસિંહના દર્શનનો એક છેડો ગૌતમ બુદ્ધ સાથે ને બીજો છેડો ગાંધીજી સાથે મળતો આવે છે. સાક્ષાત્કાર પામેલા બુદ્ધને જ્યારે પૂછવામાં આવ્યું કે, તમારા દર્શનનું સાક્ષી કોણ? ત્યારે જવાબમાં બુદ્ધે પોતાની આંગળી પૃથ્વી તરફ ચીંધતાં કહેલું, 'આ પૃથ્વી, જેના પર હું બેઠો, જેણે મારી તમામ ક્ષણો જોઈ—એ પૃથ્વી મારી સાક્ષી છે.' આમ, નરસિંહે આંકેલું વાસ્તવનું ગૌરવ પ્રાચીન—અર્વાચીન તારને સાંધતું દર્શન બની રહે છે.

ઈશ્વરને પામવા માટે દરેક યુગમાં લોકો વ્રત—તપ—તીર્થને કે દેહદમનને એક ઉપાય તરીકે પ્રયોજતા હોય છે. પણ નરસિંહ ભક્તિને જુદા જ સંદર્ભમાં જોતા હોઈ, આ વાતોને વ્યર્થ અને ક્યાંક તો ઉપહસનીય ગણે છે. વ્રત—તપ આદરતા લોકોને એક ઋષિને છાજતી કરુણાથી અને પ્રતીતિનાં બળથી સમજાવતાં નરસિંહ કહે છે :

'જપતપતીરથ દેહકી ન દમીએ, મારા વહાલાજી શું રંગભર રમીએ.'

અહીં તો આનંદ લૂંટો. મજા માણો. દેહ તો ઈશ્વરને ધરવા માટેનો અર્ઘ્ય છે. તેનું દમન શા માટે? આ પંક્તિના કાકુમાં જે રીતે મૈત્રીપૂર્વક વાત થઈ છે એ જોતાં કવિ અહીં કોઈ વ્યંગ કરવા માગતા નથી એવું સમજાય છે. પોતે જે જોયું છે, અનુભવ્યું છે તેનું દોહન જ માત્ર રજૂ થયું છે.

ઈશ્વરપ્રાપ્તિ કેમ કરવી એ મનુષ્યજાતને મૂંઝવતા સનાતન પ્રશ્નનો ઉત્તર અત્યંત હળવાશથી આપતાં કવિ કહે છે :

કોઈ એક જપતપ આદરે રે, કોઈ એક કરે વ્રત દાન;
મારે તો જપતપતીરથ, નંદ તણો સુત કહાન.

ભક્તિસાધનાની અનન્યતા, પ્રપત્તિનો ચરમોત્કર્ષ ને અન્ય સાધનોની વ્યર્થતા એક જ પંક્તિમાં કેવી તો લાઘવપૂર્વક નરસિંહે સમજાવી દીધી છે!

હરિ પ્રત્યેની રતિ નરસિંહને મન એક પૂર્ણ સાધન છે. એટલે દેહદમન, ખટકર્મ છોડીને આટલું કરવા નરસિંહ સમજાવે છે :

'નરસૈંયાચો સ્વામી સબળ વશ ભક્તિને, અવર ઉપાય નહીં દેહ—ત્યાગે.' આ ચાવી બહુ ઓછા જાણે છે એની નરસિંહને ખબર છે. આ વાત તેમને મન એટલે જ, રહસ્ય છે. મનની વાત આ રીતે પ્રગટ કરીને નરસિંહે એક રીતે તો રહસ્યોદ્ઘાટન કર્યું છે. આ રહસ્યને જે સમજે છે એ નરસિંહને મન 'મરમી' છે.

નરસિંહ પ્રેમને જીવનનું અંતિમ ચરણ માને છે. પ્રેમને જાણ્યા પછી સહજ રીતે હરિ મળે છે. હરિ ચાહે છે નરવો પ્રેમ. થોડાક રમૂજી ઢંગમાં નરસિંહ કહે છે :

યજ્ઞ—યાગે કરી યોગ ધ્યાને ધરી, બહુ વ્રત આદરી દેહ-કષ્ટે;
તો યે જે હરિ સ્વપ્ને નવ પેખીએ, તે હરિ નિરખિયે પ્રેમ દષ્ટે

આટઆટલું કહ્યા છતાં જે લોકોને ક્રિયાકાંડમાં જ રસ છે તેમના પ્રત્યે નરસિંહે પુણ્યપ્રકોપ પ્રગટ કર્યો છે. 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી' કહીને સ્નાન સંધ્યા, જપ—તપ, વર્ણભેદ, વેદ—વ્યાકરણનું જ્ઞાન—આ સૌને નરસિંહે 'પરપંચ પેટ ભરવા તણા' કહીને ક્રિયાકાંડની ઘોર ઉપેક્ષા કરી છે. આ પ્રકારની સાધના તેમને મન 'જૂઠી' છે. આમસમાજના ખ્યાલો પર નરસિંહે મૂળમાં ઘા કર્યો છે. પોતે જે સત્યને મેળવ્યું છે એને તાર સ્વરે રજૂ કરીને લોકોને 'એક ઉપાસનાએ જઈને વળગવા', કહ્યું છે. આ પુણ્યપ્રકોપને પ્રકટાવ્યા પછી તેને શમાવતાં ઉપસંહારાત્મક રીતે એમના જાણીતા મૈત્રીભાવમાં કહે છે :

'સકળ સાધનાનું સાર હરિનામ છે, પાર પામે કોઈ સંત પૂરા.'

આ સાધનને જાણે તો કોઈ સાચો સંત, બાકી તો બધાનું ધ્યાન પોથીમાં. નરસિંહ સ્વયં સાચા જ્ઞાની છે. પોથી પંડિતો પ્રત્યે તેમને અરુચિ છે. જેને તેઓ અવારનવાર વ્યક્ત કરે છે. અનુભવ વિનાનું જ્ઞાન નરસિંહને મન મિથ્યા છે. બાહ્ય જ્ઞાન—વિવેકને હરિ સાથે કોઈ સંબંધ નથી. નરસિંહને મતે 'જ્ઞાન વિવેક થકી હરિ અળગા, ચતુરપણે વશ ના'વે રે.' હરિને પામવા માટે તો જોઈએ ઓગળવાની કલા. નરસિંહનો સ્વામી વશ થાય 'ભોળી ભરવાડણ'ને.

દેખાડવાની ઈચ્છા ધરાવતા, દેખાડવાનું જ્ઞાન ધરાવતા પંડિતો પ્રત્યે તીવ્ર પ્રત્યાઘાત વ્યક્ત કરતાં નરસિંહ કહે છે : 'શાસ્ત્ર કીધાં કડે, તોયે રજનીમાં આથડે.'

નરસિંહનો હરિ જપ-તપમાં નથી તો ક્યાં છે? ત્યારે ઉત્તરમાં નરસિંહની આંગળી મૂકાય છે પ્રેમ પર. હરિને પ્રાર્થતાં તેઓ પ્રેમરસ પિવડાવવાનું કહે છે. તત્ત્વનું ટૂંપણું તેમને પસંદ નથી; વિતંડાવાદમાં તેમને કોઈ રસ નથી. એમનું દર્શન વાદથી પર ને પાર ગયેલું છે.

નરસિંહના જીવનને જોતાં લાગે છે કે તેમના સમયમાં વર્જ્ય ગણાતા જીવનના આચારોને તેમણે શાંત ક્રાંતિથી, સૌમ્ય અભિનિવેશથી અપનાવેલા. જે સમયમાં નાગર જેવી ઉચ્ચ ગણાતી કોમ હરિજનો સાથેના વ્યવહારને સ્વીકારતી નહીં એ સમયે નરસિંહે અસ્પૃશ્ય સમાજના લોકો સાથે વ્યવહાર સાચવેલો. કદાચ આવા કોઈ સંદર્ભે તેમને વર્ણભેદનો વિરોધ કરતી વાત રજૂ કરીને અસ્પૃશ્યની વ્યાખ્યા જ બદલાવી નાખી છે. તેમને મન અસ્પૃશ્યોનો એક વર્ગ છે ખરો પણ એ આ પ્રકારના લોકોનો :

'કૃષ્ણદર્શન વિના નર સદા સૂતકી, વપન કીધે વપુ શુદ્ધ ન થાયે.'

જે વ્યક્તિ કૃષ્ણદર્શનથી વંચિત છે તે નરસિંહને મન અસ્પૃશ્ય છે. વિચારવાનું એ છે કે તો પછી સ્પર્શી શકાય એવા લોકો કેટલા? 'સૂતકી' જેવા શબ્દ-પ્રયોગ દ્વારા વ્યક્ત થતો નરસિંહનો સૌમ્ય રોષ નોંધવા જેવો છે.

વર્ણભેદમાં માનતા લોકોને ઉત્તર આપતાં કવિ કહે છે :

'વરણના ધરમનાં કરમ કરવાં ટળ્યાં, મરમ જાણ્યો ત્યારે ભરમ ભાંગ્યો.'

મર્મ જાણ્યા પછી ભ્રમજાળ તૂટી ગઈ. દર્શન પછી વર્ણભેદ્ર શા ? સંત પાસે તો હોય વિશાળ હૃદય, આથી નરસિંહ પાસે જે વસાણું છે, જે સંપત્તિ છે તેને વહોરવાને, લેવાને માટે 'અઢારે વરણ' આવે છે, સંત પાસે સૌની સહોપ-સ્થિતિ છે. નરસિંહ આ અર્થમાં સમદૃષ્ટિના કવિ છે. વર્ણભેદમાં માનતા સમાજને આઘાત આપવા જાણી જોઈને નરસિંહે આ પ્રકારની પંક્તિઓ આપી હોય એવું અનુમાન કરવા મન થાય :

'આ જોને આહીરને આંગણે નરહરિ નિત્ય નાચે રે.'
'ભોળી રે ભરવાડણ હરિને વેચવાને ચાલી.'

સામાન્ય ગણાતા મનુષ્ય પાસે હરિ સહજ રીતે આવીને ભળે છે તો આપણે માનેલા વર્ણભેદની રેખા શા કામની ?

આથી જ જેનામાં 'સમદૃષ્ટિ' છે તે જ નરસિંહને મન 'સાચો' વૈષ્ણવ છે. 'વૈષ્ણવ' શબ્દની વ્યાખ્યા જ નરસિંહે બદલાવી નાખી છે. નરસિંહે કલ્પેલો વૈષ્ણવ ક્રિયાકાંડનાં વળગણો ધરાવતી કોઈ સાંપ્રદાયિક વ્યક્તિ નથી. એ તો છે જીવન્મુક્ત થયેલો, સમગ્ર સંસારને પોતાની બાથમાં આશ્લેષતો, વિશાળ દૃષ્ટિથી ઉન્નત થયેલો પરમ પુરુષ. નિંદા, અસત્ય, પરસ્ત્રી ને પરધનને વર્જ્ય ગણતો ને સર્વનો આદર કરતો, નિશ્ચલતા, સમદૃષ્ટિ, વિતૃષ્ણા ને વૈરાગ્યને આવકારતો સ્થિતપ્રજ્ઞ. આ બધાં તત્ત્વોનું એ આશ્રયસ્થાન છે. આ તત્ત્વો તેના થકી ઊજળાં છે, તેનો એ સ્થાયી ભાવ છે. નરસિંહે દોરેલો આવો વૈષ્ણવ કોઈપણ ધર્મનો હોઈ શકે, કારણ કે આ પ્રકારના ગુણો સવર્ણ — અવર્ણ, ઊંચ—નીચ ગણાતી કોઈપણ વ્યક્તિ ઈજારા વિના કેળવી — મેળવી શકે છે. આવા વૈષ્ણવનાં ચરણોમાં નરસિંહે અડસઠે તીર્થનાં દર્શન કર્યાં છે; એની ચરણરજ માથે ચડાવતાં તેઓ પોતાને કૃતાર્થ સમજે છે; આ મનુષ્ય જ્યાં વસવાટ કરતો હોય ત્યાં તેઓ રહેવા ઈચ્છે છે ને એના શબ્દને સદ્‌ગુરુનો શબ્દ સમજીને ચાલવાની એમની તૈયારી છે.

નરસિંહે જેમ વૈષ્ણવની વ્યાખ્યાનો અર્થસંદર્ભ ફેરવી નાખ્યો છે, એ શબ્દને જુદા અર્થમાં પ્રયોજ્યો છે તેમ સ્ત્રીત્વનો પણ આગવો ખ્યાલ વ્યક્ત કર્યો છે. મધ્યકાળના સૂફી સંતોએ ઈશ્વરને માશૂક—પ્રિયતમા કલ્પીને ભક્તિને એક નવો અર્થ આપ્યો. એ સંદર્ભમાં તેમજ ખાસ તો 'ભાગવત'ની અસર હેઠળ આવેલા કવિઓમાં પ્રથમ જયદેવે કૃષ્ણ—રાધાના સંબંધમાં રાધાનું સવિશેષ મૂલ્ય કર્યું. રાધા પાસે કૃષ્ણને અનુનય કરતા દાખવીને જયદેવે સ્ત્રીનાં સ્ત્રીત્વને એક ખાસ દરજ્જો અર્પ્યો.

નરસિંહે 'ભાગવત' તેમજ જયદેવના આ વિચારને ભારે ચગાવ્યો છે ને એનું ગંભીર રીતે નોંધવું પડે તેવું, ક્રાન્તિકારી આવેગથી બહુમાન કરીને પ્રેમલક્ષણા ભક્તિના સંદર્ભમાં સ્ત્રીત્વનું ગૌરવ કર્યું છે. સ્ત્રી બનીને ભક્તિ કરવાની વાત એમણે કરી છે પ્રેમલક્ષણા ભક્તિના સંદર્ભમાં; પણ એ બહાને સ્ત્રીને, એનાં સ્ત્રીત્વને તેઓ જે રીતે સમજ્યા છે એ વિચારશ્રેણી એમના દર્શનમાં સમાવવી પડે એ રીતે પ્રગટે છે.

નરસિંહના ભક્તિવિચારનું પહેલું પગથિયું સ્ત્રીત્વ કેળવવું એ છે. નરસિંહે પોતે પણ આથી તો પોતાના પુંભાવની આહુતિ આપી છે. નરસિંહના પૌરુષમાં કૃષ્ણપ્રેમને લીધે ધીમે ધીમે ઓટ આવે છે ને માર્દવનો ભાવ માથું

ઊંચકે છે. આથી નરસિંહ બન્યા છે 'સખી', નારી. પરિણામે તેમનાં પદોમાં નારીનું, નારીત્વનું બહુમાન થયું છે. સ્ત્રીત્વના ભાવને નરસિંહે પોતાની આગવી રીતે વધાવ્યો છે, પોંખ્યો છે.

સ્ત્રીત્વ અંગેના પોતાના વિચારની માંડણી નરસિંહ પ્રસ્તાવનારૂપે આ શબ્દોમાં કરે છે :

'સારમાં સાર અવતાર અબળા તણો, જે બળે બળિભદ્રવીર રીઝે;
પુરુષ પુરુષારથે શું સરે હે સખી, જેણે નવ નાથનું કામ સીજે.'

આ પંક્તિમાં નરસિંહે જાણી જોઈને 'અબળા' શબ્દનો ઉપયોગ કર્યો છે. સ્ત્રીત્વની માનહાનિનો સૂચક શબ્દ છે 'અબળા' — જેનું બળ હરિને રીઝવે છે. આ પ્રકારના વિરોધાભાસથી કવિની અભિવ્યક્તિ આગવી બને છે.

વારંવાર નરસિંહ પોતાની દેહદશા ટળ્યાની વાત કરે છે. એ અવસ્થાનું એક નામ સમાધિ છે, તો બીજું, પુરુષ નરસિંહનો વિલય ને સખી નરસિંહનો જન્મ એ છે. નરસિંહ અહીં દ્વિજ બને છે. આ વાતને માંડીને, ઘોળી ઘોળીને, જોરશોરથી એમણે વહેતી મૂકી છે આ શબ્દોમાં :

'મેલી પુરુષપણું સખીરૂપ થઈ રહ્યો, લોક આચાર તજી પ્રેમે નાચ્યો.'

આ મસ્તીનું પરિણામ આવ્યું આ :

'પૂરણ પુરુષોત્તમ પ્રેમદા—શું રમે, ભામિનીએ ભાવ—શું અંક લીધો;
જે રસ વ્રજતણી નાર વિલસે સદા, સખી રૂપે તેને નરસૈંયે પીધો.

એ રસનો સ્વાદ શંકર જાણે કે જાણે શુક જોગી રે;
કાંઈએક જાણે વ્રજની વનિતા, ભણે નરસૈંયો ભોગી રે.'

સખીરૂપ થયા પછી કોઈ યોગી રહી શકે ખરું ? માટે સખી નરસિંહ બન્યા છે ભોગી, પરમ ભોગી. એનું ભોજન છે કૃષ્ણ સ્વયં.

આ સ્ત્રીત્વના ભાવે નરસિંહને એવો તો ભરડો લીધો છે કે એ પોતાની જાતને વ્રજમાં રહેલી ગોપી જ સમજી બેઠા છે. આવા ગોપીરૂપ બનેલા નરસિંહને હાથે કેટલાંક અનુપમ ચિત્રો દોરાયાં છે :

'મોટા મુનિવરે નવ જાણ્યો, તેને કામિનીએ કર ગ્રહી તાણ્યો'

કોણ પુણ્યે કરી નાર હું અવતરી, શ્રી હરિ દીન થઈ માન માગે;
'રસભર્યું રુસણું' નાથ નોહરા કરે, તે નહીં નારી અવતાર પાખે;

નરસિંહની આ મસ્તી એણે કરેલાં દર્શનની ફલશ્રુતિ છે. સખીરૂપ થતાં કેવી સ્થિતિ થાય છે એની વાત કરતાં એ કહે છે :

> 'નરસૈંયાયો સ્વામી નિત્ય નવલી પેરે વિચિત્ર લીલા કેલિ કરે;
> એ લહેરીની ઓઝડમાં આવે, પુરુષ લક્ષણ તેને વીસરે.'

નરસિંહ હરિની 'ઓઝડ'માં આવી ગયા છે, નજરાઈ ગયા છે. પરિણામે પુંભાવ વીસરી ગયા છે. કૃષ્ણના જાદુની જાળમાં એનું ક્યારે રૂપાંતરણ થઈ ગયું એની એમને સરત પણ રહી નથી.

આપણા શાસ્ત્રો તો કહે છે કે સ્ત્રીને મુક્તિ નથી. પણ નમ્રતાપૂર્વક તેનો પ્રતિવાદ કરતાં નરસિંહ જણાવે છે :

> 'ચાર જુગને વિશે મુક્તિ નહીં નારને, યુક્ત એ શ્રુતિ—સ્મૃતિ શાસ્ત્ર બોલે;
> તેહ જ નાર વ્યભિચાર ભાવે ભજે, રંગ રાતે સદા સંગ ડોલે.'

કૃષ્ણ પ્રત્યેની રતિ સખીભાવમાં ફૂલી—ફાલીને તેને મુક્તિથીયે ઉપરનું તત્ત્વ—કૃષ્ણસંગ—અપાવડાવે છે. છોને મુક્તિ દૂર રહેતી !

કવિ જયદેવે જેમ કૃષ્ણને રાધા સમક્ષ ઝૂકતા બતાવ્યા છે તેવી જ કંઈક વૃત્તિ નરસિંહે કૃષ્ણમાં બતાવી છે :

> અબળાને હેતે આવિયો, માહરો વ્રજ બિશે અવતાર;
> વશ—વરતી વ્રજનારનો, તે નિગમ કહે નિરધાર.
>
> વિશ્વ ધ્યાયે મુજને, માહરે વ્રજવનિતાનું ધ્યાન;
> સર્વસ્વ માહરે સુંદરી, તું વેદવાયક માન.'

આ સુંદરી એટલે નરસિંહ પોતે જ. કવિએ પોતાની અંગત પ્રતીતિને અહીં બિનંગત બનાવીને સર્વસુલભ કરવા માટે વહેતી મૂકી છે. ખુલ્લેઆમ જાહેરાત કરતાં એ નોંધે છે :

> નરસૈંયાચા સ્વામી, પુરુષ એક તું, અવર પુરુષ સૌ નારી.

સ્ત્રીનાં સ્ત્રીત્વ જેટલું જ, તેનાં માતૃત્વનું પણ નરસિંહે ગૌરવ કર્યું છે. કૃષ્ણ માટે નરસિંહે 'જસોદાના જીવન' એવું રૂપક વાપર્યું છે. કૃષ્ણની અકળતાને લક્ષીને કવિ કહે છે :

> 'ધ્યાતાને ધ્યાને ના'વિયો, એ જનની જસોદાને ધાવિયો.'

યશોદા ને એ બહાને સમગ્ર સ્ત્રી જાતિનાં માતૃત્વને માત્ર અર્ધ પંક્તિમાં નરસિંહ જ આવું સન્માન અર્પી શકે. કૃષ્ણને ભજવાનો આગ્રહ કરતાં પણ કૃષ્ણની ઓળખાણ નરસિંહ આ રીતે આપે છે :

'ભજ રે ભજ તું ભૂતળમાં, જેની જસોદા માવલડી.'

એ જ રીતે વૈષ્ણવના ગુણગાન ગાતા નરસિંહે સૂક્ષ્મ વિવેક જાળવતાં નોંધ્યું છે કે આવા વૈષ્ણવની માતાને ધન્ય છે! ('ધન ધન જનની તેની રે') પણ જે અવૈષ્ણવ છે, હરિસ્મરણ કરતો નથી તેણે 'ભારે મારી માવલડી દસ માસડિયા' આ છે નરસિંહમાં રહેલો સ્ત્રીસન્માન ખ્યાલ, જેનો વ્યાપ સાનંદાશ્ચર્ય જગવે છે.

આ ખ્યાલ એમને એમ જન્મ્યો નથી, તેમ જ આ વિચાર વ્યક્તિ નરસિંહનો નથી. આ ગાનાર તો છે કૃષ્ણભજનમાં લીન, ભૂતાળે લીધેલા અવતારને સફળ કરનાર ને કૃષ્ણ સાથે એકરૂપ થવા જન્મેલ સ્વયં ગોપીત્વ. આ દર્શન તો છે અંતરના વ્રજમાં અખંડ રાસ રમનાર અનુભૂતિના ગાયકનું. કાળના પ્રવાહને ભૂંસીને સતત વહ્યા કરેલું નરસિંહનું આ દર્શન એમના ભાવકને પણ કવિચિત્તમાં ચાલતા અખંડ રાસનો ભોગી ભ્રમર બનાવે છે.

નરસિંહના દર્શનમાં જે ઝિલાયું છે એનું આમ અનેક સંદર્ભમાં મૂલ્ય છે. નરસિંહને એમના યુગે અનેક રીતે સતાવ્યા છે એનું એક કારણ એ પણ છે કે નરસિંહે જમાનાથી ઉફરા થઈને કહેવાનું કહી દીધું છે. આ સંતના ચેતોવિસ્તારનો સ્પર્શ પાંચ સદીના લાંબા ગાળા પછી ગાંધીજી જેવા એમના સમાનધર્માને આકર્ષે એ સૂચક ઘટના છે. નરસિંહને જે વેઠવું પડયું છે તેના મૂળમાં એમનું આ દર્શન રહેલું છે.

નરસિંહના વિચારો અનાક્રમક ઢબે રજૂ થયા હોઈ એનું મૂલ્ય સવિશેષ છે. એમની પરિણત પ્રજ્ઞા. એમની વૈચારિક શાશ્વતી દરેક યુગમાં આટલી જ તાજી બનીને મહોરશે એમાં શંકાને સ્થાન નથી.

## ૯. નરસિંહ અને સાંપ્રત સમયસંદર્ભ

કવિમાત્ર, કવિ હોવાની સાથે સાથે દ્રષ્ટા હોય છે. અલબત્ત, દરેક કવિનો યુગસંદર્ભ જુદો હોવાનો. દરેક કવિની હેસિયત પણ જુદી હોવાની. પણ કવિ જે પ્રગટ કરે છે એ ભાવ -આપોઆપ, અનાયાસ એક આગવો રંગ ધારણ કરીને એના ભાવકનું પથપ્રદર્શન કરતો હોય છે.

આવા કવિઓમાં નરસિંહનું દર્શન જુદી ભાત પાડે છે. તેમણે ભક્તિને પ્રેમલક્ષણા બનાવીને તેને વિશેષ તાજગી અર્પી; સ્ત્રીત્વનું ગૌરવ કરીને સમાજને વિચારતો કર્યો; શાસ્ત્રજ્ઞાનને વ્યર્થ ગણીને અનુભૂતિને મુખ્ય સ્થાન આપ્યું; ક્રિયાકાંડને ગૌણ ગણીને પ્રેમનો મહિમા ગાયો. સાંપ્રદાયિકતાને બદલે ખ્યાલોથી નિરપેક્ષ થતાં શીખવ્યું.

નરસિંહની આવી વિચારસરણીએ, તેમના વિચારોમાં રહેલી તરલતાએ, સ્થિતિસ્થાપકતાએ નરસિંહને કોઈ એક યુગના કવિ કે વ્યક્તિ રહેવા ન દીધા. તેમનામાં ભક્તિ, જ્ઞાન, વિચાર, કોમળતા ને તાટસ્થ્યનો અદ્‌ભુત સંગમ રહ્યો હોઈ, કોઈ પણ પ્રકારની વિચારસરણીના માનવીને નરસિંહ આકર્ષી શકયા. લોકોના મન પર તેમનું સૂક્ષ્મ અનુશાસન પ્રવર્ત્યું તે વાતની આજે પણ તેમના પ્રત્યેનો સમાજનો ને સાહિત્યકારોનો સમાદર સાક્ષી પૂરે છે.

ગુજરાતનાં તીર્થસ્થાનોમાં જૂનાગઢનું એક વિશેષ સ્થાન છે કારણ કે એ નરસિંહનું 'થાનક' છે. લોકો હોંશેહોંશે જૂનાગઢનો તીર્થસ્થળ તરીકે ઉલ્લેખ કરે છે. આજે પણ જીવન પ્રત્યે તટસ્થ રહેવાનો પ્રયત્ન કરીને જીવવા ઈચ્છતા કે જીવતા માણસને લોકો 'નરસિંહ મહેતા' તરીકે સંબોધીને નરસિંહના આજે પણ જીવતા તાટસ્થ્યના ગુણનું જ અભિવાદન કરે છે. પત્નીના મૃત્યુ વખતે પ્રેમાનંદના 'મામેરુ''માં 'ભલુ થયુ ભાંગી જંજાળ' કહેતા નરસિંહની છબી સંસારમાં રહીને અનાસક્તભાવે કાર્ય કરતા યોગી સાથે જોડીને આજે પણ વપરાતી જોવા મળે છે.

નરસિંહે ગાયેલું 'વૈષ્ણવજન' પદ આધુનિક યુગના સંત મહાત્મા ગાંધીને એવું તો સ્પર્શી ગયું કે તેમણે ગુજરાતના આ કવિને દેશભરમાં

લોકભોગ્ય બનાવી દીધા. ગાંધીજીને પોતાની સાચી ઓળખાણ કરાવવામાં આ પદે મદદ કરી જણાય છે. આમ પણ નરસિંહ ને ગાંધીનું જોડાણ ઘણી રીતે જોવા જેવું છે. ગાંધીજીના અસ્પૃશ્યતાનિવારણ, સમદૃષ્ટિ, સર્વોદય જેવા વિચારો કદાચ નરસિંહના ટેકાથી વધુ મહોરી ઊઠયા છે. નરસિંહવિચારના પ્રકાશમાં ગાંધીજીએ જે જોયું છે તેને પરિણામે ગાંધીજીનું દર્શન વધુ સ્પષ્ટ થઈ શકયું છે. ગાંધીયુગમાં ભાષાની સાદગી, સામાન્યમાં અસામાન્યનું દર્શન કરવાની ખેવના, શૈલીની સરળતા જેવા ગુણો વિકસ્યા એના મૂળમાં ગાંધીજી પર રહેલો નરસિંહદર્શનનો પ્રભાવ પણ એક મુખ્ય કારણ હોય એવું જણાય. નરસિંહ છે વૈષ્ણવજનના ગાયક ને ગાંધીજી જણાય છે આ પદના નાયક. નરસિંહે પ્રવર્તાવેલો સૌમ્ય પ્રભાવ ને પ્રતાપ, ગાંધીજીમાં ઊતરી આવ્યો ને એ પણ સામાન્ય જીવનમાંથી અસામાન્ય જીવન તરફ ગતિ કરી શકયા.

આજે પણ જીવનથી થાકેલા, ત્રસ્ત થયેલા લોકોને નરસિંહનાં પદો પાસે ઉપનિષદ રચવાથી એક પ્રકારની શાંતિનો અનુભવ થાય છે. મધ્યકાળમાં થયેલા અનેક સંતકવિઓ કરતાં આમસમાજે નરસિંહને વધુ સ્વીકાર્યા છે. ને તેનું કારણ નરસિંહના ભકિતવિચારમાં રહેલી સરળતા, સંસારનો સહજભાવે સ્વીકાર કરવાની વૃત્તિ, જીવનાભિમુખતા જેવા ગુણો છે. કશાયનો નકાર કર્યા વિના તાટસ્થ્ય કેળવતાં શીખવતા નરસિંહનું લોકહૃદયમાં અચલ સ્થાન છે. આજે પણ જયારે ધર્મ જેવા સાપેક્ષ તત્ત્વને, સૂક્ષ્મવિચારને સમજવા મથતા સમાજને, કૂપમંડૂકતામાં તરફડતા સમાજને પોતાના અનંત પ્રશ્નો છે ત્યારે જૈન ધર્મના 'નમો અરિહંતાણં' જેવા બુલંદ બિનસાંપ્રદાયિક, ધર્મનિરપેક્ષ વિધાનને મળતો આવતો 'વૈષ્ણવજન તો તેને કહીએ' જેવો વૈષ્ણવત્વ વિશેનો વિચાર આપતા ધર્મનિરપેક્ષ નરસિંહ પાસે બેસીને, ઉપનિષદ રચીને અટવાયેલો માનવ જરૂર માર્ગ મેળવી શકે એમ છે. કેશવને કરંડિયામાં સમાવતા લોકોને સાચી દિશા આપતા નરસિંહની જરૂર જ કદાચ આજે છે.

સમાજના ભણેલા—અભણ સહુના મનમાં નરસિંહનું અચળ સ્થાન છે. એ રીતે તેઓ મધ્યકાળના કવિવૃંદમાં મસ્તકને સ્થાને બિરાજ્યા છે. 'જાગને જાદવા' કે 'જળકમળ છાંડી જાને બાળા' જેમાં પ્રભાતિયાં આધુનિક યુગની સવારને પણ નરસિંહના સ્મરણથી ભરી દે છે જે નરસિંહના વ્યાપને સૂચવવા માટેની પૂરતી કહી શકાય એવી ઘટના છે.

નરસિંહનું લોકજીવનમાં આવું વિશેષ સ્થાન છે એનું કારણ એમનામાં રહેલી દૃષ્ટિની આધુનિકતા છે. સમયની દૃષ્ટિએ નરસિંહને થયે સાડા પાંચસો વર્ષ થયાં છતાં એમના દર્શનની અભિનવતામાં લેશ માત્ર ફરક પડયો નથી. કારણ કે આ આધુનિકતાને સંબંધ છે દૃષ્ટિકોણ સાથે. દૃષ્ટિકોણની નરવાઈએ નરસિંહને આજે પણ ધબકતા રાખ્યા છે. 'સકળ તીરથ તેના તનમાં' કહીને પોતે કલ્પેલા વૈષ્ણવને પ્રણમતા નરસિંહ સ્વયં તીર્થરૂપ બન્યા છે. ભૌતિક પરિબળોના પ્રભાવને કારણે અવારનવાર ઘસાતાં જણાતાં માનવમૂલ્યોને નરસિંહ જેવા પયગંબરી વાણીના વાહક ઋષિકવિઓ પુનર્જીવિત કરતા રહે છે એ માનવસમાજનું સદ્નસીબ છે. નરસિંહના ભક્તિવિચાર, તત્ત્વવિચાર ને પ્રસન્ન વ્યક્તિત્વની આગવી મુદ્રા સહૃદય ભાવકની સાથે નિત્ય નિવાસ કરશે એમાં શંકા નથી.

---

# પરિશિષ્ટ–૧ : નરસિંહ મહેતા અને પરંપરાના કવિઓ

મધ્યકાળમાં પ્રેમલક્ષણા ભક્તિના ગાયક તરીકે નરસિંહનું એક વિશેષ સ્થાન રહ્યું. એમના અનુગામી કવિઓ પર તેમનો પ્રભાવ બે રીતે પડયો જોઈ શકાય છે. એક તો, એમના જીવનમાં બનેલા ગણાતા ચમત્કારો વિશે અનુગામી કવિઓએ કાવ્યો રચ્યાં ને એ રીતે નરસિંહનો પ્રભાવ ઝીલ્યો. બીજી રીતે જોઈએ તો મીરાંથી માંડીને છેક આજ સુધીની સર્જક પરંપરાએ ભાવની દૃષ્ટિએ નરસિંહનો પ્રભાવ અનેક રીતે સ્વીકાર્યો છે.

નરસિંહના જીવન વિશે એમના અનુગામી કવિઓએ રચેલી કૃતિઓ નરસિંહની એમના પરની અસરને સીધી રીતે વ્યક્ત કરે છે. એટલે સુધી કે નરસિંહે રચેલી મનાતી આત્મચરિત્રની કૃતિઓ ને નરસિંહનાં પદોમાંથી નરસિંહની જે આકૃતિ, જે છબી આપણા ચિત્તમાં દોરાય છે એના કરતાં પણ વધુ અસરકારક રીતે વિશ્વનાથ જાની કે પ્રેમાનંદે રચેલાં નરસિંહવિષયક આખ્યાનોમાં દોરાયેલા ભક્ત નરસિંહ આપણા ચિત્તમાં છવાઈ જાય છે આજના જનમાનસમાં નરસિંહ વિશેની જે ધારણા છે એ આ આખ્યાનોને વધારે આભારી છે એમ કહેવું અત્યુક્તિભર્યું નહીં ગણાય.

નરસિંહ વિશે રચાયેલી કૃતિઓના સ્પષ્ટ રીતે બે ભાગ પડે છે: પ્રેમાનંદ પૂર્વેની ને પ્રેમાનંદ પછીની રચનાઓ. પ્રેમાનંદ પૂર્વે નરસિંહના જીવનમાં બનેલ હૂંડીના પ્રસંગને, મામેરાના પ્રસંગને અનુક્રમે રતનિયા તેમ જ કૃષ્ણદાસે; તો વિષ્ણુદાસ, કૃષ્ણદાસ, વિશ્વનાથ જાનીએ મામેરુંને આલેખ્ય વિષય બનાવેલ છે. હરિદાસે 'વિવાહ' પર કાવ્ય રચ્યું છે. પ્રેમાનંદ પછી કાશીદાસ, દયારામ ને રઘુરામે હૂંડી વિશે કાવ્ય રચેલ છે. અજ્ઞાત કવિઓને નામે પણ હૂંડી ને મામેરું મળે છે. શામળદાસનો વિવાહ તેમજ શ્રાદ્ધના પ્રસંગને અનુલક્ષીને પણ કેટલાંક કાવ્યો મળે છે.

આ બધી રચનાઓમાં નરસિંહની એક ભક્ત તરીકેની છાપ ઉપસાવવામાં પ્રેમાનંદ સૌથી સફળ રહ્યા છે. બહુ જ આદરપૂર્વક પ્રેમાનંદે 'હૂંડી' ને 'મામેરું'માં નરસિંહની પ્રશંસા કરી છે. પ્રેમાનંદ જેવા સમર્થ કવિ નરસિંહનું જે રીતે અભિવાદન કરે છે એ પરથી પણ મધ્યકાળના કવિઓ પરનો નરસિંહનો પ્રભાવ

કેવો સમર્થ હશે એ જણાઈ આવે છે. નરસિંહનું પાત્રાલેખન પ્રેમાનંદે આ રીતે કર્યું છે :

લોકાચાર ગણ્યો નહીં, નવ ગણી નાગરી નાત;
પ્રભુ સાથે પ્રીત બાંધી, જેમ પટોળે ભાત.

*　　　*　　　*

ચરિત્ર નરસૈંયા તણાં, જેણે પવિત્ર થાયે પંડ;
જે સુણે ભણે ને અનુભવે, તે નવ ભમે નવ ખંડ.

પ્રેમાનંદ સિવાયના કવિઓએ પણ પોતપોતાના દૃષ્ટિકોણથી નરસિંહને અર્ઘ્ય આપેલ છે. નરસિંહજીવનમાં બનેલ ગણાતા ચમત્કારો દ્વારા નરસિંહનું સંતત્વ જે સ્થૈર્યથી પ્રગટયું એ સ્થૈર્યે જ મૂળે તો આ કવિઓને આકર્ષ્યા હોય એવું જણાય છે.

પરંતુ મીરાંથી માંડીને આજ સુધીના કવિઓ ઉપર નરસિંહનો જે સૂક્ષ્મ પ્રભાવ રહ્યો તે તો એમની પ્રેમલક્ષણા ભક્તિમાં પ્રગટ થતી ભાવોર્મિનો, એમણે ગાયેલા સમર્પણયુક્ત ગોપીભાવનો, એના ઝૂલણા છંદમાં પ્રયોજાયેલા લયનો, કલ્પનાની ભવ્યતાનો, કોમળ ઊર્મિશીલતાનો પ્રભાવ. નરસિંહે મુક્તિને ત્યાજ્ય ને ભક્તિને ગ્રાહ્ય ગણી; આ જ વાત દયારામે પણ કરી. નરસિંહે દોરેલાં વૈષ્ણવજનનાં વિધેયાત્મક ચિત્રને દયારામે જરા જુદા સ્વરૂપે વ્યક્ત કરીને 'વૈષ્ણવ નથી થયો તું રે' કહીને લોકજાગૃતિ આણવા યત્ન કર્યો.

અખા જેવા જ્ઞાની કવિમાં પણ કયાંક નરસિંહનો ભક્તિવિચાર પડઘાતો દેખાય છે :

ગોપી ભૂલી ઘર ને બાર, ગોપી ભૂલી કુટુંબ પરિવાર;
પોતાની દેહ પણ ભૂલી ગઈ, અખા કામિની કુળવંત થઈ.

અખા પછીના ભોજો, નિરાંત જેવા કવિઓમાં પણ નરસિંહનો પ્રભાવ છે. સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓએ પણ પોતાની જાતને સખી તરીકે કલ્પી છે. આમ મધ્યકાળના ભક્ત અને જ્ઞાની કવિઓને જોતાં જણાય છે કે તેમના પર નરસિંહની વ્યાપક અસર છે.

અર્વાચીન કવિઓ પણ રાધા—કૃષ્ણથી અસ્પૃષ્ટ રહી શકયા નથી એ પણ કદાચ નરસિંહનો પ્રતાપ છે. કવિ નાનાલાલ પર તો નરસિંહની

પ્રેમભક્તિનો જાદુ બરાબરનો છવાયો જણાય છે. તેમનાં 'વિરાટનો હીંડોળો' કે 'ફૂલડાં કટોરી' જેવાં કાવ્યોમાં મધ્યકાલીન પરિવેશ મહોરી ઊઠયો છે. 'એક સમે ગોકુળમાં જાગ્યા'તા સૂતા મોર' કહેતા ઉમાશંકર; 'મેશ ન આંજું રામ, નયન ભરાયો શ્યામ' કહેતા નીનુ મઝુમદાર; 'હૃદયમાં ટહુકયા રાસબિહારી' કહેતા વેણીભાઈ પુરોહિત; 'કાનુડાને બાંધ્યો છે હીરના દોરે'; 'રાધાનું નામ તમે વાંસળીના સૂર મહીં વહેતું ના મેલો, ઘનશ્યામ' ગાતા સુરેશ દલાલ; 'હરિવર મુજને હરી ગયો'ની ફરિયાદ કરતા નિરંજન ભગત; 'કહાનાની ભાળ કયાંય દેશો કે આમ બસ, વ્હેતાં રહેશો ખળખળ?' પૂછતા ભાનુપ્રસાદ પંડયા; 'આ નભ ઝૂંકયું તે કાનજી ને વીજલડી તે રાધા' ને નિહાળતા પ્રિયકાન્તમાં કૃષ્ણનું સતત સ્મરણ છે. આ યાદી ઘણી લંબાવી શકાય એટલી મોટી છે.

મધ્યકાલીન ને અર્વાચીન કવિઓએ નરસિંહનો સ્થૂળ અને સૂક્ષ્મ બંને પ્રકારનો પ્રભાવ જે રીતે ઝીલ્યો છે એ જોતાં જણાય છે કે જનસમાજમાં તો ભલે, પણ સર્જક જગતમાં પણ નરસિંહનું એક આગવું સ્થાન છે. ભક્તિની આ જયોત મનુષ્યની શોધની ઈચ્છાને પ્રગટ કરે છે એવું નરસિંહના ગુજરાતી સાહિત્ય પરના પ્રભાવે સિદ્ધ કર્યું છે, નરસિંહ એટલે શોધનો, અનંત શોધનો ઉત્તર નરસિંહ એટલે મનુષ્યને, સર્જકોને મોતી લાવીને આપતો સ્વયં મરજીવો. તેમનું આ મરજીવાપણું 'ઈશ્વર કયાં' એ સનાતન પ્રશ્નના ઉત્તર રૂપે એમના જીવન દ્વારા પ્રગટયું છે જેને પોતાના ખોબામાં ઝીલીને કાવ્યજગત ધન્ય ને સભર બન્યું છે.

ગુજરાતી સાહિત્યના નરસિંહ પછીના કવિઓએ તો નરસિંહનો પ્રભાવ સ્વીકારીને નરસિંહના જીવનમાં બનેલા ગણાતા ચમત્કારોને કાવ્યનો વિષય બનાવીને નરસિંહનો એક ભક્ત તરીકે, સંત તરીકે સ્વીકાર કરીને નરસિંહને અંજલિ આપી જ છે, પણ નરસિંહ માટે નોંધપાત્ર ગણી શકાય એવી ઘટના એ છે કે રાજસ્થાનના કવિઓએ પણ નરસિંહના જીવનના બનાવો પર કાવ્ય રચ્યાં છે. નરસિંહ એ સમયના બીજા સંતોની જેમ પરિવ્રાજક રહ્યા નથી પણ એમના સમયમાં ગુજરાત—રાજસ્થાનના પ્રદેશો વચ્ચે આજના સમય જેટલી ભેદરેખા નહોતી એ કારણે પણ રાજસ્થાનના કવિઓ નરસિંહજીવનથી પરિચિત થયા હોય એ શકય છે. આથી નરસિંહજીવનમાં બનેલા બે પ્રસંગો અનુક્રમે

'હૂંડી' ને 'મામેરુ'' પર જેઠમલ્લ (હૂંડી), રતના ખાતી (હૂંડી), મીરાં (દાસ) (મામેરુ); વસંત (મામેરુ); રતના ખાતી (મામેરુ) વગેરેએ કૃતિઓ રચેલ છે.

રાજસ્થાનીપરંપરાએ નરસિંહને બીજી વાર પરણતા બતાવ્યા છે. કુંવરબાઈની ઓરમાન માતાનો પણ ઉલ્લેખ થયો છે. મામેરાનો પ્રસંગ પણ ક્યાંક આ પરંપરાએ કુંવરબાઈના સીમંત પ્રસંગે નહીં પણ કુંવરબાઈની પુત્રીના લગ્ન પ્રસંગે યોજાયેલો બતાવ્યો છે. આમ, નરસિંહચરિત્રમાં કેટલાક અંશો અહીં ઉમેરાય છે.

આમ, ગુજરાતી આખ્યાન કવિઓ ને રાજસ્થાનીપરંપરાના કવિઓ પર નરસિંહની વિશેષ પ્રકારની અસર પડી છે, ને નરસિંહનું ચરિત્ર વિકસતું વિકસતું લોકમાનસ સુધી પહોંચ્યું છે. અહીં કહેવાનું એ જ રહે છે કે મધ્યકાળમાં થયેલા અનેક સંત-કવિઓમાં લોકોએ નરસિંહને જ વિશેષ રૂપમાં સ્વીકારીને તેમના જીવનને સાહિત્યનો વિષય બનાવીને ગુજરાતનાં મહાન વ્યક્તિત્વ તરીકે તેમનો આદર કર્યો છે.

# નરસિંહ મહેતાનાં કેટલાંક ચૂંટેલાં પદો

નરસિંહના જીવનને, કવિત્વને, શૃંગારને આ પુસ્તકનાં પ્રકરણોમાં તપાસ્યા પછી નરસિંહની વ્યક્તિતા વધારે મુખર રીતે પ્રગટ થઈ શકે, લોકજીવનમાં નરસિંહનું જે સ્થાન-માન છે એનાં કારણો જાણી શકાય તે માટે નરસિંહનાં ઉત્તમ પદોમાંનાં કેટલાંક અહીં ચૂંટીને મૂકયાં છે. આ પદોની પસંદગી કરવી થોડી મુશ્કેલ થઈ પડે. કેમ કે નરસિંહનાં ઉત્તમ કહી શકાય તેવાં ઘણાં પદો છે. એ બધાં પદોને અહીં સમાવવાં શકય ન બને. તેથી અહીં નરસિંહે કૃષ્ણને અનુલક્ષીને ગાયેલા વિવિધ ભાવોને રજૂ કરતાં પદો રજૂ કર્યાં છે જેમાં કૃષ્ણની બાળલીલા છે, કૃષ્ણ-ગોપીનો શૃંગાર છે, એ શૃંગારમાંથી પ્રગટતું અદ્વૈત પણ છે. કયાંક શૃંગારની લાક્ષણિકતા રજૂ કરતું 'પાછલી રાતનાં પધાર્યા નાથજી' જેવું પદ પણ છે, જેમાં શૃંગારનો ભાવ આગવી રીતે વ્યકત થયો છે.

આ બધા ભાવોથી આગળ વધીને નરસિંહે કવિ તરીકે જે લોકચાહના મેળવી છે ને સંતત્વ સાબિત કર્યું છે તે તો એમનાં ભકિત–જ્ઞાનનાં પદોથી. આથી આ પ્રકારનાં પદોની સંખ્યા અહીં બે કે ત્રણથી વધુ મૂકેલ છે. આ પ્રકારનાં પદોમાં બોધાત્મક પદોનો સમાવેશ પણ છે. વિરોધ દ્વારા પ્રગટ થતો સંવાદ નરસિંહની એક ખાસિયત છે. એવાં બે પદો 'સ્વામીનું સુખ હતું માહરે ત્યાંહાં લગી' ને 'પરિબ્રહ્મ ગોવાળા-શું રમે' પસંદ કર્યાં છે. કયાંક ગોપીનું કે કૃષ્ણનું શાબ્દિક વર્ણન હોય એવાં પદો પણ મૂકયાં છે જે કવિનાં કવિત્વની હેસિયતને પ્રગટ કરે છે. તો 'હળવે હળવે હળવે હરજી' જેવું પદ કવિની દાદ માગી લે એવી લયસૂઝથી આકર્ષાઈને મૂકયું છે.

આમ, નરસિંહનાં કવિત્વનાં વિભિન્ન પાસાંઓનું વૈવિધ્ય આ પદો દ્વારા વ્યકત થતું જોઈ શકાશે તેમ જ નરસિંહનું મધ્યકાળમાં જે ગૌરવભર્યું સ્થાન છે તેની સાબિતી આ પદો દ્વારા મળશે.

૧

આ જો રે આહીરને આંગણે, નરહર નાચે નવનિતને;
બ્રહ્માદિકને સ્વપ્ને ન આવે, તે હરિ આવે હીત પ્રિતને     આ. ૧

નાચંતો હરિ સુંદર દીસે, ઘુઘરડી વાગે ચરણે;
ભાગ્ય જૂવો ભરવાડા કેરું, શું કીજે ઉત્તમ વરણે.     આ. ૨

ઈંદ્રાદિક બ્રહ્માદિક જેનાં, ચર્ણ વંદવા સમીપ નહિ;
તે ગોપાળ ગોવાળા માંહે, જમે કરમલો કુર દહિ. આ. ૩

ભક્ત તણા હિત કેવળ કેશવ, લાલ લીલા અવતાર ધરી;
સ્મરણભાવ માત્ર બંધન કાપે, નરસૈંયાચો નાથ હરી. આ. ૪

૨

ઓ પેલો ચાંદલિયો, આઈ મુને રમવાને આલો;
નક્ષત્ર લાવીને માતા, મારા ગજવામાં ઘાલો. ૧

રુવે ને રાતરડો થાએ, ચાંદા સામું જૂવે;
માતા રે જસોદાજી, હરીનાં આંસુડાં લૂવે. ૨

લોકનાં અનેરાં બાળક, ઘેલો તું કાં થાએં;
ચાંદો આકાશે વહાલા, તે કેમ લેવાએ. ૩

વાડકામાં પાણી ઘાલી, ચાંદલિયો દાખ્યો;
નરસૈંયાનો સ્વામી શામળીઓ, રડતો તવ રાખ્યો. ૪

૩

જલકમલ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે. જલ.

કહે રે બાળક તું મારગ ભૂલ્યો, કે તારા વેરીએ વળાવિયો;
નિશ્ચય તારો કાળ જ ખૂટયો, અહિંઆં તે શીદ આવિયો. જલ.

નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરા નગરીમાં જૂગટું રમતાં, નાગનું શીશ હું હારિયો. જલ.

રંગે રુડો રુપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જન્મ્યા તેમાં તું અળખામણો. જલ.

મારી માતાએ બહુ જન્મ્યા, તેમાં હું નટવર નહાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો. જલ.

લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું તુજને ચોરિયો. જલ.

શું કરું નાગણ હાર તારો, શું કરું તારો દોરિયો;
શાને કાજે નાગણ તારે કરવી ઘરમાં ચોરિયો. જલ.

ચરણ ચાંપી મૂંછ મરડી, નાગણે નાગ જગાવિયો;
ઉઠોને બળવંત કોઈ, બારણે બાળક આવિયો. જલ.

બેઉ બળિયા બાથે વળગિયા, કૃષ્ણે કાલિનાગ નાથિયો;
સહસ્ર ફેણાં ફૂંકવે જેમ, ગગન ગાજે હાથિયો. જલ.

નાગણ સૌ વિલાપ કરે જે, નાગને બહુ દુઃખ આપશે;
મથુરા નગરીમાં લેઈ જશે, પછી નાગનું શીશ કાપશે. જલ.

બેઉ કર જોડીને વીનવે, સ્વામી મૂકો અમારા કંથને;
અમે અપરાધી કંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને. જલ.

થાળ ભરી નાગણી સવે, મોતિયે શ્રીકૃષ્ણને વધાવિયો;
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયો. જલ.

૪

તટ જમનાનું અતિ રળિયામણું રે, જેણે તટ ખેલે ગોપી—ગોવાળ;
જીવન અમારો વચે વહાલમો રે, વહાલો મારો વાયે વેણુ રસાળ, ત. ૧

તમો તરુવર, અમો વેલડી રે, વહાલો મારો વિરહિણીયાંચી વેલ;
ગુણવંતા સંગાથે અમારે ગોઠડી રે, જી રે રઢિયાળો રંગની રેલ. ત ૨

મુખડું જોઈ જોઈ વ્રજજન મહાલતાં રે, હાં જી અમો હીંડતાં [મારામાર];
વહાલાજીને ઝળકે કુંકુંમ કાંબળી રે, ઉપર ભ્રમર કરે ગુંજાર, ત. ૩

વહાલાજીને સોહે [કુસુમ] મોગરો રે, હરિ મારા હૈડા કેરો હાર;
ચોદિશ ચમકે રે વનિતા વીજળી રે, વહાલો મારો ગાજે નંદકુમાર. ત. ૪

મહાજલધિ શાં રે, શ્યામ-શ્યામા વહે રે મુને ગમે શામળિયાનો શોર;
નરસૈંયાચા સ્વામી પ્રત્યે અમો લેણલા રે, વહાલો મારો પૂરણ જુગલકિશોર, ત. ૫

૫

ચાલ રમીએ સહી! મેલ મથવું મહી,
વસંત આવ્યો વનવેલ ફૂલી;
મોરિયા અંબ, કોકિલા લવે કદંબ,
કુસુમ-કુસુમ રહ્યા ભ્રમર ઝૂલી. ચાલ. ૧

પહેર શણગાર ને હાર, ગજગામિની !
કયારની કહું છું જે ચાલ ઊઠી;
રસિક મુખ ચુંબીએ, વળગીએ ઝુંબીએ,
આજ તો લાજની દુહાઈ છૂટી. ચાલ. ૨

હેતે હરિ વશ કરી, લાહો લે ઉર ધરી,
કર ગ્રહી કૃષ્ણજી પ્રીતે પળશે;
નરસૈંયો રંગમાં અંગ ઉન્મત્ત થયો,
ખોયેલા દિવસનો ખંગ વળશે. ચાલ ૩

૬

ચાલો જોવા જઈએ ગોકુળમાં, ગુણવંત આંબો મોરે;
જાદવકુળે વસુદેવે વાવ્યો, ફૂટયો નંદને ઘેર અંકોરે. ચાલો.
પયપાન જસોદાજીએ સીંચ્યું, તે આંબો સફળે ફળિયો;
સોળ સહસ્ર કોડિલા કલેવર, ત્રિભોવન છાંય ધરી રહિયો. ચાલો.
અંબરીષ પ્રહ્‌લાદ વિભીષણે, ને અજે આંબો વેડયો;
નરસૈંયાનો સ્વામી ભલે મળિયો, જે વિશ્વરૂપે વ્યાપ્યો. ચાલો.

૭

કર નખ રાતા કામિનીના રે, રાતા અધર સુદંત;
રાતા અબીલ ઉડાડે ગોપી, રાતો નવલ વસંત. કર.
રાતી ચોળી કસણ કસી, ને મુખ ભર્યા તંબોલ;
રાતા ચરણા પેહેરણે, રંગ રાતી કુંકુમ રોલ. કર.
કૃષ્ણજી રાતા કામિનીએ રે, કામિની કૃષ્ણ ગુણે રાતી;
સરખે સરખાં બેહુએ રાતાં, નરસૈંયો રાતો હરિચરણે. કર.

૮

રૂડી ને રઢિયાળી, કહાના ! તારી વાંસળી રે,
કહો રે બાઈ ! મંદિર કેમ રહેવાય ?
જીવડો આકુળ-વ્યાકુળ થાય રૂ. ૧

પાણીડાને મસે રે, બહેની! જોવા નીકળી રે;
ઉઢાણી ભરાવી આંબા—ડાળ,
બેડલું મેલ્યું રે સરોવર—પાળ. રૂ. ૨

કહાનજી કોડીલો રે છેડો મારો ગ્રહી રહ્યો રે;
'મેલો મેલો પાતળિયા કહાન!'
તેણે મારી ગઈ છે સુધ ને સાન. રૂ. ૩

નરસૈંયાચો સ્વામી રે, બાઈ! મુંને તાંહાં મળ્યો રે,
રજની કરી રે ખટ માસ,
પહોતી મારા મનડા કેરી આશ. રૂ ૪

## ૯

ગોરી! તારાં નેપૂર રણઝણ વાજણાં રે, વાજ્યાં કાંઈ માઝમ રાત મોઝાર;
સૂતું નગર બાધું જગાડિયું તે તો તાહરાં ઝાંઝરનો ઝમકાર. ગો. ૧
સેજલડી ઢંઢોળી હું પાછી ફરી રે, પિયુડો તે પોઢયો પડોશણ પાસ;
એક ને અનેક વહાલો મારો ભોગવે રે, અમને નહિ અમારાની આશ! ગો. ૨
કૂવો હોય તો ઢાંકીને મૂકીએ રે, સાયર ઢાંકયો કેમ જાય?
મનનો માન્યો હોય તો કાઢી મૂકીએ રે, પરણ્યો કાઢી કયમ મૂકાય? ગો. ૩
મારે આંગણે આંબો મહોરિયો રે, ગળવા લાગી છે કાંઈ સાખ;
ઊઠો ને આરોગો પ્રભુજી પાતળા રે, હું રે વેડું ને તું રે ચાખ, ગો. ૪
મારે આંગણ દ્રાખ, બિજોરડી રે, બિચ બિચ રોપી તે નાગરવેલ,
નરસૈંયાચો સ્વામી મંદિર પધારિયો રે, હેડું થયું છે કોમળ ગેહેલ. ગો. ૫

## ૧૦

વારી જાઉં રે સુંદર શ્યામ, તારા લટકાને. ટેક.

લટકે રઘુવર રુપ ધરીને, વચન પિતાનાં પાળ્યાં રે;
લટકે જઈ રણે રાવણ રોળ્યો, લટકે સીતા વાળ્યાં. તારા લટકાને.

લટકે ગિરિ ગોવર્ધન તોલ્યો, લટકે વાલ્યો વંશ રે;
લટકે જઈ દાવાનલ પીધો, લટકે માર્યો કંસ. તારા લટકાને.

લટકે ગૌઓ ગોકુળમાં ચારી, લટકે પલવટ વાલી રે;
લટકે જઈ જમુનામાં પેઠા, લટકે નાથ્યો કાલી રે. તારા લટકાને.

લટકે વામન રુપ ધરીને, જાચ્યા બલીને દ્વાર રે;
ત્રણ ડગલાં પૃથ્વીને કાજે, બલિ ચાંપ્યો પાતાલ રે. તારા લટકાને.
એવાં એવાં લટકા છે ઘણાં રે, લટકાં લાખ કરોડ રે;
નરસૈંયાચા સ્વામી સંગે રમતાં, મહીડું મોડા મોડ. તારા લટકાને.

૧૧

મારા વહાલાજીમાં કુસુમચો ભાર નહીં, તે કહો કવણ વિચાર રે? ૧
સાત સાયર ને નવખંડ પૃથ્વી, મેરુ શિખર મુખ માંહે રે;
એટલા સહિત વહાલાજીને ઉર પર રાખું, ભ્રમર કમળ જેમ હોયે રે. મા. ૨
દિવ્ય વસ્ત્ર મેં શિર પર ઓઢયાં, તે મુને લાગે દોહેલાં રે;
જ્યારે શામળિયો મોરે સંગમ આવે, ઉર ઉપર કરે ચકચોલા રે. મા. ૩
તાચા ગુણ લક્ષ્મીવર જાણે, જેણે સૃષ્ટિ નિપાઈ રે;
નરસૈંયાચો સ્વામી ભલે મળિયો, સુખનિધિ ગોકુલરાઈ રે. મા. ૪

૧૨

પાછલી રાતના પધારિયા નાથજી, ઘૂમતે લોચને અંગ ડોલે;
બેહુ પાસા સુંદરી, બાહે કંઠે ધરી. શોભિત ભવન કો નહીરે તોલે. પા.
હું રે સન્મુખ હુઈ, રીસ મનની ગઈ, ઉભી રહી ચકિત ગતિ પ્રેમ નિરખું;
પ્રભુયને રસભરી, સુખદા જ શર્વરી, નાર સૌભાગ્યતા જોઈ રે હરખું. પા.
સખી તણાં ચરણ તે ચારુ મસ્તક ધરી, પ્રભુને પધરાવિયા પલંગ પીઠે;
ભોગ સંજોગથી, અધિક સુખ ભોગવ્યું, એ રે મુરત એણે પેર દીઠે. પા.
ભણે નરસૈંયો નિત નેહ તે નવનવા, જાહાં રે ગોવિંદ ગુણની સમાધી,
શું જાણે બ્રહ્મા સુર સ્નેહની વારતા, ભર્યા અધિકારની આધિવ્યાધિ. પા.

૧૩

જાગો રે જશોદાના જીવન, વાહાણેલાં વાયાં;
તમારે ઓશીકે મારાં ચીર ચંપાયાં. જાગો રે.
પાસું રે મરડો તો વાહલા, ચીર લેઉં રે તાણી;
સરખી સમાણી સૈયરો સાથે, જાવું છે પાણી જાગો.
પંખીડાં બોલે રે વાહલા, રજની રહી થોડી;
સેજલડીથી ઉઠો વાહલા, આળસડાં મોડી. જાગો.

આદડી પાડું તો વાહલા, લોકડીઆં જાગે;
અંગૂઠો મરડું તો, પગના ઘૂઘરા ગાજે. જાગો.
સાસુડી જાગે રે વેરણ નણદી જાગે;
ઓ પેલી પાડોસણને ઘેર, વલોણું વાગે. જાગો.
જેને જેવો ભાવ હોય તેને, તેવું રે થાએ;
નરસઈયાચા સ્વામી વિના રખે, વાહણલું વાએ. જાગો.

૧૪

કેસરભીના કહાનજી, કસુંબે ભીની નાર;
લોચન ભીનાં ભાવશું, ઉભાં નંદદ્વાર.
બેમાં સુંદર કોને કહીએ, વનિતા ને વ્રીજનાથ;
પરખી પરખી ધરો તમને, માણકડાં બેહુ હાથ.
વેગે કુંજે પધારીયા, તો લચકે થઈ ઝગઝોળ;
નરસૈંયાચો સ્વામી ભલે મળિયો, રંગ તણા બહુ રોળ.

૧૫

મેઉલો ગાજે ને માધવ નાચે, રુમઝુમ વાજે ઘુઘરડી;
આછાં ચીર ચરણાં ને ચોળી, માથે લીલી લોબરડી. ટેક.

તાળ પખાજ વજાડે ગોપી, શ્યામ વજાડે વાંસલડી;
દાદુર મોર બપૈયા બોલે, મીઠે સ્વરે બોલે કોયલડી. મેઉલો.

ધન વૃંદાવન ધન જમુના ત્રટ, ધન કૃષ્ણે અવતાર લિયો;
ધન નરસૈંયાની જીભલડીરે, ધન ધન રાગ કાલેરો કહ્યો. મેઉલો.

૧૬

હળવે હળવે હળવે હરજી, મારે મંદિર આવ્યા રે;
મોટે મોટે મોટે મેં તો, મોતીડે વધાવ્યા રે. હળવે.

કીધું કીધું કીધું મુજને, કાંઈક કામણ કીધું રે;
લીધું લીધું લીધું મારું, ચિતડું ચોરી લીધું રે. હળવે.

જાગી જાગી જાગી હું તો, હરિ મુખ જોવા જાગી રે;
ભાગી ભાગી ભાગી મારા, ભવની ભાવટ ભાંગી રે. હળવે.

ફૂલી ફૂલી ફૂલી હું તો, હરિમુખ જોઈને ફૂલી રે;
ભૂલી ભૂલી ભૂલી મારા, ઘરનો ધંધો ભૂલી રે. હળવે.
પામી પામી પામી હું તો, મહાપદવીને પામી રે;
મળિયો મળિયો મળિયો મેહેતા, નરસૈંયાચો સ્વામી રે. હળવે.

## ૧૭

સજની ! સ્નેહ તો અનુભવીએ, જો હોય વહાલાજી-શું સાચું;
ચતુર હોય તે ચિત્ત વિચારે, મુરખ બોલે તે કાચું. સ. ૧
મુગ્ધ ટળીને મુગ્ધા થઈએ, તો અનુભવ રસ આવે રે;
જ્ઞાન–વિવેક થકી હરિ અળગા, ચતુરપણે વશ ના'વે રે. સ. ૨
સ્નેહ તણી ગત કો એક જાણે, બહુને અજાણ્યે જાયે રે;
નરસૈંયાચો સ્વામી સ્નેહ તણો રસ પીતાં તૃપ્ત ન થાયે રે. સ. ૩

## ૧૮

મુંને મારા પિયુનું બોલ્યું ગમે, વહાલો મુજથી અળગો ન રમે રે; મુ. ૧
કોઈ એક જપ–તપ આદરે રે, કોઈ એક કરે વ્રત–દાન;
મારે જપ—તપ—વ્રત—તીરથ, નંદ તણો સુત કહાન. મુ. ૨
ભરજોબનમાં નાહોલિયો રે, નારી (નું) રૂપ શમે;
સરખાસરખું આ સંસારમાં, પામીએ પુણ્ય–કરમે મુ. ૩
જેની જે—શું પ્રીત બંધાણી, તે વિના ઘડી ન રહેવાય;
નરસૈંયાચા સ્વામી વિના, બાઈ રે ! ક્ષણ વરસાળો થાય. મુ. ૪

## ૧૯

ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાંહી રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાસી માંહી રે. ભૂતળ.
હરિના જન તો મુક્તિ ન માગે, માગે જન્મોજન્મ અવતાર રે;
નિત્ય સેવા નિત્ય કીર્તન—ઓચ્છવ, નિરખવા નંદકુમાર રે. ભૂતળ.
ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે.
ધન ધન રે એનાં માતપિતાને, સફલ કરી એણે કાયા રે. ભૂતળ.

ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજના વાસી રે;
અષ્ટ મહાસિદ્ધિ આંગણિયે રે ઉભી, મુક્તિ છે એમની દાસી રે. ભૂતળ.

એ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે;
કાંઈ એક જાણે વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે. ભૂતળ.

## ૨૦

સારમાં સાર અવતાર અબળા તણો, જે બળે બળિભદ્ર વીર રીઝે;
પુરુષ પુરુષાતન, શું કરું હે સખી, જેથી નહિ માહરું કાજ સીઝે. સાર.

મુક્તિ પર્યન્ત તો પ્રાપ્તિ છે પુરુષને, સત્ય જો સેવક ભાવ રાખે;
રસભર્યું રુસણું નાથ નોહરા કરે, તે નહીં નારી અવતાર પાખે. સાર.

ઈન્દ્ર આદિક અજ ઈશ ને મહામુનિ, ગોપિકા ચરણરજ તેહ વંદે;
ગોપીથી આપનું, અધમપણું લેખવે, નર પણું નવ રુચે આપ નંદે. સાર.

વેદ વેદાંત ઉપનિષદો ખટ મળી, જે મથીને રસ પ્રગટ કીધો;
તે રસ ભાગ્યનિધિ ભામિની ભોગવે, અહોનિશ અનુભવ સંગ લીધો. સાર.

સ્વપ્ન સાચું કરે, ગિરિધર શામળો, પ્રણમું હું પ્રાણપતિ પાણ જોડી;
પંથનું જેમ પશુ, પુંઠળ વળગ્યું ફરે, નરસૈંના નાથજી નાથ તોડી. સાર.

## ૨૧

જાગને જાદવા ! કૃષ્ણ ગોવાળિયા ! તુજ વિના ધેનમાં કોણ જાશે ?
ત્રણસેં ને સાઠ ગોવાળ ટોળે મળ્યા, વડો રે ગોવાળિયો કોણ થાશે ? જા. ૧

દહીં તણાં દહીંથરાં, ઘી તણાં ઘેબરાં, કઢિયલ દૂધ તે કોણ પીશે ?
હરિ તાર્યો હાથિયો, કાળીનાગ નાથિયો, ભૂમિનો ભાર તે કુણ લેશે ? જા. ૨

જમુનાને તીરે ગૌધણ ચરાવતો મધુરી શી મોરલી કોણ વાહશે ?
ભણે નરસૈંયો : તુજ ગુણ ગાઈ રીઝીએ, બૂડતાં બાંહડી કોણ સાહશે ? જા. ૩

## ૨૨

ભજ રે ભજ તું ભૂતળમાં, જેની જશોદા માવડલી;
શ્યામ વર્ણ મનોહર મુખડાં, ચરાવે ગોકુળ ગાવડલી. ભજ રે.

મુસ્તક મુકુટ કુંડળ હરિ કાને, ઓઢણ આછી ધાબલડી;
દાણ મિષે ગોપીને ગ્રહતો, લાવે નિત્ય નિત્ય રાવડલી. ભજ રે.

વૃંદાવન વાછરુઆં ચારે, રત્નજડિત પાય પાવડલી;
ઠમકડે ચાલે નરહરિ, મુખ મરકડલાવે માવલડી. ભજ રે.

ઉર વનમાળા સોહિયે માવને, રમતો માજમ રાતલડી;
બાંધવ શ્રી બળદેવનો બળિયો, ઘેર ઘેર કરે સહુ વાતડલી. ભજ રે.

પીંડારે પરવરિયો કાનડ, વાયે મધુરી વાંસડલી;
કેહ નરસૈંયો સેવો નંદનો નંદન, કાઢે કુળની કાસડલી. ભજ રે.

૨૩

ધ્યાન ધર ધ્યાન ધર, નેત્રમાં નાથ છે, અંતર ભાળની એક સુરતી;
દેહીમાં દરસશે, પ્રેમથી પરસશે, અજબ અનોપમ અધર મુરતી. ધ્યાન.

મોરલીના નાદમાં, શ્રાવણના સાદમાં ઝાંઝરી ઝાલરી ડમક વાજે;
તાલ મૃદંગ ને ચંગ ઉપમા ઘણી, ભેરીનો નાદ બ્રહ્માંડ ગાજે. ધ્યાન.

મન પરસન થશે, કરયાં કર્મ નાસશે, ભાસશે બ્રહ્મ વ્રજ વંન વેલી;
કુંજ લલિત માંહે શ્રીકૃષ્ણ લીલા કરે, નિરખતી નૌતમ નિત્ય કેલી. ધ્યાન.

સુરત સંગ્રામમાં, વીલસે રંગમાં, દરસશે દેહીનું માન મરતાં;
નરસૈંયાચા સ્વામી, સર્વ સુખ આપશે, દુકીત કાપશે ધ્યાન ધરતાં. ધ્યાન.

૨૪

પરિબ્રહ્મ ગોવાળા—શું રમે, જેને જોવા જોગેશ્વર દેહ દમે;
જેને ભૂર લોક ભૂલ્યા ભ્રમે, જેને ઇંદ્રાદિક ચરણે નમે. પ. ૧

વહાલે વૈકુંઠ લોક સૂનો કરી, વહાલે માનવ દેહડી ધરી;
વહાલે રૂપ ધર્યું સચરાચરુ, એણે ગોકુળ ચાર્યાં વાછરુ. પ. ૨

વહાલો ચૌદ લોક ભાંજે – ઘડે, તે માવો માખણ કાજે રડે;
ધ્યાતાને ધ્યાને ના'વિયો, તે તો જનની જશોદાને ધાવિયો. પ. ૩

મોટા મુનિવરે નવ જાણ્યો, તેને કામિનીએ કર ગ્રહી તાણ્યો;
નરસૈંયાનો સ્વામી મીઠલો, તે તો વૃંદાવનમાં દીઠલો. પ. ૪

૨૫

નીરખને ગગનમાં કોણ ઘુમી રહ્યો, તે જ હું તે જ હું શબ્દ બોલે;
શ્યામના ચરણમાં ઈચ્છું છું મરણ રે, અહીંયાં કોઈ નથી કૃષ્ણ તોલે. ની.

શ્યામ શોભા ઘણી, બુદ્ધિ ના શકે કળી; અનંત ઓચ્છવમાં પંથ ભુલી;
જડ ને ચૈતન, રસ કરી જાણવો, પકડી પ્રેમે સંજીવન મૂળી. ની.

જળહલ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં, હેમની કોર જ્યાં નીસરે તોલે;
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે, સોનાનાં પારણાં માંહી ઝૂલે. ની.

બત્તિ વિણ તેલ વિણ, સૂત્ર વિણ જે વળી, અચળ ઝળકે સદા અનળ દીવો;
નેત્ર વિણ નિરખવો, રૂપ વિણ પરખવો, વણ જિવ્હાએ રસ સરસ પીવો. ની.

અકળ અવિનાશી એ, નવ જ જાએ કળ્યો, અરધ ઉરધની માંહે મહાલે;
નરસૈંયાચો સ્વામી સકળ વ્યાપી રહ્યો, પ્રેમના તંતમાં સંત ઝાલે. ની.

## ૨૬

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરી, જૂજવે રુપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. ટેક.

પવન તું પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે; અ.

વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ નો હોય;
ઘાટ ઘડિયા પછી, નામ રુપ જૂજવાં, અંત્યે તો હેમનું હેમ હોય. અ.

ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે;
મન કર્મા વચનથી, આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂજે. અ

વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે. અ.

## ૨૭

જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઉંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે. ટેક

પંચ મહાભૂત પરિબ્રહ્મ વિષે ઊપન્યાં, અણુ અણુ માંહિ રહ્યાં રે વળગી;
ફૂલ ને ફળ તે તો વૃક્ષનાં જાણવાં, થડ થકી ડાળ તે નહિ રે અળગી. જા.

વેદ તો એમ વદે શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડળ વિષે ભેદ નોયે;
ઘાટ ઘડયા પછી નામ રુપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે. જા.

જીવ ને શિવ તો આપ ઈચ્છાએ થયા, રચી પરંપરા ચૌદ લોક કીધા;
ભણે નરસૈંયો એ, તેજ તું તેજ તું, એને સમર્યાથી કંઈ સંત સીધ્યા. જા.

૨૮

જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષ દેહ તારો, એમ એળે ગયો, માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી. જ્યાં.

શું થયું સ્નાન સેવા ને પૂજા થકી, શું થયું ઘેર રહિ દાન દીધે;
શું થયું ધરિ જટા ભસ્મ લેપન કરે, શું થયું વાળ લોચન કીધે. જ્યાં.

શું થયું તપ ને તિર્થ કીધા થકી, શું થયું માળ ગ્રહી નામ લીધે;
શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી, શું થયું ગંગાજળ પાન કીધે. જ્યાં.

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે, શું થયું રાગ ને રંગ જાણે;
શું થયું ખટ દર્શન સેવા થકી, શું થયું વરણના ભેદ આણે. જ્યાં.

એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે, તત્ત્વદર્શન વિના, રત્નચિંતામણિ જન્મ ખોયો. જ્યાં.

૨૯

પ્રેમરસ પાને તું, મોરના પીછધર, તત્ત્વનું ટુંપણું તુચ્છ લાગે;
દૂબળા ઢોરનું કુશકે મન ચળે, ચતુરધા મુક્તિ તેઓ ન માગે. પ્રેમ.

પ્રેમની વાત પરીક્ષિત પ્રીછયો નહીં, શુકજીએ સમજી રસ સંતાડયો;
જ્ઞાન વૈરાગ્ય કરિ, ગ્રંથ પૂરો કરયો, મુક્તિનો માર્ગ સુધો દેખાડયો. પ્રેમ.

મારીને મુક્તિ આપી ઘણા દૈત્યને, જ્ઞાની વિજ્ઞાની બહુ મુનિ રે જોગી;
પ્રેમ ને જોગ તો, વ્રજ તણી ગોપીકા અવર વિરલા કોઈ ભક્ત ભોગી. પ્રેમ.

પ્રેત ને મુક્તિ તો, પરમ વલ્લભ સદા, હેતુના જીવ તે હેતુ ત્રુઠે;
જન્મોજન્મ લીલારસ ગાવતાં, લહાણનાં વહાણ જેમ દ્વાર છૂટે. પ્રેમ.

મેં ગ્રહ્યો હાથ ગોપિનાથ ગરવા તણો, અવર બીજું કાંઈયે ન ભાવે;
નરસૈંયો મહામતી, ગાય છે ગુણ કથી, જતિ સતિને તો સ્વપ્ને ન આવે. પ્રેમ.

૩૦

રાતલડી અંધારી રે વેરણ વહી ગઈ રે,
ઊગ્યા ઊગ્યા અગોચરના સૂર;
ત્રણ રે ભુવન રે બાઈ! દષ્ટે પડયાં રે,
મટી ગયું માયા કેરું પૂર. રા. ૧

સરવે તે અંગે રે જાગી સખી સુંદરી રે,
જોવા જાવા જોગેશ્વરનું રૂપ;
કોટિ કંદર્પ રે, બાઈ! ઉદે હવા રે, રા. ૨
નિરખ્યા નિરખ્યા બ્રહ્માદિકના ભૂપ.

અનેક કમળ રે બાઈ! મારે વિકસ્યાં રે,
મધુકર પામ્યો છે કાંઈ મોખ;
નરસૈંયાચો સ્વામી રે બાઈ! મુને તાંહાં મળ્યો રે, રા. ૩
પૂર્યા મારા મન તણા સંતોખ.

## ૩૧

સ્વામીનું સુખ હતું માહરે ત્યાં લગી, જ્યાં લગી હદ હતી રાત કેરી;
સ્વામીના સુખ તણો સ્વાદ ભાગી ગયો, જ્યારે ઓચિંતો ઉદિયો સૂર વેરી. સ્વા. ૧

સૂરના તેજમાં સાવ સમરસ થઈ, સહેજમાં પિયુ મારો ગયો સમાઈ;
પિયુને પગલે હું ખોળવાને ગઈ, પિયુને ખોળતાં હું ખોવાઈ. સ્વા. ૨

એહવા અટપટા ખેલમાં આંખ ઊલટી ફરી, હું તજી, હું રહી હાર ખાઈ;
વાણીમાં અનુભવ એહ આવે નહીં, અનિર્વાચી કહે નિગમ ગાઈ. સ્વા. ૩

અચરજ વાત એ કોઈ માને નહીં, જેહને વીતી હોય તેહ જાણે;
વસ્તુનો સાગર સાવ સમરસ—ભર્યો, નરસૈંયો અણછતો થઈને માણે. સ્વા. ૪

## ૩૨

જે ગમે જગત ગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઉગરે એક ઉદ્વેગ ધરવો. ટેક.

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે, સર્વ એણી પેરે, જોગી જોગેશ્વરા કોઈક જાણે. જે.

નીપજે નરથી તો, કોઈ ન રહે દુ:ખી, શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ, દષ્ટે આવે નહીં, ભવન પર ભવન પર છત્ર દાખે. જે.

ઋતુ લતા પત્ર ફળ ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં, જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પોહોંચે. જે.

સૂખ સંસારિ મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી, નરસૈંયો એમ કહે, જન્મ પ્રતિજન્મ હરિને જ જાચું. જે.

## ૩૩

વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે. વૈ. ૧

સકળ લોકમાં સહુને વંદે નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે. વૈ. ૨

સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરદ્રવ્ય ન ઝાલે હાથ રે. વૈ. ૩

મોહ-માયા લેપે નહિ તેમે, દઢ વૈરાગ્ય તેના મનમાં રે;
રામનામ–શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે. વૈ. ૪

વણલોભી ને કપટરહિત છે, કામ—ક્રોધ જેણે માર્યા રે;
ભણે નરસૈંયો: તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે. વૈ. ૫

## સંદર્ભ ગ્રંથો


૧. નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ —સંપા. ઈચ્છારામ સૂ. દેસાઈ

૨. નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ —સંપા. શિવલાલ જેસલપુરા

૩. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ–ગ્રંથ–૨ —સંપા. ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશવંત શુક્લ

૪. નરસૈં મહેતા–વ્યક્તિત્વ અને કર્તૃત્વ —જેઠાલાલ ત્રિવેદી

૫. નરસિંહ મહેતો (તેનું જીવન, કવન, તેના સમયની સામાજિક સ્થિતિ) —ગજેન્દ્રશંકર પંડ્યા

૬. કૃષ્ણકાવ્ય —હરિવલ્લભ ભાયાણી

૭. નરસિંહ મહેતા અધ્યયન ગ્રંથ —સંપા. રસિક મહેતા, અનંત દવે

૮. નરસિંહ મહેતા–આસ્વાદ અને સ્વાધ્યાય —સંપા. રઘુવીર ચૌધરી

૯. નરસૈંયો ભક્ત હરિનો —ક. મા. મુનશી

૧૦. પરમ ભાગવત મહેતા નરસિંહનું સાચું દર્શન —વૈષ્ણવ શાન્તિપ્રસાદ અને વશરામ માવજી પટેલ

૧૧. (નરસિંહ મહેતાકૃત) આત્મચરિતનાં કાવ્યો —કે. કા. શાસ્ત્રી

૧૨. નરસિંહ મહેતો એક અધ્યયન —કે. કા. શાસ્ત્રી

૧૩. ગુજરાતી સાહિત્ય (મધ્યકાલીન) —અનંતરાય રાવળ

૧૪. જ્ઞાન–ગંગોત્રી ગ્રંથ–શ્રેણી–૨૧ —પ્રકા. સરદાર પટેલ યુનિવર્સિટી

૧૫. લોચન —નરોત્તમ પલાણ

૧૬. નરસિંહચરિત્રવિમર્શ —દર્શના ધોળકિયા

## શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક
## સર્વધર્મ દર્શન પ્રકાશન ટ્રસ્ટ અંતર્ગત

# પ્રાપ્ય પુસ્તકો

### સંતશ્રેણી

| | | | |
|---|---|---|---|
| (૧) | મરમી સંતોનું દર્શન | જયંતિલાલ આચાર્ય | રૂા. ૨૬/– |
| (૨) | જ્ઞાનદેવ | મૃણાલિની દેસાઈ | રૂા. ૨૩/– |
| (૩) | શ્રી આણ્ડાળ | ઉપેન્દ્ર સાંડેસરા | રૂા. ૨૮/– |
| (૪) | સંત તિરુવલ્લુવર અને કુરળ | કાન્તિલાલ કાલાણી | રૂા. ૧૭/– |
| (૫) | સંત દાદુ | અનવર આગેવાન | રૂા. ૧૮/– |
| (૬) | શ્રી રામકૃષ્ણ અને શ્રી વિવેકાનંદ | જ્યોતિ થાનકી | રૂા. ૨૫/– |
| (૭) | શંકરદેવ | ભોગીલાલ સાંડેસરા | રૂા. ૨૫/– |
| (૮) | ગોસ્વામી તુલસીદાસ | મનુભાઈ પંચોળી | રૂા. ૩૨/– |
| (૯) | શાહ અબ્દુલ લતીફ | દશરથભાઈ ઠક્કર | રૂા. ૪૦/– |
| (૧૦) | સંત કબીર | જયેન્દ્ર ત્રિવેદી | રૂા. ૬૦/ |

### ધર્મશ્રેણી

| | | | |
|---|---|---|---|
| (૧) | ખ્રિસ્તી દર્શન | ફાધર વાલેસ | રૂા. ૧૩/– |
| (૨) | તાઓ દર્શન | રમણલાલ સી. શાહ | રૂા. ૧૮/– |
| (૩) | ઈસ્લામ દર્શન | ઈસ્માઈલભાઈ નાગોરી (પુનઃમુદ્રિત) | રૂા. ૪૭/– |
| (૪) | ષડ દર્શન | જયંતભાઈ ઠાકર | (પ્રેસમાં) |

### પ્રાપ્તિસ્થાન

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ફુવારા પાસે, ગાંધી માર્ગ
**અમદાવાદ–૧**

યુનિવર્સિટી પ્રેસ, વલ્લભ વિદ્યાનગર